CMYK

Website : www.rakhewaldaily.com Email : rakhewal@gmail.com

વર્ષ : ૩૪ ● અંક : ૯૬
તા.૧૨-૦૫-૨૦૧૮, શનિવાર
સંવત ૨૦૭૪ વૈશાખ વદ - ૧૨
પાના : ૮ ● કિંમત રૂા.૨-૦૦

સૂર્યોદય : ૦૬:૦૧ સૂર્યાસ્ત : ૦૭:૧૨

તાપમાન: ડીસા ૪૨.૯ | અમદાવાદ ૪૪.૦ | ગાંધીનગર ૪૩.૨ | વડોદરા ૪૧.૪ | સુરત ૩૪.૪ | નલિયા ૩૬.૪

ચાંદી : ૪૦૫૦૦ સોનું : ૩૨૫૦૦

P.R.No. GBK/06/2018-20 RNI No 20508/71 Facebook.com/rakhewal

ઉત્તર ગુજરાતનું પ્રથમ દૈનિક

# રખેવાળ

સંવર્ધક તંત્રી : અમૃતભાઈ શેઠ પો.બો. નં. ૧, માનવ મંદિર - ડીસા, ફોન : ૨૨૦૨૬૪, ૨૨૨૭૬૪ ફેક્સ : (૦૨૭૪૪) ૨૨૦૬૮૪ પાલનપુર ફોન-૨૫૩૦૦૪, અમદાવાદ ફોન. ૨૬૪૦૭૧૪૭ જનસેવાની પરંપરાના ૩૩ વર્ષ...

# કર્ણાટકમાં પ્રતિષ્ઠાના જંગ માટે આજે મતદાન

## ચાર કરોડ ૯૬ લાખ મતદારો ૨૬૫૫ ઉમેદવારોના ભાવિનો ફેંસલો કરશે : શાતિપૂર્ણ મતદાન માટે સાવચેતીના પગલા : ૫૬ હજારથી વધારે મતદાન કેન્દ્ર બનાવાયા

બેંગલોર

અભૂતપૂર્વ સુરક્ષા વ્યવસ્થા અને અનેક પ્રકારની અપેક્ષા વચ્ચે આવતીકાલે કર્ણાટક વિધાનસભાની ચૂંટણી માટે મતદાન યોજાનાર છે. આના માટે તમામ તૈયારી કરી લેવામાં આવી છે. કોઇ પણ અનિચ્છનીય બનાવને ટાળવા માટે પણ તમામ પગલા લેવામાં આવ્યા છે. કર્ણાટક ચૂંટણીમાં ૨૧૦ મહિલા ઉમેદવાર સહિત કુલ ૨૬૫૫ ઉમેદવારો ચૂંટણી મેદાનમાં છે. આ વખતે ૨૪૩૬ પુરૂષ ઉમેદવારો તેમના ભાગ્ય અજમાવી રહ્યા છે. વર્ષ ૨૦૧૩માં ૨૭૮૮ પુરૂષ ઉમેદવારો મેદાનમાં હતા. વર્ષ ૨૦૧૩ની તુલનામાં આ વખતે ૩૫૨ ઉમેદવારો ઓછા છે. આ વર્ષે ચૂંટણી મેદાનમાં રહેલી મહિલા ઉમેદવારોની સંખ્યા ૨૧૯ છે. જે વર્ષ ૨૦૧૩માં ૧૭૦ હતી. છેલ્લી ચૂંટણીમાં મહિલા ઉમેદવારોની સંખ્યા ૪૯ વધારે છે. આ વર્ષે બિનમાન્યતાપ્રાપ્ત રાજકીય પક્ષોના ઉમેદવારોની સંખ્યા ૮૦૦ જેટલી નોંધાઇ છે. જે વર્ષ ૨૦૧૩માં ૮૩૨ હતી. વર્ષ ૨૦૧૮માં ૧૧૫૫ અપક્ષ ઉમેદવારો તેમના ભાગ્ય અજમાવી રહ્યા છે જે સંખ્યા વર્ષ ૨૦૧૩માં ૧૨૨૩ જેટલી હતી. કુલ ૨૨૪ વિધાનસભા સીટ પૈકી ૨૨૩ સીટ માટે મતદાન



આવતીકાલે યોજાનાર છે. એક સીટ પર મતદાન મોકુફ કરવામાં આવ્યુ છે. કારણ કે જયનગરના ભાજપના ઉમેદવાર બીએન વિજય કુમારનુ નિધન થયુ હતુ. કર્ણાટકમાં તમામ ઉમેદવારોના ભાવિનો ફેસલો કરવા માટે ચાર કરોડ ૯૬ લાખ મતદારો ઉત્સુક છે. હાઇ વોલ્ટેજ અને હાઇ પ્રોફાઇલ ચૂંટણી માટે ઝંઝાવતી પ્રચાર કરવામાં આવ્યા બાદ હવે ભાજપ અને કોંગ્રેસ દ્વારા પોતાની રીતે ગણતરી કરવામાં આવી રહી છે. એકબાજુ ભાજપ પ્રમુખ અમિત શાહે દાવો કર્યો છે કે તે એકલા હાથ ૧૩૦ સીટ જીતી જશે. બીજી બાજુ કોંગ્રેસ પાર્ટી પણ આશાવાદી છે. આંકડા દર્શાવે છે કે કર્ણાટક ચૂંટણીમાં ૩૯૧ ઉમેદવારોની સામે અપરાધિક કેસ રહેલા છે. ભાજપના ઉમેદવારોની સામે સૌથી વધારે કેસ છે. ભાજપના ૨૨૪ ઉમેદવારો પૈકીના ૮૩ ઉમેદવારો અથવા તો ૩૭ ટકા ઉમેદવારો કેટલાક અપરાધિક કેસમાં સંડોવાયેલા રહ્યા છે. ભાજપ બાદ બીજા સ્થાન પર કોંગ્રેસ પાર્ટી છે. કોંગ્રેસે ૨૨૦ ઉમેદવારો પૈકી ૫૯ એવા નેતાઓને ટિકિટ આપી છે જેમની સામે અપરાધિક કેસ રહેલા છે. કોંગ્રેસના ૫૯ ઉમેદવારોની સામે અપરાધિક કેસ રહેલા છે. બીજી બાજુ જેડીએસના ૧૯૯ પૈકી ૪૧ સામે અપરાધિક કેસ નોંધાયેલા છે. ચૂંટણી સાથે જોડાયેલા આંકડા દર્શાવે છે કે વર્ષ ૨૦૧૩માં વિધાનસભાની ચૂંટણીની તુલનામાં વર્ષ ૨૦૧૮માં અપરાધિક મામલામાં ફસાયેલા ઉમેદવારોની સંખ્યા ૩૩૪થી વધીને ૩૯૧ થઇ ગઇ છે. એડીઆર દ્વારા કરવામાં આવેલા મુલ્યાંકનની બાબત ઉમેદવારો દ્વારા દાખલ કરવામાં આવેલી એફિડેવિટ પર આધારિત છે. જેમાં ૨૫૬૦ ઉમેદવારો પૈકી ૩૯૧ ઉમેદવારોની સામે અપરાધિક કેસ રહેલા છે.

## વિચાર વૈભવ...

### શિક્ષક અને બાપ

મારા છોકરાને ભણાવવા એક શિક્ષક આવતા હતા. એક દિવસ એ કહે: "તમે પગાર નહીં વધારો, તો કાલથી હું ભણાવવા નહીં આવું."

બીજે દિવસે એ ન આવ્યા, એટલે છોકરો પૂછવા લાગ્યો કે શિક્ષક કેમ ન આવ્યા? મેં કહ્યું, એ આજથી હડતાલ પર ઉતર્યા છે.

છોકરો તો પહોંચ્યો શિક્ષકને ઘેર, અને પાછો આવીને મને કહેવા લાગ્યો કે, "કાં? તમે કહેતા હતા ને શિક્ષક હડતાલ પર ઉતર્યા છે? પણ એ તો એના છોકરાને ભણાવતા હતા! તો પછી મને કેમ નથી ભણાવતા?"

શિક્ષક હડતાલ પાડી શકે છે, બાપ હડતાલ નથી પાડી શકતો.

બીજાઓની હડતાલમાં ને શિક્ષકની હડતાલમાં એ અંતર હોવું જોઈએ કે શિક્ષક કહેશે કે, હું પગાર છોડીશ- કામ નહીં છોડું!

દાદા ધર્માધિકારી

## સાર સમાચાર...

### બ્લેકમની એક્ટ હેઠળ ચિદમ્બરમ સામે ચાર્જશીટ દાખલ

ચેન્નાઇ

ઈન્કમટેક્સ વિભાગે બ્લેકમની એક્ટ હેઠળ પૂર્વ કેન્દ્રીયમંત્રી પી ચિદમ્બરમ, તેમના પત્નિ નલીની, પુત્ર કાર્તિ અને ડોટર ઈનલો શ્રીનિધી સામે ચાર ચાર્જશીટ દાખલ કરી દીધી છે. તેમની વિદેશી સંપત્તિ જાહેર નહીં કરવા બદલ બ્લેકમની એક્ટ હેઠળ તેમની સામે આ ચાર્જશીટ દાખલ કરવામાં આવી છે. ચાર્જશીટ દાખલ કરવામાં આવતાની સાથે જ પૂર્વ નાણામંત્રીની તકલીફ વધારો થયો છે. પ્રોસીક્યુશન ફરિયાદ અથવા તો ચાર્જશીટ બ્લેકમનીની કલમ ૫૦ અને ટેસ્ટ એક્ટ ૨૦૧૫ની જોગવાઈ હેઠળ ચેન્નાઈમાં ખાસ અદાલત સમક્ષ વિભાગ દ્વારા દાખલ કરવામાં આવી છે. નલિની ચિદમ્બરમ, કાર્તિ ચિદમ્બરમ અને શ્રીનિધી ઉપર તેમની સંપત્તિને સંપૂર્ણપણે અથવા તો આંશિકરીતે જાહેર નહીં કરવા બદલ ચાર્જશીટ દાખલ કરવામાં આવી છે. બ્રિટનના કેમ્બ્રિજ ખાતે પણ તેમની એક સંપત્તિ છે જેની કિંમત ૫.૩૭ કરોડની આસપાસની છે. આ ઉપરાંત બ્રિટનમાં જ ૮૦ લાખની અન્ય એક સંપત્તિ પણ છે. ઉપરાંત અમેરિકામાં ૩.૨૮ કરોડની સંપત્તિ રહેલી છે.

## ગતકડું....

- દેવન વ્યાસ



કાળઝાળ ગરમીના કારણે પ્રજાના મગજનો પારો ઉંચે હશે, મતવિસ્તારમાં જવાનું રહેવા દે !

ભાજપ શાસિત પાલિકાના શાસકોની રહેમ નજર હેઠળ

## પાલનપુરમાં માલેતુજારોએ સર્વિસ રોડ ગાયબ કર્યો હોવાની રાવ

### જિલ્લા કલેકટરનો આદેશ છતાં ન્યુ દાગીના શો રૂમ આગળનું દબાણ ન તૂટતાં અનેક તર્ક- વિતર્ક

સંજય જોષી

પાલનપુર

ભાજપ શાસિત પાલનપુર નગર પાલિકાના ભ્રષ્ટ શાશકો એક પછી એક જાહેર સ્થળો ગાયબ કરી ખણખણીયા કમાઇ રહ્યા છે. હદ તો ત્યારે થાય છે કે, જિલ્લા કલેકટર દ્વારા આવા જાહેર સ્થળોએ થયેલા દબાણો તોડવાનો હૂકમ પણ નાણાંના નશામાં મદ આ સત્તાધીશો ધોળીને પી રહ્યા છે. જેની સાબિતી આપતી હકિકત પણ પ્રકાશમાં આવી છે. જ્યાં શહેરના કોઝી વિસ્તારમાં આવેલા શાહિબાગ શોપીગ સેન્ટર આગળ કરવામાં આવેલા દબાણથી સર્વિસ રોડ ગાયબ થઇ ગયો છે. આ દબાણ દૂર કરવા



તત્કાલિન જિલ્લા કલેકટરે દોઢ માસ અગાઉ હૂકમ કર્યો હતો. પરંતુ નગરપાલિકા

અનુસંધાન પાના નં.૬

### લોકસભામાં ભાજપને ભ્રષ્ટાચાર ભારે પડે તેવી વકી

પાલનપુર શહેરના શાહીબાગ વિસ્તારની સીટ નં.૫૭, સી.સ.નં. ૧૩૩૫૨ પ્લોટનં.૩/બી ની ૧૦૭૮ ચો.ફુટ તથા પ્લોટ નં.૩/અ વાળી મિલકતમાં ગેરકાયદેસરનું બાંધકામ થઈ રહ્યું હોવા અંગેની અપીલ બનાસકાંઠા જિલ્લા કલેક્ટર દિલીપકુમાર રાણા સમક્ષ દાખલ કરાઈ હતી. જેમાં જિલ્લા કલેક્ટર દિલીપકુમાર રાણાએ તેઓની સમક્ષ વિવાદી અને પ્રતિવાદીઓની ધારદાર દલીલો ધ્યાને લીધા બાદ આ વિવાદિત બાંધકામને ૩૦ દિવસમાં દૂર કરવાનો આદેશ કરતા ખળભળાટ મચી ગયો છે. જોકે, ભાજપ શાસિત પાલનપુર નગર પાલિકાના રાજમાં ગેરકાયદે બાંધકામોનો રાફડો ફાટ્યો છે. મંજુર થયેલા નકશાથી વિપરીત બાંધકામ અને પાર્કિંગ વિના બાંધકામો થઈ રહ્યા છે. છતાં પાલિકાના જવાબદારો ગાંધારીની ભૂમિકા ભજવી રહ્યા છે. ત્યારે જિલ્લા કલેક્ટર કે નામદાર હાઈકોર્ટે માત્ર બાંધકામો દૂર કરવાના આદેશ આપવાને બદલે આ અંગે પાલિકા સહિતના તંત્રના જવાબદાર અધિકારીઓ અને પદાધિકારીઓ સામે પણ શિક્ષાત્મક પગલાં ભરાય તેવી માંગ જોર પકડી રહી છે.બીજી તરફ સાંસદની ચૂંટણી નજીક આવી રહી છે. ત્યાર ભય વિના ભ્રષ્ટાચાર કરી રહેલા પાલનપુર નગરપાલિકાના ભાજપના ભ્રષ્ટ સત્તાધીશોના પાપે પાલનપુર વિસ્તારમાં ભાજપને મતોનું મોટુ નૂકશાન થશે તેવું પણ રાજકીય અભ્યાસુઓ જણાવી રહ્યા છે.

## રાજયમાં આગઝરતી ગરમી : પારો ૪૪એ પહોચ્યો

અમદાવાદ

અમદાવાદ શહેરમાં આજે આગઝરતી ગરમીનો અનુભવ સતત બીજા દિવસે થયો હતો. સવાર થતાંની સાથે જ ૧૦ વાગ્યા બાદ તીવ્ર ગરમીનો અનુભવ લોકો કરવા લાગી ગયા હતા. બપોરે ગરમ હવાના કારણે લોકો ત્રાહિમામ પોકારી ગયા હતા. તંત્ર તરફથી પણ બિનજરૂરી રીતે લોકોને બહાર ન નિકળવા માટે સૂચના આપી દેવામાં આવી છે. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન તરફથી હિટવેવ એક્શન પ્લાનના સંદર્ભમાં કેટલીક સૂચનાઓ પણ જારી કરવામાં આવી ચુકી છે. આજે અમદાવાદ શહેરમાં પારો વધીને ૪૪ ઉપર પહોંચી હતો. હતો જ્યારે સુરેન્દ્રનગરમાં મહત્તમ તાપમાન ૪૪.૩ ડિગ્રી રહ્યું હતું. રાજયમાં આ બે જગ્યાઓ સિવાય અન્ય જગ્યાઓ ઉપર મહત્તમ તાપમાન ૪૦થી ૪૩ ડિગ્રીની વચ્ચે રહ્યું હતું.

## બનાસકાંઠા જિલ્લાના પશુધન માટે રાજય સરકાર દ્વારા ૬ લાખ કિલ્લોગ્રામ ઘાસની ફાળવણી





### ઘાસની ૧૨ ટ્રકોનું બનાસકાંઠામાં આગમન : નવ ટ્રકો પહોંચવાની તૈયારીમાં

પાલનપુર

બનાસકાંઠા જીલ્લાની ગૌ શાળાઓ અને પાંજરાપોળો માટે સરકાર દ્વારા કુલ ૬ લાખ કી.ગ્રા. ઘાસ આપવામાં આવશે. જે પૈકી જીલ્લામાં ૧૨ ટ્રકો ઘાસની આવી ગઈ છે તેમજ તે ઘાસ ગૌ શાળાઓ અને પાંજરાપોળોને આપવામાં આવ્યું છે. ૯ જેટલી ટ્રકો રસ્તામાં છે તેમજ પુરવઠો પુરો થાય ત્યાં સુધી ઘાસની ટ્રકો આવ્યા કરશે. ઘાસ મળતાં બનાસકાંઠા જીલ્લાની ગૌ શાળાઓ અને પાંજરાપોળોના સંચાલકોએ સંતોષ વ્યક્ત કર્યો છે. થરાદ તાલુકાના મહાજનપુરા પાંજરાપોળના સંચાલક વસંતભાઈ દોશીએ પ્રતિભાવ વ્યક્ત કરતાં જણાવ્યું કે, સરકાર દ્વારા અમારી પાંજરાપોળને બે ટ્રક ઘાસ મળ્યું છે જે ઘાસ સારૂ છે. તેમણે કહ્યું કે, આ ઘાસ અમે ગાયોને બે વખત નિરણ કર્યુ છે તેને ગાયોએ આરોગ્યુ છે. તેમણે સરકારનો આભાર વ્યક્ત કર્યો હતો. ઉલ્લેખનીય છે કે, બનાસકાંઠા જિલ્લાના કલેકટર સંદીપ સાંગલેએ જિલ્લાની ગૌશાળાઓ અને પાંજરાપોળોને સરકારના નિયમ મુજબ ઘાસચારા અને પાણીની સહાય આપવા પ્રતિબધ્ધતા વ્યક્ત કરી છે. તેઓએ જણાવ્યું કે, બજારમાં જે ઘાસ પ્રતિ કિલોના

અનુસંધાન પાના નં.૬

# પાટણ જિલ્લામાં જળસંચયના ૧૯૬૦ કામો થશે : રૂપાણી

### પાટણના રામણદા ગામે મુખ્યમંત્રીએ તળાવ ઉંડા કરવાનો પ્રારંભ કરાવ્યો : મુખ્યમંત્રી બળદગાડામાં બેસી સ્ટેજ પર પહોંચ્યા

પાટણ

પાટણ તાલુકાના રામણદા ગામે તળાવ ઉંડા કરવાનો પ્રારંભ કરાવતા રાજ્યના મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું રાજ્ય સરકાર દ્વારા હાથ ધરવામાં આવેલ સુજલામ સુફલામ જળ સંચય અભિયાન દેશનું સૌથી મોટુ જળસંચય અભિયાન બની રહ્યુ છેત્યારે જળસંચયના આ અભિયાનમાં લોકોએ સો કરોડ રૂપિયાનો ફાળો આપ્યો છે. આ પ્રસંગે મુખ્યમંત્રીશ્રીએ ૧૧ તળોવો ઉંડા કરવા માટે ૧૧ જે.સી.બીને રામણદા ગામથી લીલીઝંડી આપી પ્રસ્થાન કરાવ્યું હતું.

મુખ્યમંત્રીએ જણાવ્યું હતું કે રાજ્યમાં પાણીની સમસ્યા હવે ભુતકાળ બની જશે અને ગુજરાત પાણીદાર ગુજરાત બનશે. આ પ્રસંગે રામણદા ગામે પોતાના લગ્ન માટે જાનલઈ જઈ રહેલા યુવાનશ્રી રવિરાજે રામણદા તળાવમાં શ્રમદાન કર્યું હતું પછી લગ્ન મંડપમાં ગયા હતા.તે માટે



રવિરાજને ખાસ જાહેરમાં અભિનંદન આપી બિરદાવ્યા અને મુખ્યમંત્રીશ્રી આને પ્રેરણાદાયી કામ ગણાવી આમાંથી પ્રેરણાલેવા સૌને જણાવ્યું હતું. જળ અભિયાનને ઈશ્વરીય કાર્ય છે. તેમાં જનઅભિયાન જોડાય તે માટે અપીલ કરી હતી.

મુખ્યમંત્રીએ પાટણ જિલ્લાના જળસંચય અભિયાન ની માહિતી આપતાં જણા વ્યું હતું કે, પાટણ જિલ્લામાં જળ સંચયના ૧૯૬૦ કામો થવાના છે.જેમાં કુલ ૧૨૮૦૭૯૨ ઘનમીટર ખોદકામ થવાનું છે. આ ખોદકામ થવાથી જિલ્લામાં ૧૪૩૩૫૯૨ ઘનમીટર પાણીનો સંગ્રહ થવાનો છે.જિલ્લામાં અંદાજીત રૂ. ૯૧૪ લાખથી વધુ રૂપિયાના કામો થવાના છે.

પાટણ જિલ્લામાં ૧૦૨ તળાવો ઉંડા કરવા, ૨૯ ચેકડેમો,મનરેગા હેઠળ ૬૯ તળાવો અને નર્મદા યોજના તળેરૂ. ૮૬૫ લાખના ખર્ચે નહેરોની સફાઇ થવાની છે. જિલ્લામાં રૂપેણ નદીને રૂ. ૩૩.૨૬ લાખના ખર્ચે પુનઃજીવીત કરવાની છે.

મુખ્યમંત્રીએ મોટા રામણદા અને નાના રામણદા ગામે આવેલ તળાવની સંગ્રહ શક્તિ૧૨.૨૫ લાખ ઘનફુટ છે. જેનું ૧૨ હજાર ઘનમીટર ખોદકામ થવાનું છે. આ તળાવના કામમાં ૦૭ જે.સી.બી અને ૨૦ ટ્રેકટરો કામે લાગ્યા છે.તળાવનું કામ પુર્ણ થયે ૪.૨૪ લાખ ઘનફુટ પાણીનો સંગ્રહ થવાનો છે.

મુખ્યમંત્રીનું વિવિધ સામાજિક સંસ્થાઓ,ધાર્મિક સંસ્થાઓ,સંગઠનો,

અનુસંધાન પાના નં.૬


### દુ:ખદ અવસાન / બેસણું



ધાનેરા નિવાસી અમારા મોટાભાઈ/પિતા સ્વ. ઠક્કર દિપચંદભાઈ મહાદેવભાઈનું તા.૦૩/૦૫/૨૦૧૮ ગુરૂવારના રોજ દુ:ખદ અવસાન થયેલ છે. સ્વર્ગસ્થનું બેસણું તા.૧૩/૦૫/૨૦૧૮ રવિવાર સાંજે ૪ થી ૬ કલાકે રાખેલ છે.

સ્થળ : જલારામ અર્બુદા હોસ્ટેલ, મોદી સમાજની વાડી, નેનાવા રોડ, ધાનેરા

લિ.
ઠક્કર વિવેક દિપચંદભાઈ (પુત્ર)
ઠક્કર કુંજન દિપચંદભાઈ (પુત્ર)
ઠક્કર દશરથભાઈ મહાદેવભાઈ (ભાઈ)
ઠક્કર જયંતીભાઈ મહાદેવભાઈ (ભાઈ) પાલનપુર
ઠક્કર અશોકભાઈ મહાદેવભાઈ (ભાઈ)

ફર્મ :- આશાપુરા / જલારામ/ હીંગળાજ કટલેરી, ધાનેરા

### વાઈબ્રન્ટ સ્કૂલ ઓફ સાયન્સ,

ડીસાનો વિધાર્થી ધો.૧૨ સાયન્સના વિષયોમાં ડીસા કેન્દ્રમાં પ્રથમ સ્થાને



પટેલ ગુંજન જયેશભાઈ : ૯૯.૬૭

ધો.૧૨ સાયન્સના વિષયોમાં ડીસા કેન્દ્રમાં પ્રથમ સ્થાને તેમજ ગુજકેટમાં ૧૨૦ ગુણમાંથી ૧૦૬.૭૫ માર્કસ અને ૯૯.૭૮ સાથે ડીસા કેન્દ્રમાં પ્રથમ સ્થાને

| | |
|---|---|
| પટેલ અનુજા નરેશભાઈ | : ૯૯.૧૨ |
| ચૌહાણ ભાવિક ગીરીશભાઈ | : ૯૮.૯૩ |
| નંદરામાણી રજની યશવંતભાઈ | : ૯૮.૫૭ |
| નંદરામાણી દિવ્યા કમલકુમાર | : ૯૫.૧૬ |
| ઠક્કર જય કમલેશભાઈ | : ૯૪.૪૯ |
| ભાકોદરા શીવરામ રૂપસિંહજી | : ૯૩.૬૦ |
| ભોજવાણી પ્રવિણ જીતેન્દ્રભાઈ | : ૯૧.૫૮ |
| સોલંકી મહેન્દ્ર પરેશકુમાર | : ૯૧.૪૪ |
| ગોઠડીયા અરવિંદજી મુકેશજી | : ૯૧.૪૩ |
| મોઢ ધ્રુવિલ કમલેશકુમાર | : ૯૦.૧૬ |

વાઈબ્રન્ટ સ્કૂલ ઓફ સાયન્સ પરિવાર શુભેચ્છાઓ પાઠવે છે.


CMYK

સૂર્યોદય - ૬.૦૧ સૂર્યાસ્ત - ૭.૧૨

## તિથિદર્શન

વૈશાખ વદ-૧૨ શનિવાર ૨૦૭૪




વિક્રમ સંવત : ૨૦૭૪, શા.શકે-૧૯૩૯, નામ સંવત્સર :હેમલંબી નામ વીર જૈન સંવત ૨૫૪૪ વૈશાખ વદ : બારસ શનિવાર નક્ષત્ર:ઉત્તર ભાદ્રપદ બપોરે ૧.૫૨ પછી રેવતી યોગ :વિષ્કુંભ કરણ: કૌલવ આજે જન્મેલા બાળકની રાશી મીન (દ.ચ.ઝ.થ.) અક્ષરો ઉપર પાડવું શાસ્ત્રોક્ત છે.

- જ્યોતીષી બંસીલાલ એચ.લોધા

## ચિંતન

- સુરેશ પ્રા.ભટ્ટ

**રાજાનમેવ સંશ્રિત્ય વિદ્વાન યાતિ પૂરાં ગતિમ ।**
**વિના મલયમન્યત્ર ચંદન ન પ્રરોહતિ ॥**

રાજાની કૃપા અને રાજ્યાશ્રયનું મહત્ત્વ છે: રાજાનો આશ્રય લઈને જ વિદ્વાન માણસ પરમગતિને પામે છે, મલય પર્વતને છોડીને ચંદન અન્યત્ર થતું નથી, વિકાસ પામતું નથી. કહેવાય છે અને વ્યવહારમાં દેખાય પણ છે કે વૃક્ષ વિના વેલો ચઢતો નથી, જમીન પર જ પથરાયેલો પડ્યો હોય છે, ઈન્ટરવ્યુ આવે, પ્રવેશ મેળવવો હોય, અરે 'હોસ્પિટલ' નો પ્રસંગ પડે ત્યારે સૌ પ્રથમ લોકો 'છેડા' શોધતા લાગે છે. ક્યાંક- કોઈની ઓળખાણ ભલામણનો લાભ' મળી જાય તો કામ ઓછી મહેનતે સરળ થઈ જાય છે. આજનાં યુગમાં 'ટેલેન્ટ' તો બધામાં હોય છે. તેને યોગ્ય માર્ગદર્શન, સાથે કોઈ આધાર- ટેકો આર્થિક કે સામાજીક મળી જાય તો તેની ટેલેન્ટની વિકાસ થાય અને ઝળકી ઊઠે. આજના જમાનામાં સરકાર દ્વારા શિષ્યવૃત્તિઓ, તાલીમ અને માર્ગદર્શન દ્વારા 'ટેલેન્ટ' ને પિછાની પુરસ્કૃત કરવામાં આવે છે. 'અનામત' દ્વારા પણ ખાસ રાજ્યાશ્રય આપવામાં આવે છે.

સંગીતકારો- સાહિત્યકારોને પ્રોત્સાહન આપવા સરકાર એકેડમી બનાવે છે અને અનેક યોજનાઓ દ્વારા તેમને મદદરૂપ થવા, સરકાર પ્રયત્ન કરે છે પ્રાચીન રાજાઓ તો 'સર્જનાત્મક' પ્રવૃત્તિ માટે આવા કલાકાર- સર્જકોને દરબારમાં 'રત્ન'ની જેમ સાચવતાં હતા. આજે પણ એવોર્ડ- રિવોર્ડ દ્વારા મહત્તા સચવાય છે. રાજ્યાશ્રય વિના ઉધ્ધાર થતો નથી.

## આપની આજ

- કનકચંદ્ર છગનલાલ વ્યાસ

**મેષ : (અ.લ.ઈ.) આર્થિક સમસ્યા હળવી બને. નવિન યોજનાઓ પાર પાડી શકશો.**
**વૃષભ : (બ.વ.ઉ.) માનસિક અશાંતિ રહે. ખોટા ખર્ચનું ભોગ બનવું પડે.**
**મિથુન : (ક.છ.ઘ.) રચનાત્મક કાર્યમાં સફળતા મળે. ધીરજના ફળ મીઠા મળે.**
**કર્ક : (ડ.હ.) પુરૂષાર્થનું ફળ મેળવી શકશો. પ્રિયજનથી મિલન-મુલાકાત સફળ બને.**
**સિંહ : (મ.ટ.) મહત્વના કાર્યમાં સફળતા મળે. આર્થિક લાભ માટે સાનુકૂળ તક.**
**કન્યા : (પ.ઠ.ણ.) યાત્રા પ્રવાસના યોગ છે. અટકી-અટકીને કાર્ય પૂર્ણ થાય.**
**તુલા : (ર.ત.) માનસિક તનાવ દૂર થાય. કૌટુંબિક સમસ્યા હળવી બને.**
**વૃશ્ચિક : (ન.ય.) વિલંબ બાદ કાર્ય સફળતા મળે. ગૃહસ્થી જીવનમાં આનંદ રહે.**
**ધન : (ભ.ફ.ધ.) વાહનથી સંભાળવું હિતાવહ. લાભની તક ઠગારી નીવડે.**
**મકર : (ખ.જ.) ગૃહવિવાદ. આવક કરતા જાવકનું પાસું વિશેષ રહે.**
**કુંભ : (ગ.શ.સ.) જીવનસાથીથી વિશેષ સ્નેહ રહે. આર્થિક લાભ મેળવવા વધુ પરિશ્રમ કરવો પડે.**
**મીન : (દ.ચ.જ.થ.) આવકવૃધ્ધિના સંજોગો ઉજળા છે. પ્રતિસ્પર્ધિઓથી સાવધ રહેવું હિતાવહ.**

## આજનો દિન મહાન

- યશવંત કડીકર

'દયાની દેવી' અને 'લેડી વીથ ધ લેમ્પ' જેવાં સન્માનનીય વિશેષણોથી જેમને જગતભરના દેશોએ નવાજ્યા છે, તે વિશ્વસેવિકા સન્નારી લોરેન્સ નાઈટિંગેઈલનો જન્મદિવસ છે.

એમનો જન્મ તા. ૧૨/૫/૧૮૨૦ના રોજ ઈંગ્લેન્ડમાં થયો હતો. 'વિશ્વની સર્વોત્તમ પરિચારિકાનો મરણોત્તર એવૉર્ડ જો આપવો હોય તો એમને જ આપી શકાય એવું અભૂતપૂર્વ સેવાકાર્ય કરીને નર્સના વ્યવસાયને સામાજિક ક્ષેત્રે મોભો અપાવનાર લોરેન્સ નાઈટિંગેઈલનું નામ સુવર્ણાક્ષરે અંકિત થયેલું છે. આ મહાન સેવિકા અને દયાની દેવીનું તા. ૧૩/૮/૧૯૧૦ના રોજ અવસાન થયું.

**તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક - તરૂણ એ. શેઠ**
માનવમંદિર, ડીસા. ફોન : ૨૨૦૨૬૪/ ૨૨૨૭૬૪
મુદ્રક : રખેવાળ પ્રિન્ટીંગ પ્રેસ, માનવ મંદિર, ડીસા
અમદાવાદ ઓફીસ :- ૧૦૩, અશ્વમેઘ એવન્યુ, મીઠાખળી ફોન ૨૬૪૦૭૧૪૭,મો.૯૪૨૯૧ ૨૨૧૦૫,
પાલનપુર ઓફીસઃ- ૧૧૭, એરોમા આર્કેડ, જીલ્લા પંચાયત સામે, ફોન- ૨૫૩૦૦૪ મો.૯૪૨૬૯૪૮૫૪૬

**'રખેવાળ' દૈનિકમાં પ્રસિદ્ધ થતા તમામ સમાચાર, લેખો અથવા પ્રસિદ્ધ થતી કોઈપણ માહિતી કોઈપણ જાતના પૂર્વગ્રહ અથવા દ્વેષભાવ વગર માત્ર જનજાગૃતિના ઉદ્દેશ્યથી પ્રસિદ્ધ કરવામાં આવે છે. તેમ છતાં પ્રસિદ્ધ થયેલ માહિતી કે સમાચાર માટે કોઈને પણ ફરીયાદ હોય તો તે બાબતે આધાર-પુરાવા સાથે ડીસા કાર્યાલયનો સંપર્ક કરવો વાદવિવાદ, કે કાનુની પ્રક્રિયા માટેનું ન્યાયક્ષેત્ર ડીસા રહેશે.**

ISO 9001 : 2015 CERTIFIED
॥ રોકાણકારોની શ્રધ્ધા અતૂટ.... અમે વિશ્વાસનું પ્રતિક ॥
ઇન્વેસ્ટમેન્ટ પોઇન્ટ
www.Investmentpoint.in
Stock Market Trading Consultancy
નિખિલ ભટ્ટ
Research Analyst - SEBI
+91 99793 80808
hellonikhilbhatt@gmail.com

## તા.૧૪.૦૫.૨૦૧૮ ના રોજ સ્ટોક માર્કેટ ટ્રેડીંગ સંદર્ભે....

**નિફ્ટી ફ્યુચર ૧૦૮૮૮ પોઈન્ટ મહત્વની સપાટી ....!!!**

**તા. ૧૧.૦૫.૨૦૧૮ ના રોજ નિફ્ટી ફ્યુચર બંધ ભાવ જ ૧૦૮૧૫ પોઈન્ટ :-**

**આગામી સંભવિત નિફ્ટી ફ્યુચર ૧૦૭૬૦ પોઈન્ટના પ્રથમ અને ૧૦૭૩૩ પોઈન્ટના અતિ મહત્વના સ્ટ્રોંગ સ્ટોપલોસે ટ્રેડીંગ સંદર્ભે ૧૦૮૪૮ પોઈન્ટ થી ૧૦૮૬૦ પોઈન્ટ, ૧૦૮૮૮ પોઈન્ટની અતિ મહત્વની સપાટીને સ્પર્શી શકે તેવી સંભાવના ધરાવે છે. નિફ્ટી ફ્યુચરમાં ૧૦૮૮૮ પોઈન્ટ આસપાસ સાવધાનીપૂર્વક પોઝિશન બનાવવી....!!!**

**તા. ૧૧.૦૫.૨૦૧૮ ના રોજ બેન્ક નિફ્ટી ફ્યુચર બંધ ભાવ જ ૨૬૪૧૫ પોઈન્ટ :-**

**આગામી સંભવિત બેન્ક નિફ્ટી ફ્યુચર ૨૬૬૪૬ પોઈન્ટના પ્રથમ અને ૨૬૮૦૮ પોઈન્ટના અતિ મહત્વના સ્ટ્રોંગ સ્ટોપલોસે ટ્રેડીંગ સંદર્ભે ૨૬૩૭૩ પોઈન્ટ થી ૨૬૩૩૦ પોઈન્ટ, ૨૬૨૬૦ પોઈન્ટ ની અતિ મહત્વની સપાટીને સ્પર્શી શકે તેવી સંભાવના ધરાવે છે. ૨૬૮૦૮ પોઈન્ટ આસપાસ સાવધાનીપૂર્વક પોઝિશન બનાવવી....!!!**

## હવે જોઈએ અંગત અભિપ્રાયરૂપી ફ્યુચર સ્ટોક...

**RPP ઇન્ફ્રા (૨૬૦) :- ઇન્ફ્રા ગ્રુપ ની અગ્રણી આ કંપનીના શેરનો ભાવ હાલમાં રૂ.૨૪૬ આસપાસ પ્રવર્તી રહ્યો છે. રૂ.૨૩૩ ના સ્ટોપલોસથી ખરીદવાલાયક આ સ્ટોક ટૂંકા સમયગાળે રૂ.૨૭૭ થી રૂ.૨૮૯ નો ભાવ નોંધાવે તેવી શક્યતા છે....!! રૂ.૨૯૩ ઉપર તેજી તરફી ધ્યાન...!!!**

**ડેટામેટ્રિક્સ ગ્લોબલ (૧૨૩) :- ટેકનીકલ ચાર્ટ મુજબ રૂ.૧૧૨ આસપાસ પોઝીટીવ બ્રેકઆઉટ..!!! રૂ.૧૦૮ ના સપોર્ટથી ખરીદવાલાયક આ સ્ટોક રૂ.૧૩૪ થી રૂ.૧૪૦ નો ભાવ નોંધાવે તેવી સંભાવના છે...!!!**

**ગાયત્રી પ્રોજેક્ટ (૨૦૮) :- રૂ.૧૯૬ નો પ્રથમ તેમજ રૂ.૧૮૭ ના બીજા સપોર્ટથી રિઆલીટી સેક્ટરનો રોકાણલક્ષી આ સ્ટોક રૂ.૨૧૭ થી રૂ.૨૨૭ સુધીની તેજી તરફી રુખ નોધાવશે....!!!**

**SPML ઇન્ફ્રા (૧૧૮) :- ઇન્ફ્રા સેક્ટર નો આ સ્ટોક ટૂંકા ગાળે ટ્રેડીંગલક્ષી રૂ.૧૨૭ થી રૂ.૧૩૫ ના ભાવની સંભાવના ધરાવે છે.!! અંદાજીત રૂ.૧૦૩ નો સ્ટોપલોસ ધ્યાને લેવો....!!!**

**એગ્રીટેક ઈન્ડિયા લિ (૧૨૮) :- રૂ.૧૦ ની ફેસવેલ્યુ ધરાવતા ફન્ડામેન્ટલ સ્ટ્રોંગ આ સ્ટોક રૂ.૧૧૨ ના સ્ટોપલોસ આસપાસ ખરીદવાલાયક એગ્રીકલ્ચર સેક્ટર ના આ સ્ટોકમાં તેજી તરફી રૂ.૧૩૬ થી રૂ.૧૪૨ આસપાસ નફાલક્ષી ધ્યાન ઉત્તમ....!!!**

**હેવલ્સ ઈન્ડિયા (૫૫૦) :- ટેકનીકલ ચાર્ટ મુજબ ઇલેક્ટ્રિક ઇક્વીપમેન્ટ સેક્ટર નો આ સ્ટોક રૂ.૫૭૭ આસપાસ નફારૂપી વેચવાલી થકી રૂ.૫૨૭ થી રૂ.૫૧૬ ના ટાર્ગેટ ભાવની શક્યતા ધરાવે છે. ટ્રેડીંગલક્ષી રૂ.૫૮૧ નો સ્ટોપલોસ ધ્યાને લેવો....!!!**

**જસ્ટ ડાઈલ (૪૨૧) :- રૂ.૪૩૭ આસપાસ ઓવરબોટ પોઝીશન નોંધાવતા આ સ્ટોક રૂ.૪૪૬ ના સ્ટોપલોસે વેચવાલાયક....!! તબક્કાવાર રૂ.૪૦૪ થી રૂ.૩૯૦ નો ભાવ દર્શાવે તેવી સંભાવના છે....!! રૂ.૪૪૮ ઉપર તેજી તરફી ધ્યાને લેશો....!!!**

**લ્યુપિન લિમિટેડ (૭૫૩) :- ફાર્મા સેક્ટરનો આ સ્ટોક છેતરામણા ઉછાળે રૂ.૭૭૪ ના સ્ટોપલોસથી વેચાણલાયક...!! પ્રત્યાઘાતી ઘટાડે રૂ.૭૪૩ થી રૂ.૭૩૪ ના ભાવની સપાટી આસપાસ નફો બુક કરવો....!!!**

**બેન્ક ઓફ બરોડા (૧૪૨) :- ટેકનીકલ ચાર્ટ મુજબ બેન્ક સેક્ટરનો આ સ્ટોક રૂ.૧૫૩ આસપાસ નફારૂપી વેચવાલી થકી રૂ.૧૩૦ થી રૂ.૧૨૭ ના ટાર્ગેટ ભાવની શક્યતા ધરાવે છે. ટ્રેડીંગલક્ષી રૂ.૧૬૧ નો સ્ટોપલોસ ધ્યાને લેવો....!!!**

**અજંતા ફાર્મા (૧૦૬૦) :- રૂ.૧૦૭૭ આસપાસ ઓવરબોટ પોઝીશન નોંધાવતા આ સ્ટોક રૂ.૧૦૯૩ ના સ્ટોપલોસે વેચવાલાયક આ સ્ટોક તબક્કાવાર રૂ.૧૦૪૭ થી રૂ.૧૦૩૩ નો ભાવ દર્શાવે તેવી સંભાવના છે....!!! રૂ.૧૦૯૭ ઉપર તેજી તરફી ધ્યાને લેશો...!!!**

ખાસ નોંધ : - ડિસ્ક્લેમર / પોલીસી / શરતો www.nikhilbhatt.in ને આધીન...!!!

# ડીસા પંથકમાં ૪૨.૯ ડીગ્રી ગરમીથી જનજીવન પ્રભાવિત


નરસિંહ દેસાઈ

પ્રતિ. વડાવળ

ગુજરાતભરમાં છેલ્લા બે દિવસથી ફરી ગગનમાંથી અગનવર્ષા થઈ રહી હોય તેમ ગરમીનો પારો સતત ઉંચકાઈ રહ્યો છે શુક્રવારે ડીસા પંથકમાં ગરમીનો પારો ૪૨.૯ ડીગ્રીને આંબી જતા લોકો તોબા પોકારી ઉઠ્યા હતા છેલ્લા બે દિવસથી એકાએક ગરમીનો પારો ઉંચકાતાની સાથે સમગ્ર પંથક અગન ભઠ્ઠામાં ફેરવાઈ ગયું છે વધતી જતી ગરમીના કારણે ડી-હાઈડ્રેશનના કેસો પણ વધતા જોવા મળ્યા હતા તો વળી નાના ભુલકા, વૃધ્ધો, અબોલ જીવો અને પક્ષીઓની સ્થિતિ વધુ દયનીય બની ગઈ છે ગરમીના કારણે બપોરના સમયે રસ્તા ઉપર કરફ્યું જેવો માહોલ જોવા મળ્યો હતો ત્યારે લોકોએ બપોરના સમયે બહાર નીકળવાનું ટાળ્યું હતું ખાસ પ્રસંગમાં લોકોને જવાનું થતું હોય તો પણ સવાર સાંજે જવાનું વધારે પસંદ કરતા હોય છે બપોરના સમયે લોકોએ ફરજીયાત આરામ કરવાનું રાખ્યુ હતું સૂર્યનારાયણે રૌદ્ર સ્વરૂપ ધારણ કરતા સમગ્ર પંથક અગનભઠ્ઠામાં શેકાયુ છે.

ડીસા સહિત જિલ્લામાં સોમવારના ૩૮ ડીગ્રી તાપમાન નોંધાયું હતું જેથી લોકોને ગરમીથી આંશિક રાહત મળી હતી પણ ત્યારબાદ ૩ થી ૫ ડીગ્રી જેટલું તાપમાન વધતા રીતસરના લોકો અકળાઈ ઉઠયા છે વધતી જતી ગરમીથી પ્રાણીઓ અબોલ જીવો - પક્ષીઓની હાલત વધારે દયનીય બની હતી. અબોલજીવો ગરમીમાં તરસ છીપાવવા માટે ફોફાં મારતા જોવા મળ્યા હતા. વહેલી સવારે ૧૦ વાગ્યાથી આકાશમાંથી અગનવર્ષા ચાલુ થઈ જતાં મોડી રાત સુધી ગરમીનું રૌદ્ર સ્વરૂપ જોવા મળી રહ્યું છે. ત્યારે શુક્રવારના રોજ ડીસામાં મહત્તમ તાપમાનનો પારો ૪૨. ૯ ડીગ્રી જયારે મહત્તમ તાપમાન ૨૭.૯ ડીગ્રી નોંધાયું હતું.

# પાલનપુર સેવાભાવી તબીબ દ્વારા ૫૧ બાંકડાનું વિતરણ

પાલનપુર

ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદીના સ્વચ્છ ભારત અભિયાનના સંકલ્પ અંતર્ગત બનાસકાંઠાના જાણીતા સેવાભાવી તબિબ અને બનાસકાંઠા સ્વચ્છ ભારત અભિયાનના એમ્બેસેડર ડૉ. સુરેન્દ્ર ગુપ્તા દ્વારા જાહેર સ્થળોએ લોકોને વિસામો મળી રહે તેવા શુભ આશય સાથે સ્વચ્છતાના સુત્રો લખેલ ૫૧ બાંકડા તૈયાર કરાવવામાં આવ્યા હતાં. આ સંદર્ભે તેમના સુપુત્ર નિર્દોષ ગુપ્તા (આસી.કમિશ્નર-ટ્રાયબલ ડેવલોપમેન્ટ, ગુજરાત સરકાર) ના વરદ હસ્તે આ ૫૧ બાંકડાઓનું વિતરણ કરવામાં વિતરણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે બનાસકાંઠાના વિવિધ ગામોના સેવાભાવી નાગરીકોએ ઉપસ્થિત રહી આ સેવાકાર્યને બિરદાવ્યું હતું.

# થરાદમાં પાણી પુરવઠા વિભાગ દ્વારા પાઇપલાઇનનું સમારકામ હાથ ધરાયું

(પ્રતિ.) થરાદ

થરાદ શહેરના ચાર રસ્તા પાસે સતત સાત દિવસથી પાણી પુરવઠાની લાઇનમાં ભંગાણ પડવાના કારણે અવિરત હજારો લિટર પાણી વેડફાઇ રહ્યું હતું. પરંતુ પાણી પુરવઠા વિભાગની તેને પૂર્વવત કરવાની બેદરકારી જોવા મળી રહી હતી. આખરે શુક્રવારે સવારથી પાણી પુરવઠા વિભાગ દ્વારા તેના કાયમી નિરાકરણની કામગીરી હાથ ધરવામાં આવી હતી.જેમાં જેસીબી મશીન સાથે આવેલા વહીવટીતંત્ર એ દેવપુરાથી આવતી અને થરાદ ચાર રસ્તાથી અંબિકાનગર સંપ અને સાંચોર હાઈવે તરફ ફાટકતી ટી આકારની પાઇપ લાઈન વચ્ચેથી કાપી બુચ મારવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી. આ માટે દેવપુરા થી થરાદ સુધી ની પાઈપલાઈન ખાલી કરવી જરૂરી હોઈ ચારરસ્તા પાસે મોટો ખાડો કરી તેમાંથી ફાયટર મશીન વડે પાણી નો નિકાલ કરવામાં આવ્યો હતો. ત્યારબાદ ગેસ કટરથી પાઇપ કાપીને તેને એક છેડેથી બંધ કરવામાં આવી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે છાસવારે ખોટવાતી આ લાઈનમાં છેલ્લા સાત દિવસથી અવિરત પાણીનો બગાડ થઈ રહ્યો હતો. પાણીના બગાડના અહેવાલને ગંભીરતાથી લઇને થરાદના નાયબ કલેકટર એ.કે. કલશરીયા દ્વારા પાણી પુરવઠા વિભાગને તાકીદની સૂચના કરવામાં આવી હતી.

# જુનાડીસા ગ્રામ પંચાયત દ્વારા વેરા વસુલાત ઝૂંબેશ



જુનાડીસા

ડીસા તાલુકાની જુનાડીસા ગ્રામ પંચાયત દ્વારા પુરજોશમાં હાથ ધરાયેલી વેરા વસુલાત ઝુંબેશમાં બે દિવસમાં જ એક લાખ રૂપિયાની માતબર રકમની વેરા વસુલાત કરી હતી. તાલુકા વિકાસ અધિકારી ની સુચના મુજબ તાલુકાના સૌથી મોટા ગામ જુનાડીસાની યુવા પંચાયત બોડી દ્વારા અગાઉ આકારણી ઝુંબેશ સફળ બનાવી હતી. ત્યારબાદ સરપંચ બબાભાઈ દેસાઈની આગેવાની હેઠળ હાલમાં હાઈવે વિસ્તારમાં તલાટી ઓરાસીયા અને ડે. સરપંચ ફારૂકભાઈ દાણી (ઘાસુરા) તથા તમામ પંચાયત કમીટી સભ્યો અને સ્ટાફ દ્વારા સવારે ૮ થી ૧૨ વાગ્યા સુધી વેરા વસુલાત ઝુંબેશ હાથ ધરાઈ છે. જેમાં ઘરે - ઘરે ફરીને બાકી વેરો ઉઘરાવવામાં આવી રહ્યો છે. તેથી માત્ર બે દિવસમાં એક લાખ રૂપિયા જેટલી માતબર રકમની વેરા વસુલાત થવા પામી છે. આ ઝુંબેશ આખા ગામમાં ચાલનાર છે. જેમાં રહીશોને સાથ અને સહકાર આપવા સરપંચે અનુરોધ કરી વેરા વસુલાતના નાણાં પંચાયતના ખર્ચ સહિત રહીશોને પ્રાથમિક સવલતો માટે વપરાશે તેમ જણાવ્યું હતું.

# થરાદના શિવનગરમાં નાગણેશ્વરી માતાજીના મંદિરના પ્રાણ-પ્રતિષ્ઠા મહોત્સવની ઉજવણી


(વિષ્ણુ દવે)

(પ્રતિ.) થરાદ

થરાદ નગરના શિવનગરમાં રહેતા પ્રાગાણી પરિવાર દ્વારા તેમના કુળદેવી શ્રી નાગણેશ્વરી માતાજીનું મંદિર બનાવવામાં આવ્યું હતું. જેનો ભવ્ય પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ મંગળવાર થી ગુરુવાર દરમિયાન યોજાયો હતો. આ પ્રસંગે બહોળી સંખ્યામાં ભક્તજનો એ ઉપસ્થિત રહીને યજ્ઞમાં આહુતિ આપી મહાપ્રસાદ ગ્રહણ કરી ધન્યતાનો અનુભવ કર્યો હતો.

# આજથી બી.એ.પી.એસ. સત્સંગ મંડળ ડીસા દ્વારા પારિવારિક એકતા ઉપર દિવ્ય સત્સંગ

ડીસા

ડીસા ખાતે બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિરના લીધે અનેક હરિભક્તો સ્વામિનારાયણ સંપ્રદાય સાથે જોડાયા છે. બી.એ.પી.એસ. માટે સમગ્ર જીવન સમર્પિત કરી આખાયે વિશ્વમાં ધર્મકાર્ય માટે ડંકો વગાડનાર પૂજ્ય પ્રમુખ સ્વામી સૌ માટે અતિ વંદનીય હતા. પુજય પ્રમુખ સ્વામીની પ્રેરણાથી જ હાલમાં ખુબ જ સક્રિય અને વંદનીય એવા પરમ પૂજ્ય પ્રગટ બૃધૃસ્વરૂપ મહંત સ્વામી મહારાજની દિવ્ય પ્રેરણાથી ડીસા સ્પોર્ટસ કલબ ખાતે આજે તા.૧૨/૫/૨૦૧૮ શનિવારથી તા.૧૬/૫/૨૦૧૮ બુધવાર એમ પાંચ દિવસ માટે રાત્રે ૮:૩૦ થી ૧૧:૦૦ કલાક દરમ્યાન 'રામચરિત માનસ આધારિત ''પારિવારિક એકતા'' વિષય' ઉપર દિવ્ય સત્સંગનું આયોજન કરાયેલ છે. બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિર ડીસાના ખૂબ જ જાગૃત, ઉત્સાહી, સક્રિય અને નિષ્ઠાવાન એવા પૂજ્ય સાધુ ઉતમ પ્રિયદાસ તથા સાધુ નિત્યસેવાદાસના પ્રયત્નોથી આ સત્સંગમાં હજારો હરિભક્તો પધારીને સત્સંગનો લાભ લેનાર છે. આ દિવ્ય સત્સંગના વક્તા તરીકે ખુબ જ અનુભવી અને અભ્યાસુ એવા પૂજ્ય જનમંગલ સ્વામી (પુરાણી) વ્યાસપીઠ ઉપર બિરાજમાન થઈ દીવ્ય વાણીનો લાભ આપનાર છે.

પરિવારમાં એકબીજા પ્રત્યે લાગણીનો અભાવ, ભાઈ - ભાઈ વચ્ચે કે સાસુ - વહુ વચ્ચે થતા ઝઘડાઓ, પિતા - પુત્રના વૈચારિક મતભેદો, છુટા છેડાના પ્રશ્નો, બાળકોની અભ્યાસમાં નિષ્ફળતા, ધંધામાં નિષ્ફળતા જેવા અનેક પ્રશ્નોને લીધે આજે પરિવારો તુટતા જાય છે. પારિવારિક એકતા જોખમાતા સમાજ, સંસ્કૃતિ અને રાષ્ટ્ર એમ બધાય સામે જોખમો ઉભા થતાં જાય છે. ધર્મના સહારે પારિવારિક એકતા ટકાવીને સંસ્કૃતિ અને રાષ્ટ્રને મજબૂત કરવા માટે પાંચ દિવસ દરમ્યાન પૂજ્ય જનમંગલ સ્વામી માર્ગદર્શન આપનાર છે. ખુબ મોટી સંખ્યામાં ધર્મપ્રેમી ભાઈ - બહેનો પધારનાર હોઈ વહેલા તે પહેલાના ધોરણે સૌએ બેઠક લેવાની રહેશે.

# જળસંચય અભિયાન અંતર્ગત રાજયમંત્રી પરબતભાઈ પટેલ ચાંગા ગામની મુલાકાતે


(કિશોર પ્રજાપતિ)

પ્રતિ. થરા

સમગ્ર ગુજરાતમાં ચાલતા જળસંચય અભિયાનના ભાગરૂપે કાંકરેજ તાલુકામાં ૧૯ ગામોના તળાવો ઉંડા કરવાની કામગીરી હાથ ધરવામાં આવી છે. ત્યારે કાંકરેજ તાલુકાના ચાંગા ગામે પણ તળાવ ઉંડું કરવાની કામગીરી ચાલતી હોઈ કામનું નિરાકરણ કરવા ગુજરાત સરકારના પાણી પૂરવઠાને સિંચાઈ મંત્રી પરબતભાઈ પટેલ જાત માહીતી મેળવવા માટે આવ્યા હતા તેમની સાથે કાંકરેજ ધારાસભ્ય કિર્તીસિંહ વાઘેલા અને તા. ભાજપ મહામંત્રી ભારતસિંહ ભટેસરીયા પણ જોડાયા હતા. ગ્રામજનો દ્વારા સર્વ મહેમાનોને ફુલહાર, સાલથી સન્માનીત કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે મંત્રીએ સરકાર દ્વારા ખેડૂતોના હીતમાં પાણીનો સંગ્રહ કરી ભૂગર્ભ જળને ઉંચા લાવવા, ખેડૂતોને તળાવની માટી મફત આપવાની તેમજ જળસંચયથી ગુજરાત સમૃધ્ધ થશે તેની પહેલ ગુજરાત સરકારે કરી છે. તેમ જણાવી જળસંચયના કામમાં સહભાગી થવા હાકલ કરી હતી.કાંકરેજ ધારાસભ્ય કીર્તિસિંહ વાઘેલાએ પણ જળસંચયથી ખેડૂતોને ફાયદો થશે. તાલુકામાં ૧૯ તળાવો ઊંડા કરવાના કે જે કામ ચોમાસા પહેલાં પૂર્ણ કરી દેવાશે તેમ જણાવ્યું હતું.

આ પ્રસંગે તાલુકા ભાજપ પ્રમુખ ડાયાભાઈ પીલીયાતર, મહામંત્રી કિશોર પ્રજાપતિ, પ્રાન્ત અધિકારી પટેલ, તાલુકા વિકાસ અધિકારી અનીલભાઈ ત્રિવેદી, નાયબ મામલતદાર જોષી તેજાભાઈ પટેલ, અખાભાઈ પટેલ, અચરતભાઈ ઠક્કર, હરદાસભાઈ પટેલ, રાયમલભાઈ પટેલ તેમજ ગ્રામજનો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.

# કુપટમાં લગ્ન પ્રસંગમાં કલાકાર રાકેશ બારોટની ઉપસ્થિતિ


નરસિંહ દેસાઈ

પ્રતિનિધિ વડાવળ

ડીસા સહિત જિલ્લાભરમાં લગ્નની મોસમ જામી છે ત્યારે ઠેર-ઠેર ડીજે અને ઓરકેસ્ટ્રા અવાજો સાંભળાઇ રહ્યા છે ત્યારે ડીસા તાલુકાના કુપટ ગામ માં પૂર્વ સરપંચ જીવનજી વિહાજી સોલંકીના સુપુત્ર નિલેષસિંહના લગ્ન પ્રસંગે યોજાયેલ કાર્યક્રમમાં ગુજરાતના જાણીતા કલાકાર રાકેશ બારોટ ઉપસ્થિત રહેતા રાત્રી દરમિયાન યોજાયેલ દાંડીયારાસ કાર્યક્રમમાં કલાકાર દ્વારા મોડી રાત સુધી ધુમ મચાવી હતી તેમના સુપરહિટ ગીતો રજૂ કરી લોકોને નચાવાયા હતા આ પ્રસંગે મોટી સંખ્યામાં સ્નેહીજનો અને શુભેચ્છકોએ હાજરી આપી હતી.

# 'નમસ્તે બિહાર' ફિલ્મ જ્વંલત મુદ્દા પર આધારિત છેઃ રાજન કુમાર



અમદાવાદ

'નમસ્તે બિહાર' ફિલ્મમાં બિહારમાં ઉછરેલા એક નિડર અને બહાદુર નવયુવાન ડબ્લૂની વાર્તા છે. 'નમસ્તે બિહાર' ફિલ્મ નજીકના સમયમાં સિનેમાઘરોમાં રિલીઝ થશે. ઓમકાર ફિલ્મ અને ટેલિવિઝન પ્રોડક્શન, મુંબઈના ડૉ. પવન અગ્રવાલ દ્વારા ફિલ્મને પ્રેઝન્ટ કરવામાં આવી રહ્યું છે. ફિલ્મના નિર્માતા રાજન કુમાર દ્વારા કન્સેપ્ટ કરવામાં આવ્યું છે તેમજ લક્ષ્મણ સિન્હા દ્વારા દિગ્દર્શન કરવામાં આવ્યું છે. ફિલ્મમાં ડબ્લૂનો રોલ રાજન કુમારે અદા કર્યો છે. ડબ્લૂ અતિ પ્રતિભાશાળી નવયુવાન છે. કેટલાક દબંગ પ્રકારના લોકો તેને ગુમરાહ કરીને ક્રાઈમની દુનિયામાં લઈ જાય છે. પરંતુ તેના પોતાના પણ સિધ્ધાંતો અને આદર્શ છે. તે ગુંડાગીર્દી કરે છે પણ તેનો પોતાની એક આગવી રીત પણ છે, તેની સમાજમાં લોકો ઈજ્જત પણ કરે છે.બિહારની ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાંથી રાજકુમાર હવે હિંદી ફિલ્મ લઈને આવ્યા છે, જેનું નામ 'નમસ્તે બિહાર' છે. 'નમસ્તે બિહાર' ફિલ્મના મુખ્ય કલાકાર રાજનકુમાર મુંગેરના રહેવાસી છે. તેઓના દાદાજી અયોધ્યા પ્રસાદ સિંહ સ્વંતંત્રતા સેનાની હતા. તેઓને દેશભક્તિની ભાવના વારસામાં મળી છે. તેઓએ મુંબઈમાં એક્ટીંગની ટ્રેનિંગ લીધી છે તેમજ મુંબઈ માંથી જ કારકિર્દીની શરૂઆત કરી હતી. તેઓની પ્રથમ હિંદી ફિલ્મ 'શહર મસીહા નહીં' હતી. તેઓને ચાર્લી ચૈપલિન - ૨ ખિતાબ પણ મળ્યા છે. અત્યાર સુધીમાં તેઓના ૪૧૩૦ લાઈવ શો ચાર્લી ચૈપલિન નામથી થયા છે. વર્ષ – ૨૦૦૪માં લિમ્કા બુક ઑફ રેકોર્ડ અને વર્ષ – ૨૦૦૫માં ગિનીઝ બુક ઑફ રેકોર્ડમાં ચાર્લી ચૈપલિન – ૨ના નામે તેઓએ સ્થાન પ્રાપ્ત કર્યું છે. ફિલ્મમાં રેશમી સિન્હા નામની છોકરીનો રોલ કલિતાએ નિભાવ્યો છે. તેમણે સાચા ક્રાઈમ રીપોર્ટરનો રોલ અદા કર્યો છે. ફિલ્મમાં વર્તમાન સમયના સળગતા મુદ્દાઓ સામે વાજ ઉઠાવવામાં આવ્યો છે. શાળાઓમાં મધ્યાહ્ન ભોજના યોજનામાં થઈ રહેલા ભ્રષ્ટ્રાચારને પણ ઉજાગર કરવામાં આવ્યો છે. ડબ્લૂ બિહારની અસ્મિતા માટે કોઈપણ પ્રકારના ખતરાનો સામનો કરવા હંમેશાં તૈયાર રહે છે. નાલંદા, રાજગીર, મુંગેર, જમાલપુર (બારિચક ગામ) અને પટના સહિત બિહાર ના કેટલાક સ્થાન પર ફિલ્મનું શૂટીંગ કરવામાં આવ્યું છે. ફિલ્મના નિર્માણમાં ટેકનિકલ બાબતોનું વિશેષ ધ્યાન રાખવામાં આવ્યું છે. ૪ કેમેરાની સાથે ૪k માં શૂટ કરવામાં આવ્યું છે. ફિલ્મના માધ્યમથી બિહારના ટુરિઝમનો વિકાસ થાય તે માટે પણ પ્રયત્ન કરવામાં આવ્યા છે. ફિલ્મમાં ૬ ગીતનો સમાવેશ કરવામાં આવ્યો છે. જેમાં એક બિહાર ગીત સહિત બે રોમેન્ટિક, એક સેડ સોંગ અને એક આઈટમ સોંગનો સમાવેશ થાય છે. ગુજરાત સ્થિત રાજકોટના અનિલ વાઘેલાએ 'નમસ્તે બિહાર' ફિલ્મના ડાયરેક્ટર ઑફ ફોટોગ્રાફી (DOP) તરીકે યશસ્વી કામગીરી કરી છે. રાજન કુમાર અદના અને શ્રેષ્ઠ અભિનેતા છે. તેઓ બોલિવૂડ સિનેમામાં આંતરરાષ્ટ્રીય પ્રસિદ્ધિ ધરાવતા કલાકાર છે.

# ડીસાની અમનપાર્ક સોસાયટી પાસે ગટર ઊભરાતાં રોષ

### એક મહિનાથી સફાઈ ન થતા રોગચાળો ફેલાવાનો ભય


જમીલ મેમણ

પ્રતિ. રાજપુર

ડીસા નગરપાલિકા દ્વારા ઠેર - ઠેર સફાઈ કરવામાં આવે છે. પરંતુ અમનપાર્ક પાસે આવેલ ગટરોની છેલ્લા એક મહિનાથી સફાઈ ન થતા રોગચાળો ફેલાવાનો ભય સેવાઈ રહ્યો છે. અમનપાર્ક સોસાયટીની સામે આવેલ ભાગમાં મકરાણી હુમ્માભાઈના ઘરની પાસે આવેલ ગટરો છેલ્લા એક મહિનાથી ગંદકીથી ઉભરાઈ રહી છે. આ અંગે અનેકવાર ડીસા નગરપાલિકામાં જાણ કરવા છતાં સફાઈ હાથ ધરાતી નથી. જેના લીધે મચ્છરોનો ઉપદ્રવ વધી જવા પામ્યો છે. ગટરો ઉભરાઈ જવાથી રોડ પર પાણીના તળાવો ભરાઈ જાય છે જેના લીધે રાહદારીઓને ભારે હેરાનગતિ ભોગવવી પડે છે. તાત્કાલિક નગરપાલિકા દ્વારા સફાઈ હાથ નહી ધરાવતો સમગ્ર વિસ્તારમાં રોગચાળોફેલાઈ જવાનો ભય સેવાઈ રહ્યો છે. નગરપાલિકા દ્વારા ઘરવેરો, સફાઈવેરો ઉઘરાવવામાં આવે છે તો તેની સામે સુવિધા કેમ આપતી નથી ? ન.પા.ના જાગૃત પ્રમુખ તાત્કાલીક સફાઈ કરાવી લોકોને રોગના ભરડામાંથી બચાવે તેવી જનમાંગ છે.

# શક્કરટેટી વેચ્યા બાદ નાણાં ન આપતાં ઠગાઈની ફરિયાદ

### ડીસા તાલુકાના ઢેઢાલના ખેડૂતે ત્રણ વિરૂધ્ધ ફરિયાદ નોંધાવી

પ્રતિ. ભીલડી

ડીસા તાલુકાના ઢેઢાલ ગામના ખેડૂતો શક્કરટેટી વેચાણ લીધા બાદ રૂા.૩૫,૪૬,૮૧૭ ન આપતા ત્રણ શખ્સો વિરૂધ્ધ ભીલડી પોલીસ મથકે ફરિયાદ નોંધાવી છે.

ઢેઢાલ ગામના માળી લાલાભાઈ પ્રભુજીએ પોલીસ મથકે લખાવેલી ફરિયાદ મુજબ મૂળ રાજસ્થાનના સુમેરપુરના અને ડીસા વેલુનગરમાં રહેતા ભરતભાઈ ચકારામ માળી, જાડેજા હિતેશભાઈ પીરાભાઈ (વેલુનગર - ડીસા) અને રાહુલકુમાર અશોકભાઈ (ડીમ્પલ ટોકીઝ પાસે - ડીસા) એ તેમને વિશ્વાસમાં લઈ રૂા.૩૫,૪૬, ૮૧૭ ની શક્કરટેટી અલગ - અલગ ગાડીઓ દ્વારા ખરીદી હતી. પરંતુ વારંવાર ઉઘરાણી કરવા છતાં વેચાણ બિલના નાણાં આપતા ન હતા તેથી તેમણે ત્રણેય વિરૂધ્ધ ભીલડી પોલીસ મથકે ઈ.પી.કો ક. ૪૦૭, ૪૨૦, ૧૧૪ મુજબ ફરિયાદ નોંધાવી હતી. જેની વધુ તપાસ પી.એસ.આઈ. એસ.વી આહીર ચલાવે છે.

## સુજલામ સુફલામ જળ અભિયાન - ૨૦૧૮...

# જળસંચયના કામો વધારી તથા પ્રજાના પ્રતિનિધિઓને સામેલ કરી જળ અભિયાનને સફળ બનાવીએ : મુખ્યમંત્રીના સચિવ અશ્વિનીકુમાર

**પાલનપુર ખાતે સમીક્ષા બેઠક યોજાઈ : સચિવ અશ્વિનીકુમારએ ગાદલવાડા મુકામે તળાવના કામનું નિરીક્ષણ કરી શ્રમીકોને છાશ વિતરણ કરાવી**

પાલનપુર

તા.૧ લી મે ગુજરાતના સ્થાપના દિવસથી સમગ્ર રાજયમાં સુજલામ સુફલામ જળ અભિયાન અંતર્ગત વિરાટપાયે જળસંચયના કામો શરૂ કરવામાં આવ્યા છે. પાલનપુર ખાતે મુખ્યમંત્રીના સચિવ અશ્વિનીકુમારના અધ્યક્ષ સ્થાને અધીકારીઓ સાથે જળ અભિયાન અંગેની સમીક્ષા બેઠક યોજાઈ હતી. જેમાં સચિવએ વિવિધ કચેરીના અધિકારીઓ સાથે વિગતવાર સમીક્ષા કરી ઉપયોગી માર્ગદર્શન અને જરૂરી સુચના આપી હતી.

મુખ્યમંત્રીના સચિવ અશ્વિનીકુમારએ અધિકારીઓને જણાવ્યું કે જળસંચયના કામોમાં લોકો તરફથી ઉત્સાહભર્યો પ્રતિભાવ મળે અને લોકો પાણીના મહત્વને સમજી આ અભિયાનમાં સામેલ થાય એ બહુ જરૂરી છે. તેમણે કહ્યું કે જનપ્રતિનિધિઓ પણ અભિયાનમાં સામેલ થાય એ બહુ આવકાર્ય છે. સચિવએ અધીકારીઓને જણાવ્યું કે જળસંચય માટે વિરાટ પાયે સરકાર દ્વારા હાથ ધરાયેલ આ અભિયાનમાં સૌને સામેલ કરી અભિયાનને વિક્રમજનક સફળ બનાવીએ. અધીકારીઓને જળસંચયના કામોની નિયમીત મુલાકાત લેવા સચિવએ જણાવ્યું હતું. તેમણે કહ્યું કે જળસંચયના કામો થાય છે ત્યાં વરસાદ આવ્યા પછી વૃક્ષારોપણ કરી વૃક્ષોનો ઉછેર થાય તેવુ પણ આયોજન કરીએ.

મુખ્યમંત્રીના સચિવ અશ્વિનીકુમારએ સમીક્ષા બેઠકમાં અધિકારીઓને જણાવ્યું કે જળસંચયના કામોની સંખ્યા વધારીએ તથા કાળજીપુર્વક અને ગુણવત્તાસભર કામો કરાવીએ. જળસંચય અંગે પ્રજામાં વધુ જાગૃતિ લાવવા પોસ્ટર્સ, હોડીગ્સ તથા જરૂરી પ્રચાર - પ્રસાર કરાવવા તેમણે સુચના આપી હતી. બનાસકાંઠા જિલ્લામાં પણ આ અભિયાન અંતર્ગત વિશાળ સંખ્યામાં જળસંચયના વિવિધ કામો જેવા કે તળાવો ઉંડા કરવા, તળાવ ડિસીલ્ટીંગ અને તળાવ સુધારણાના કામો, ચેકડેમ ડિસીલ્ટીંગ, આડબંધ સુધારણા, ખેત તલાવડી, માટી પાળા અને બંધપાળાના કામ, નદીને પુનઃજીવીત કરવાની કામગીરો, વન તલાવડી રિપેરીંગ,

અનુસંધાન પાના નં.૬

# વિશ્વના ૧૦૦૮થી વધુ દેરાસરોમાં સામૂહિક મહાઅભિષેક સંપન્ન

ડીસા

મહાન જૈનાચાર્ય સિદ્ધાંતમહોદધિ આચાર્ય વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજાના સ્વર્ગારોહણ અર્ધશતાબ્દી વર્ષની સમગ્ર વિશ્વભરમાં ઉજવણી થઈ છે. વૈશાખ વદ-૧૧, ૧૧ મે-૨૦૧૮ ના રોજ સમસ્ત વિશ્વ ૧૦૦૮ થી અધિક જૈન દેરાસરોમાં આ નિમિત્તે એક સાથે, એક જ સમયે, એક લાખથી વધુ અધિક પ્રભુભક્તો દ્વારા મહાઅભિષેક સંપન્ન થયો હતો.

અમેરિકાના ૨૫, યુરોપના ૪, ઓસ્ટ્રેલિયાના પાંચ, યુ.કે.ના ૩ તથા ન્યુઝીલેન્ડ, આફ્રિકા, દુબઈ સહિત ૪૦ થી અધિક વિદેશના મંદિરો સહિત દિલ્હી, રાજસ્થાન, મધ્યપ્રદેશ, ગુજરાત, મહારાષ્ટ્ર, કર્ણાટકા, તમિલનાડુ, તેલંગણ, કેરાલા, છત્તીસગઢ આદિ રાજ્યોના ૧૦૦૮ થી અધિક જિનાલયો આ મહાઅભિષેકમાં જોડાયા હતા. સમગ્ર જૈન સંઘમાં સર્વપ્રથમવાર આટલા વિશાળ પાયે અભિષેક સંપન્ન થયો. વિશુદ્ધ વિધિ-વિધાનપૂર્વક મુહૂર્તના સમયે ગ્રહણ કરાયેલ ૧૩૦ થી અધિક ઔષધિઓ દ્વારા મહાઅભિષેક થયો. જેમાં જિનપ્રતિમાને ગાયના ઘી તથા ઔષધિના વિલેપનો થયા હતા. રક્ષાપોટલી દ્વારા રક્ષાવિધાનો થયા હતા. અભિષેક શરૂ કરતા પૂર્વે સમગ્ર વિશ્વના સર્વ જીવોના મંગલ તથા કલ્યાણના શુભ સંકલ્પો સાથે આ અભિષેક કરવામાં આવ્યા હતા. ભારતના ૭ રાજ્યોના પસંદગી પામેલ ૧૧ દેરાસરોનું જીવંત પ્રસારણ પણ હજારો ભક્તોએ નિહાળ્યું. આ દિવસે અમદાવાદ-મુંબઈ-સુરત અને પિંડવાડા રાજસ્થાન ખાતે ભવ્ય મહોત્સવના આયોજનો થયા. જેમાં હજારો બે દ્રવ્યના એકાસણા તથા પ્રેમસૂરિદાદાની ગુણાનુવાદ સભાઓ થઈ હતી.

અમદાવાદ સાબરમતી મધ્યે પ્રેમ-ભુવનભાનુસૂરિજી મ.સા.ની નિશ્રામાં ખૂબ ઉત્સાહપૂર્વક ઉજવણી થઈ હતી.

# બલોચપુરની બનાસ નદી માંથી વિદેશી દારૂ ભરેલું ડમ્પર ઝડપાયું


વિજય શિલ્વા

પ્રતિનિધિ શિહોરી

આજ રોજ શુક્રવાર નારોજ ખાનગી બાતમીના આધારે કાંકરેજ તાલુકા ના શિહોરી પોલીસ સ્ટેશનની હદ ના બલોચપુર ગામની સિમમા બનાસ નદી ના પટ મા આર.આર. સેલ ભુજના પીએસઆઇ એ.એસ. રબારી તેમજ સ્ટાપના ખુમાજી, માનસુનગભાઈ, પ્રવીણભાઈ, મનીષભાઈ, યસવંતસિંહ, મનુભાઈ મંજીભાઈ તેમને મળેલ બાતમીના આધારે બલોચપુર નદી પટમાં થી રેતી ભરવા નું ડંફર નં.જીજે.૧૨.એક્સ. ૨૨૯૯ માં ૪૪૯ પેટી વિદેશી દારૂ ભરેલ હતો. તેમાં બોટલ નંગ.૧૩૭૮૮ જેની કિંમત ૨૭૨૧૬૦૦ રૂ તેમજ ડંફર જેની કિંમત રૂ.૧૦૦૦૦૦૦ દાસલાખ માલી કુલ ૩૭૨૧૬૦૦ રૂ નો મુદ્દા માલ કબજે કારેલ, અને શિહોરી પોલીસ સ્ટેશને લાવી કાયદેસર કાર્ય વહી હાથધારવામાં આવેલ છે દારૂ ભરેલ ડંફર મૂકી ડ્રાઈવર અને બીજો એક સક્સ ફરાર થઈ ગયેલ.

બનાસ નદીમા રેતી ભરવા આવતી ડંફરો મા દુરું નો વેપલો મોટાપ્રમાન મા થતો હોવાનું આ ડંફર પકડાતાજણાય છે.

# ડીસાના આખોલ ચાર રસ્તા પાસે ડુંગળીના કટ્ટાની આડમાં છુપાવી લવાતો દારૂ ઝડપાયો

### પિક અપ ડાલા સહીત ૮ લાખ ૧૨ હજારનો મુદ્દામાલ કબજે : ચાલક ફરાર


ભરત સુંદેશા

ડીસા

ડીસાના આખોલ ચાર રસ્તા પાસેથી વિદેશી દારૂ ભરેલ પિક અપ ડાલું પસાર થતું હોવાની અંગત બાતમીના આધારે એલ.સી.બીએ માર્ગ કોર્ડન કરી ૩ લાખ રૂપિયાનો વિદેશી દારૂ ભરેલ પિક અપ ડાલું ઝડપી લીધું હતું.

પ્રાપ્ત માહિતી મુજબ રાજસ્થાન તરફથી એક પિક અપ ડાલું આવતું હોવાની અંગત બાતમી મળતા જિલ્લા એલ.સી.બી પોલીસ મથકના પી.આઈ જે.એચ.સિંધવના માર્ગદર્શન હેઠળ પી.એસ.આઈ નાયનસિંહ પરમાર તેમજ તેમનો સ્ટાફે ડીસાના આખોલ ચાર રસ્તા પાસે તેઓએ માર્ગ કોર્ડન કરી લીધો હતો.

અનુસંધાન પાના નં.૬

# જળ સંચય અભિયાન અંતર્ગત પાંથાવાડા માનસરોવર તળાવનું નિરક્ષણ


દિનેશ ત્રિવેદી

પ્રતિનિધિ પાંથાવાડા

આજે ગુજરાત સુજલામ સુફલામ જળ અભિયાન અંતર્ગત ચાલી રહેલા દાંતીવાડા તાલુકા પાંથાવાડા ગામમાં માનસરોવર તળાવમાં ખોદકામ કામનું નિરક્ષણ કરતાં બનાસ ડેરીના વાઇસ ચેરમેન માવજીભાઈ રબારી તાલુકા ભાજપ પમુખ નટુભાઈ ચૌધરી કારોબારી ચેરમેન રમેશભાઈ ધાડીયા જિલ્લા ડેલીગેટ સવસીભાઈ વાગડના મહામંત્રી દિનેશભાઈ મેવાડા જયંતિભાઈ બોચાતર સુધિરસિહ ગોહિલ દિનેશભાઈ દરજી આ કાર્યક્રમ અંતર્ગત ૬૦ એક લોકો રોજગારી મેળવી રહ્યા છે. માવજીભાઈએ જળ સંચયની કામગીરી બિરદાવી હતી.

# ભાભરના ચીચોદરા ગામે તળાવ ઉંડુ કરવાની કામગીરીની મંત્રીએ મુલાકાત લીધી


વનરાજસિંહ રાઠોડ

તા.પ્રતિ. ભાભર

રાજ્ય સરકાર દ્વારા જળસંચય થાય તે હેતુ સુજલામ સુફલામ યોજના અંતર્ગત ગામે ગામ તળાવ ઉંડા કરવાની કામગીરી પુર જોષમાં ચાલી રહી છે. ભાભર તાલુકાના ચીચોદરા ગામે તળાવ ઉંડા કરવાની કામગીરીની જાત મુલાકાત રાજ્ય સરકારના પા.પુ.મંત્રી પરબતભાઈ પટેલે લીધી હતી. જેમાં ભાભર મામલત પટેલ, ટી.ડીઓ, સહિત વહિવટી તંત્ર હાજર રહ્યું હતું. આ પ્રસંગે ભાજપના પ્રદેશ મંત્રી નૌકાબેન પ્રજાપતિ, ભાભર એ.પી.એમ.સી. ચેરમેન લાલજીભાઈ પટેલ, અને ભાજપના સ્થાનિક અગ્રણીઓ હાજર રહ્યા હતા. તળાવ ઉંડા કરવાનો હેતુ વિશે મંત્રીએ હાજર લોકોને પ્રવચન આપ્યુ હતું.

# લાખણી માર્કેટયાર્ડમાં ટેકાના ભાવે રાયડાની ખરીદી શરૂ થતાં ખેડૂતોને હાશકારો

પ્રતિનિધિ લાખણી

લાખણી ખાતે આજથી ટેકાના ભાવે રાયડાની ખરીદી શરૂ કરાતાં ખેડૂતોએ હાશકારો અનુભવ્યો છે.

લાખણી બજાર સમિતિ દ્વારા આજથી લાખણી ગંજબજાર સંકુલમાં આવેલી ૨૩ નંબરની પેઢી ખાતે ખેડૂતોના રાયડાની ટેકાના ભાવે ખરીદીના શ્રીગણેશ કરાયા હતા. ભારત સરકારે જેમની કદર કરી પદ્મશ્રી ખિતાબ આપ્યો છે તેવા દિવ્યાંગ ખેડૂત ગેનાજી પટેલે લાખણી વિસ્તારના ખેડૂતોના હિત માટે કરેલા પ્રયત્નો થકી લાખણી માર્કેટયાર્ડ ખાતે આજથી ટેકાના ભાવે રાયડાની ખરીદી માટે ખરીદ કેન્દ્ર શરૂ કરાયું છે.

ભારત સરકાર, ગુજરાત સરકાર તથા બનાસકાંઠા ક્રોપ પ્રોસેસિંગ એન્ડ પ્રોડ્યુસર કંપની લિમિટેડના સંયુક્ત ઉપક્રમે આજથી ૮૦૦ રૂપિયે મણના ટેકાના ભાવે રાયડાની ખરીદી શરૂ કરી કરાઈ છે. પદ્મશ્રી એવોર્ડ વિજેતા ખેડૂત ગેનાજી પટેલ, લાખણી માર્કેટ કમિટીના ચેરમેન તેજાભાઈ ભુરિયા, જિલ્લા પંચાયત સદસ્ય હેમરાજભાઈ પટેલ, ખેડૂત વેપારી એસોસિએશનના પ્રમુખ ડુંગરભાઈ પટેલ તથા વેપારી બંધુઓની હાજરીમાં આજે શ્રીફળ વધેરી રાયડાની ખરીદી શરૂ કરાઈ હતી. ટેકાના ભાવે રાયડો વેચવા ઈચ્છતા ખેડૂતોએ ૭-૧૨ ના ઉતારા તેમજ તલાટીનો દાખલો સાથે લાવવાનો રહેશે.

# અમીરગઢમાં પાણીનું ટેન્કર ખાલી કરવા મુદે માર માર્યો

તા.પ્રતિ અમીરગઢ

અમીરગઢ ખાતે ગ્રામ પંચાયતના ટ્રેકટર પર ફરજ બજાવતા ઈસમ અને આદિજાતિ ઈસમને પાણીનું ટેન્કર વગર પાવતીએ કેમ ખાલી કરે છે તેમ કહી જાતિ વિરૂધ્ધ અપશબ્દો બોલી - મારામારી કરતાં હરિભાઈ અમરાજી ભીલ (રહે.અમીરગઢ) આ બાબતે સરપંચને જાણ કરી પોલીસ સ્ટેશને આરોપીઓ વિનોદકુમાર પ્રભુરામ દવે, પ્રભુરામ રૂગનાથ દવે, નાનજીભાઈ પચાણભાઈ પટેલ, હિતેષકુમાર નાનજીભાઈ પટેલ તથા દલપતભાઈ મફતલાલ પ્રજાપતિ વિરૂધ્ધ ફરિયાદ નોંધાવા પામેલ છે. અમીરગઢ પોલીસે ફરિયાદ આધારે ફરિયાદ નોંધી આગળની કાર્યવાહી હાથ ધરેલ છે.

# રામસણથી પટેલપુરા રોડની કામગીરી બાબતે ગ્રામજનો દ્વારા પ્રધાનમંત્રીને પોસ્ટકાર્ડ દ્વારા રજૂઆત

(પ્રતિ.) રામસણ

ડીસા તાલુકાના રામસણ ગામથી પરા વિસ્તાર પટેલપુરા, આશિયાથી ધાનેરાને જોડતો મુખ્યમાર્ગ છે જે ૨૨વર્ષથી વધુ સમયની માંગણી બાદ પાકો રોડ આજ થી એક વર્ષ અગાઉ મંજૂર થયેલ જેનો આનંદ ગામલોકોને થયેલ. પરંતુ રામ જાણે આ રસ્તા પર કોનુ ગ્રહણ લાગ્યુ વર્ષ વિતવા છતાં પણ આ રસ્તાનું કામ ૧૦% જ પુરુ થયુ છે. આ રસ્તા પર સરકારી શાળા, દુધ ઉ.મંડળી, આંગણવાડી વગેરે આવેલ છે. કોન્ટાક્ટ્રરને પૂછતાં તે અયોગ્ય જવાબો આપી ભોળી પ્રજાને છેતરી રહ્યો છે. સરકારી અમલદારોને આ બાબતે વારંવાર લેખિત રજૂઆત કરવા છતાં પણ ઘોર નિંદ્રામાંથી જાગવાનું નામ જ લેતા નથી. રોડના કામનો કોન્ટરાકટ પૂર્ણ થયાને આજે ત્રણ મહિના વિત્યા છતાં પણ રોડ તો અધૂરો જ છે. ન જાણે કયારે જાગશે સરકારી અમલદારો આ બાબતે કે પછી એમનો પણ ભાગ હશે આ રસ્તામાં ? એ તો હવે ઉચ્ચકક્ષાએથી તપાસ થાય તો જ સત્ય બહાર આવે.

ગામલોકો દ્વારા રસ્તાનુ કામ જો સાત દિવસમાં ચાલુ કરી એકમાસમાં પૂર્ણ નહિ કરવામાં આવે તો જિલ્લા પંચાયત કચેરી પાલનપુર ખાતે પ્રતિક ઉપવાસ પર બેશવાનુ નકકી કરાયુ છે. આજે ૫૦૦થી વધુ પોસ્ટકાર્ડ લખીને પ્રધાનમંત્રીને આ રસ્તા બાબતે રજૂઆત કરાઈ છે.હવે જોવુ એ રહ્યુ કે આ રસ્તા બાબતે કોણ આગળ આવે છે. માત્ર ચુંટણી સમયે જ દેખાવ આપતા ખાદીધારકો હવે આ બાબતે ગામલોકોને કયારે ન્યાય અપાવશે એ પણ જોવુ જ રહ્યુ છે. જયારે નજીકના ભવિષ્યમાં લોકસભાની ચુંટણી આવી રહી છે જો સાત દિવસમાં કામ ચાલુ નહિ થાય તો તમામ આ વિસ્તારના ગામજનો મતદાન માટે નોટાનો ઉપયોગ કરશે.

# ડીસા ખાતે રોટરી કલબ દ્વારા વિકલાંગો માટે સાધન સહાય વિતરણ કેમ્પ યોજાયો

ડીસા

બનાસકાંઠાના ડીસા ખાતે તાજેતરમાં જ બ્રહ્મસમાજ સેવા ટ્રસ્ટ અને રોટરી કલબની ડીસા શાખા દ્વારા દિવ્યાંગ લાભાર્થીઓને સાધન સહાયના વિતરણ માટે નિદાન કેમ્પ યોજાયા બાદ સાધન સહાયની જરૂરિયાત ધરાવતા લાભાર્થીઓને આજે સવારે ડીસા નજીકના વર્ધમાન જૈન વિહાર ધામ ખાતે સાધન સહાયનું વિતરણ કરાયું હતું. આ કેમ્પમાં ૫૮ લાભાર્થીઓને ટ્રાયસિકલ, ૩૨ લાભાર્થીઓને કેલીપર્સ,૨૦ લાભાર્થીઓને વહીલચેર, ૧૪ લાભાર્થીઓને કાખઘોડી તેમજ બે લાભાર્થીઓને વોકર અર્પણ કરાયા હતા.આ કેમ્પમાં દિવ્યાંગ લાભાર્થીઓને જરૂરી સાધનોનું વિતરણ કરવા સાથે લાભાર્થીઓ માટે ડીસા રોટરી કલબ દ્વારા ભોજનની પણ વ્યવસ્થા કરાઈ હતી.

# ગુજરાતનો વિકાસ દેશ માટે રોલ મોડેલ તેમજ પ્રેરણારૂપ

અમદાવાદ

બિહારની સૌંદર્યતા અને હકારાત્મક પાસાની સાથે સાથે ભારતીય સંસ્કૃતિ અને સામાજિક મુદ્દા રજૂ કરતી હિન્દી ફિલ્મ નમસ્તે બિહારની સ્ટારકાસ્ટ આજે અમદાવાદની મુલાકાતે આવી હતી. નમસ્તે બિહાર હિન્દી ફિલ્મ આગામી ઓગસ્ટ માસમાં રિલીઝ થઈ રહી છે તે પહેલાં આજે ફિલ્મનું ઓફિશીયલ પોસ્ટર લોન્ચ કરવામાં આવ્યું હતું. નમસ્તે બિહાર ફિલ્મનું શૂટીગ વહેલી પરોઢે ચાર વાગ્યે બ્રહ્મમૂર્હુતમાં શરૂ કરાયું હોઈ અનોખો રેકોર્ડ બનાવાયો હોવાની જાહેરાત આજના પ્રસંગે ઈન્ડિયા બુક ઓફ રેકોર્ડના પ્રમુખ પાવન સોલંકી અને ફિલ્મના હીરો તેમ જ દ્વારા કરાઈ હતી. આ પ્રસંગે ફિલ્મના હીરો અને નિર્માતા રાજનકુમારે જણાવ્યું હતું, ગુ-જરાત એ દેશનું સમૃધ્ધ અને રોલમોડેલ રાજય છે, જે દેશના અન્ય રાજયો માટે પણ પ્રેરણારૂપ છે. ગુજરાત મારી કર્મભૂમિ જેવું છે, અહીંથી જીવનમાં મને ઘણું શીખવા અને જાણવા મળ્યું છે. 'નમસ્તે બિહાર' ફિલ્મના નિર્માતા રાજનકુમારે જણાવ્યું હતું કે, આ ફિલ્મ એ બિહારમાં ઉછરેલા એક નિડર અને બહાદુર નવયુવાન ડબ્લુની વાર્તા છે. ઓમકાર ફિલ્મ અને ટેલિવિઝન પ્રોડક્શન, મુંબઈના ડૉ. પવન અગ્રવાલ દ્વારા ફિલ્મને પ્રેઝન્ટ કરવામાં આવી રહ્યું છે. જેનું દિગ્દર્શન લક્ષ્મણ સિન્હા દ્વારા કરવામાં આવ્યું છે. ફિલ્મમાં ડબ્લુનો રોલ મેં ખુદ અદા કર્યો છે. ડબ્લુ અતિ પ્રતિભાશાળી નવયુવાન છે. કેટલાક દબંગ પ્રકારના લોકો તેને ગુમરાહ કરીને ક્રાઈમની દુનિયામાં લઈ જાય છે. પરંતુ તેના પોતાના પણ સિધ્ધાંતો અને આદર્શ છે. તે ગુંડાગીર્દી કરે છે પણ તેનો પોતાની એક આગવી રીત પણ છે, તેની સમાજમાં લોકો ઈજ્જત પણ કરે છે. ડબ્લુ બિહારની અસ્મિતા માટે કોઈપણ પ્રકારના ખતરાનો સામનો કરવા હંમેશાં તૈયાર રહે છે. નાલંદા, રાજગીર, મુંગેર, જમાલપુર (બારિચક ગામ) અને પટના સહિત બિહાર ના કેટલાક સ્થાન પર ફિલ્મનું શૂટીગ કરવામાં આવ્યું છે. ફિલ્મના હીરો રાજનકુમારે વધુમાં ઉમેર્યું કે, તેમના દાદાજી અયોધ્યાપ્રસાદ સિંહ સ્વંતંત્રતા સેનાની હતા. તેઓને દેશભક્તિની ભાવના વારસામાં મળી છે. તેઓએ મુંબઈમાં એક્ટીગની ટ્રેનિંગ લીધી છે તેમજ મુંબઈમાંથી જ કારકિર્દીની શરૂઆત કરી હતી. તેઓની પ્રથમ હિંદી ફિલ્મ 'શહર મસીહા નહી' હતી.

અનુસંધાન પાના નં.૬

# ધાનેરા તાલુકાની ધાખા પ્રા.શાળા નં.૨ ને અનુપમ શાળા એવોર્ડ



તા.પ્રતિ. ધાનેરા

જી.સી.ઈ.આર.ટી ગાંધીનગર પ્રેરિત અને યુનિસેફ ગુજરાત તથા જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન દ્વારા આયોજીત અનુપમ શાળા એવોર્ડ અને અભિવાદન સમારોહમાં શ્રી ધારવા પ્રા.શાળા નં-૨ ના સમગ્ર સ્ટાફ પરિવારને શિલ્ડ, પ્રમાણપત્ર તેમજ મોમેન્ટોથી સન્માનિત કરવામાં આવેલ. આ પ્રસંગે જિલ્લાની કુલ ૭૨ શાળાઓને સન્માનિત કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં જી.સી.ઈ.આર.ટી. ના પૂર્વ નિયામક નલિન પંડિત યુનિસેફ ચીફ પુષ્પામેડમ ડી.પી.ઈ.ઓ ડાયટ પ્રાચાર્ય જી.એન.ચૌધરી ખાસ ઉપસ્થિત રહ્યા. સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવામાં ડાયટ પરિવાર દ્વારા સુંદર આયોજન કરાયુ હતું.

# યુવા શક્તિ ભાવિ પડકારોને તકમાં ફેરવવામાં પૂર્ણ સક્ષમ

અમદાવાદ

મુખ્યમંત્રી વિજય રૂપાણીએ ડેમોગ્રાફીક ડીવીડન્ડ સમાન યુવાશક્તિને આધુનિક સમયાનુકુલ શિક્ષણના આયુધથી સજ્જ કરી રાષ્ટ્ર ઘડતર-રાષ્ટ્રનિર્માણમાં જોડવા એજ્યુકેશન એક્ષ્પોને સક્ષમ માધ્યમ ગણાવ્યા છે. મુખ્યમંત્રીએ ગાંધીનગરમાં થનગનાટ કલ્ચરલ ફાઉન્ડેશન આયોજીત ત્રિદિવસીય એજ્યુકેશન એક્ષ્પો-૨૦૧૮નો પ્રારંભ કરાવ્યો હતો. તેમણે કહ્યું હતું કે, ભારત વિશ્વનો સૌથી યુવા દેશ છે તેવે સમયે યુવાશક્તિને યોગ્ય દિશાદર્શન-માર્ગદર્શન મળે તો યુવાશક્તિ ભવિષ્યના પડકારોને તકમાં પલટાવવા સક્ષમ છે. મુખ્યમંત્રીએ આ સંદર્ભમાં સ્પષ્ટપણે જણાવ્યું કે, કારકીર્દી ઘડતરના ઉંબરે ડગ માંડતા વિદ્યાર્થીઓ-યુવાઓને આવા એજ્યુકેશન એક્ષ્પો દ્વારા વિશ્વકક્ષાના અભ્યાસક્રમો, કેરિયર ઓરિએન્ટેડ એજ્યુકેશન વગેરેની માહિતી-જ્ઞાન ઘેર બેઠાં મળી રહે છે. વિજય રૂપાણીએ ઉમેર્યું કે, ગુજરાતનો યુવાન વિશ્વ સાથે આંખમાં આંખ મિલાવી સ્પર્ધા કરી શકે તેવો સામર્થ્યવાન બનાવવા, ભારત નિર્માણમાં તેનું યોગદાન પ્રેરિત કરવા મરિન યુનિવર્સિટી, ફોરેન્સીક સાયન્સ યુનિવર્સિટી, પેટ્રોલિયમ યુનિવર્સિટી,

અનુસંધાન પાના નં.૬

# વડગામ પેપળાવાસમાં નવચંડીયજ્ઞ યોજાયો


પુષ્કર ગોસ્વામી

તા પ્રતિ. વડગામ

વડગામ પેપળાવાસ ચૌધરી પરિવાર દ્વારા ગઈકાલે તારીખ ૧૧/૫/૨૦૧૮, શુક્રવારે શ્રી વહાવટી માતાજીના નવચંડીયજ્ઞનું આયોજન કરાયું હતું, યજ્ઞના મુખ્ય શાસ્ત્રી દ્વારા દેવોનું આહવાન કરી યજમાનો દ્વારા પૂજા-અર્ચના તથા આહુતી આપવામાં આવી હતી. પેપળાવાસ ચૌધરી પરિવાર દ્વારા નવચંડીયજ્ઞમાં આવેલ દર્શનાર્થીઓ, મહેમાનો, સાધુ-સંતોને ભોજન પ્રસાદી પિરસાઈ હતી. વડગામ સહિત તમામ ગામોના ભાવિકોએ નવચંડીયજ્ઞના દર્શનનો લાભ લીધો હતો. કાર્યક્રમનું આયોજન અને સફળ સંચાલન પેપળાવાસ ચૌધરી પિશ્રવાર દ્વારા કરાયું હતું.

બનાસકાંઠા જીલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિ., પાલનપુર
બનાસ ડેરી, પો.બો. નં. ૨૦, પાલનપુર – ૩૮૫ ૦૦૧
ફોનઃ (૦૨૭૪૨) ૨૫૩૮૮૧ થી ૨૫૩૮૮૫,

ગોડાઉન ભાડેથી જોઈએ છે.

બનાસકાંઠા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિ., બનાસડેરી, પાલનપુરને દૂધ પાવડર તથા અન્ય મટેરીયલ સંગ્રહ કરવા માટે સારી હાલતવાળા ગોડાઉન ભાડેથી રાખવાના છે.

ગોડાઉન માલિકોએ આ અંગેની ટેન્ડર ફી રૂા.૧૦૦/– હિસાબીશાખામાં જમા કરાવેથી, વહીવટ વિભાગમાંથી ટેન્ડર મેળવી શકાશે. ભરેલ ટેન્ડર સાથે રૂા.૧૦,૦૦૦/– નો સંઘના નામનો ડીમાન્ડ ડ્રાફ્ટ બીડાણ કરી, સીલબંધ કવરમાં ભાવ તા.૧૯–૦૫–૨૦૧૮ ના ૧૩–૦૦ કલાક સુધી રજુ કરવાના રહેશે. મળેલ ભાવ તે જ તારીખના ૧૫–૦૦ કલાકે હાજર રહેલ ઈસમોની હાજરીમાં ખોલવામાં આવશે.

મળેલ ભાવ મંજુર રાખવા અંગે સંઘના ઈન્ચાર્જ મેનેજીંગ ડીરેકટરશ્રીનો નિર્ણય આખરી ગણાશે.

ઈન્ચાર્જ મેનેજીંગ ડીરેકટર

# તંત્રી સ્થાનેથી ...

**મેઘાવી બુધ્ધિથી આપણને ધન, યશ અને સુખની પ્રાપ્તિ થાય છે.**

## જળસંગ્રહ માટે સૌ કોઈએ સંકલ્પ બદ્ધ બનવું પડશે

ગત ૧મી મેથી સમગ્ર રાજ્યમાં જનતાના સહયોગ જળ-સંચય સુજલામ સુફલામ યોજનાનો પ્રારંભ થયેલ છે. અને આ અભિયાનથી ગુજરાતમાં પાણીની સમસ્યસ્યાને કાયમી માટે નિવારી શકાય તેમ છે.

રાજ્યમાં વરસાદી પાણીનો મહત્તમ જળસંગ્રહ કરવામાં આવશે તો પીવાના પાણીના નર્મદા મૈયાના પુરવઠાને પૂરક બનાવી શકાશે. અને ખેડૂત આલમને પણ રાહત થઈ શકશે. જો કે હાલમાં સુજલામ સુફલામ જળ અભિયાનને સમગ્ર રાજ્યમાં વ્યાપક જન પ્રતિસાદ મળેલ છે

જળ સંચયની યોજના સફળતા પૂર્વક પૂર્ણ થશે તો ખેડૂતો બે થી ત્રણ પાક સહેલાઈથી લઈ શકશે. ખેડૂતોને સિંચાઈ માટે જે પાણીથી મુશ્કેલી પડતી હતી તેનો કાયમી ઉકેલ લાવી શકાશે.

જ્યાં હાલમાં એકાંતરે પીવાનું પાણી મળે છે ત્યાં જળસંચયને કારણે તળાવ કે નદીઓના આસપાસના કૂવા કે બોર રિચાર્જ થતાં પીવાના પાણીના પુરવઠાની ઉપલબ્ધિમાં સારો એવો વધારો થશે અને તેનાથી કૃષિ પાક ઉત્પાદનમાં સારો એવો વધારો થશે અને તેનાથી કૃષિ પાક ઉત્પાદનમાં વધારો થશે તે વાત પણ ચોક્કસ છે.

આજે ઈઝરાયેલ જેવા સામાન્ય નાન દેશે પાણી બાબતના તમામ સૂત્રો ને ખૂબ જ સફળતા પૂર્વક ચરિતાર્થ કર્યા છે. ઈઝરાયેલે ક્યારેય પાણીની તંગી અનુભવી નથી. સુજલામ્ સુફલામ જળ અભિયાન દ્વારા રાજ્યમાં ૧૩ હજાર જેટલા તળાવો ચેકડેમ અને જળાશયો ઉંડી કરવાની રાજ્ય સરકારે વચન બદ્ધતા દોહરાવી છે તે સાકાર થઈને રહેશે તેમાં બે મત નથી. રાજ્યમાં જળ અભિયાનથી ૩૨ નદીઓ પુનઃ જીવિત કરવાનું સૌથી વિશેષ આ અભિયાન કહી શકાય.

રાજ્ય સરકારના જળસંચય અભિયાનથી ૧૧૦૦૦ લાખ ઘનફૂટથી વધુ પાણીનો સંગ્રહ કરી શકાશે. અમદાવાદની ખારીકટ કેનાલમાંથી રોજનો ૧૦૦૦ ટન કચરો કાઢીને કેનાલને સાફ કરવામાં આવી તે એક મહત્ત્વનું કામ કરી શકાય. ગામ અને શહેરને સ્વસ્થ રાખવાની તમામની ફરજમાં આવે છે.. તેમાં કોઈપણ જાતની કચાશ ચાલી શકે નહિ. રાજ્ય સરકારે જ્યારે આ જવાબદારી માથે લીધી છે ત્યારે નાગરિકોએ પણ પોતનું શ્રમદાન કરવું જોઈએ. સરકાર સાથે સ્વૈચ્છિક સંસ્થાઓ પણ સરકાર આવે તે જરૂરી છે. પાણીને પરમેશ્વરનો પ્રસાદ ગણી તેનો સદ્‌ઉપયોગ કરવો જોઈએ. જળસંગ્રહ માટે રાજ્યની જનતાને પણ સંકલ્પ બદ્ધ થવું જોઈએ.

ગત દિવસોમાં ઉપર વાસમાં અપૂરતા પાણીના કારણે નર્મદામાં ઉપલબ્ધ જળરાશિમાં ઘટાડો થયો જેના કારણે રાજ્યમાં અમુક ઠેકાણે સિંચાઈ માટે કાપ મુકવામાં આવ્યો, આ સરકારના કઠોર નિર્ણયથી ખેડૂતોમાં રોષ પેદા થાય તે સ્વભાવિક છે પરંતુ આ પગલું ખૂબ જ જરૂરી હતું. જે સિંચાઈ માટે પાણી આપવામાં આવ્યું હોત તો રાજ્યની પ્રજાને પીવાનું પાણી ઉપલબ્ધ થઈ ન શકત.

ભવિષ્યની જરૂરિયાત અને સંભાવનાઓને ધ્યાનમાં રાખી પીવાના પાણીની રાજ્યની જરૂરિયાત અને અગ્રતાને સમજી વહીવટી તંત્ર માટે પીવાના પાણીના પુરવઠાને જાળવવાનો રાજ્ય સરકારનો નિર્ણય યોગ્ય માની શકાય.

આપત્તિને અવસરમાં પલટાવી છે ત્યારે આ એક કસોટી ગણી શકાય. અને જળસંચય અભિયાન સફળતા પૂર્વક પૂર્ણ થશે તે પણ હકીકત છે. વ્યાપક જન ભાગીદારીથી આ મહાન અભિયાનને સાર્થક કરી યોજનાને આત્મમંથન નથી પૂર્ણ કરવામાં આવે તે માટે ગુજરાતની જનતાને તત્પર રહેવું પડશે. જ્યારે જળ એ જ જીવન પછી તેને બચાવવા માટે સૌ કોઈએ આગળ આવવું જ પડશે.

## માલસરના યોગાનંદ આશ્રમ ખાતે શ્રીમદ ભાગવત કથાનું આયોજન



મનીષ જોષી

વડોદરા

વડોદરા જિલ્લાના શિનોર તાલુકાના નર્મદા તટે વસેલા માંગલ્યધામ માલસરના યોગાનંદ આશ્રમ ખાતે શ્રીમદ ભાગવત કથાનું આયોજન શાસ્ત્રી શ્રી જીતેશ શુક્લના વ્યાસપીઠપદે થયું હતુ. કથાની શોભાયાત્રા માંગલ્યધામમાં ફરી હતી. શુકદેવ, પરીક્ષિત મિલન, નૃસિંહ પ્રાગટ્ય , વામન - રામ અને કૃષ્ણ જન્મોત્સવ ,ગોવર્ધન પુજા , રૂકમણિ વિવાહ , કૃષ્ણ દાંમ્પત્ય , હુંડી ના પ્રસંગોનુ શ્રવણ ભાવિકોએ કર્યુ હતુ. આ કથાના મુખ્ય મનોરથી હિમાંશુ અને ગૌરાંગ ઠક્કર હતા. કથા દરમિયાન જળ એ જ જીવન અને નર્મદા મૈયાનું મહાત્મ્ય પણ શાસ્ત્રીજીએ સમજાવી પાણી બચાવવા અનુરોધ કર્યો હતો.

<u>આત્મચિંતન</u>

## ધ્યાનયોગ માટે પણ શાંત મનઃસ્થિતિ જરૂરી

મન મસ્તિષ્કની સ્થિતિના વિષયમાં એક મોટી સ્પષ્ટ વાત છે. જો તેમાં હલચલ રહી હશે, જુદા જુદા વિચારો ઉઠતા હશે તો પાણીમા ઉઠતી તરંગોની જેમ અસ્થિરતા જ બની રહેશે. સ્થિર પાણીમાં ચંદ્ર, સૂર્ય, તારાઓ વગેરેનું પ્રતિબિંબ સારી રીતે જોઈ શકાય છે પરંતુ હિલોળા લઈ રહેલ પાણીમાં કોઈ છબી નહી દેખી શકાય. વિચારોની હડકંપ જો મસ્તષ્કમાં ઉઠતી રહે, અલગ અલગ પ્રકારની કલ્પનાઓ ઘોડાદોડ કરતી હોય તો પછી બ્રહ્મ સંબંધની પ્રગાઢતામાં નિશ્ચિત રૂપથી અડચણો ઉભી થશે. મસ્તષ્ક જેટલું વધારે પ્રગાઢ અને પ્રભાવશાળી બનતું જશે.

આકાશમાં જ્યારે વિજળી ચમકી રહી હોય કે આંધી તોફાનની મોસમ ચાલતી હોય તો આપણા રેડીયોમાં અવાજ ચોખ્ખો નથી આવતો. અંતરિક્ષમાંથી ભૌતિક શક્તિઓ અને આત્મિક ચેતનાઓના દૂરના ક્ષેત્રમાંથી મનુષ્યમાં અવતરણ થાય છે. બ્રાહ્મી ચેતના એક પ્રકારનું બ્રોડકાસ્ટ કેન્દ્ર છે, જયાંથી માત્ર સંકેત, નિર્દેશ, સૂચનાઓ જ નહિ પરંતુ વિવિધ પ્રકારના સામર્થ્ય પણ પ્રેરિત થતા રહે છે. સૂક્ષ્મ જગતમાં આ ક્રમ નિરંતર ચાલતો રહે છે. જ્યાં વ્યક્તિએ પોતાની જાતને સાચી રીતે અંતઃસ્થિતિમાં બનાવી લીધો છે ત્યાં આ સુવિધા રહેશે કે બ્રહ્મ ચેતનાની વિવિધ સૂચનાઓને ગ્રહણ કરીને પોતાની જ્ઞાન ચેતનાને વધારી શકે.

પરંતુ આ સંભવ ત્યારે જ છે. જ્યારે મનુષ્ય પોતાના મસ્તષ્કને તણાવ રહિત શાંત સ્થિતિમાં રાખે..

**- ગાયત્રી શક્તિપીઠ,ડીસા**

**'રખેવાળ' ના આ પાના ઉપર પ્રસિધ્ધ થતી વિગતો અને લેખો જે તે લેખકના વ્યકિતગત મૌલિક વિચારો ઉપર આધારીત હોય છે. તેની સાથે તંત્રી-સંપાદક સહમત નથી. જે તે વિગતો અને લેખોની સંપૂર્ણ જવાબદારી લેખકોની જ રહેશે.**

## ઓરિફ્લેમની ઓપ્ટીમલ્સ હાઈડ્રા રેન્જ સાથે પોતાની ત્વચાને આપો એક નવો અહેસાસ



સ્વસ્થ, મુલાયમ અને ચમકદાર ત્વચાનો અનુભવ પૂરી પાડવાની પોતાની પ્રતિબદ્ધતાને સાકાર કરતાં ઓરિફ્લેમે ત્વચાને નવી તાજગી આપવા માટે પોતાની વિશેષ ઓપ્ટીમલ્સ હાઈડ્રા રેન્જ લોન્ચ કરી છે.સ્વીડિશ વનસ્પતિ તત્વોના વિશેષ મિશ્રણ સાથે તૈયાર આ રેન્જ ત્વચાને નમી પ્રદાન કરે છે, ત્વચાને ચમકદાર બનાવે છે, રંગ-રૂપને નિખારે છે, ત્વચાને તાજગીપૂર્ણ અને મુલાયમ બનાવી રાખે છે.આના નિર્માણમાં એન્ટીઓક્સીડેન્ટ, વિટામિન, અને એસેન્શિયલ ઓઈલ જેવા તત્વો તથા નવી વૈજ્ઞાનિક ટેકનિકોને સમાવિષ્ટ કરવામાં આવે છે.''વૈશ્વિક બ્યૂટી તથા સ્કિનકેર ઈન્ડસ્ટ્રીમાં ૫૦ વર્ષનો તીવ્ર અનુભવ રાખનાર ઓરિફ્લેમે પ્રાકૃતિક રીતે સુંદર ત્વચા આપવાની વિરાસતને જાળવી રાખી છે. સ્વીડિશ પ્રાકૃતિક તત્વોના મિશ્રણથી તૈયાર સોપ-ફ્રી ક્લીજિંગ જેલ ત્વચામાંથી વધારાની ચીકાસ અને ગંદકી દૂર કરવા, મેક-અપ ઉતારવા અને ત્વચા છિદ્રોને ખોલવા, ત્વચાને મલાયમ, ગોરી્ ને ચમકદાર બનાવવાનું કામ કરે છે. ક્લીજિંગ જેલથી સફાઈ કર્યા બાદ આ રેન્જમાં સમાવિષ્ટ રિફ્રેશિંગ આલ્કોહોલ-ફ્રી ટોનર ત્વચા પર જમા અશુદ્ધિઓ, મેક-અપ અને ડેડ સ્કીન સેલ્સને દૂર કરવામાં મદદ કરે છે. આ ટોનર ત્વચાને મોશ્ચરાઈઝરના ઉપયોગ માટે તૈયાર કરે છે. હાઈડ્રેટિંગ આઈ ક્રિમ આંખોની આસપાસની ત્વચાને ચમકદાર બનાવે છે અને ગહેરા નિશાનને ઓછા કરવામાં મદદ કરે છે.ત્યાં જ અલ્ટ્રા-લાઈટ હાઈડ્રા સીરમ ત્વચાને નમી પ્રદાન કરે છે, ત્વચાને ચમકદાર બનાવે છે અને તેને ફ્રી રેડિકલ નુકશાનથી બચાવે છે. હાઈડ્રા રેડિએન્સ ડે ક્રીમ અને નાઈટ ક્રીમ વિટામિન ઈ, વિટામિન સી અને એન્ટી-પોલ્યૂશન એકક્વ સાથે એક્વા મિનરલ્સના મિશ્રણથી યુક્ત છે. ડે ક્રીમ ત્વચાની ચમકને સંતુલિત બનાવી રાખવા, ત્વચાને પ્રદુષણ નુક્શાનથી બચાવવા, ત્વચાને નમી આપવા અને તેને મુલાયમ તથા તાજગીપૂર્ણ બનાવી રાખવામાં મદદ કરે છે. નાઈટ ક્રીમ ત્વચાને પૂરી રાત નમી આપી તેને ચમકદાર બનાવવામાં મદદગાર છે.

## કર્મા ફાઉન્ડેશન અને નવજીવન ટ્રસ્ટના સહયોગથી સાબરમતી સેન્ટ્રલ જેલમાં મહિલા કેદીઓ સેનેટરી નેપકીન બનાવશે



અમદાવાદ

"છ મહિના પહેલા જયારે હું પહેલી વખત અમદાવાદની સાબરમતી જેલની મહિલા બેરેકની મુલાકાતે ગઈ ત્યારે મને બહુ આધાત લાગ્યો હતો, કારણ મહિલા બેરેકમાં રહેલી મહિલા કેદીઓ પાસે કહી શકાય તેવુ કોઈ ખાસ કામ જ નહોતુ. ગાંધીજી સ્થાપિત નવજીવન ટ્રસ્ટ દ્વારા મને એક વિચાર આપવામાં આવ્યો હતો કે કર્મા ફાઉન્ડેશન મહિલા બેરેકમાં રહેલી મહિલા કેદીઓ તાલીમ અને રોજગાર આપી શકે છે. મહિલા બેરેકમાં રહેલી મહિલાઓ સેનેટરી નેપકીન બનાવવાનું યુનિટ શરૂ કરવામાં આવે તો મહિલા કેદીઓની પ્રવૃત્તીની સાથે રોજગારી પણ મળશે, બીજી તરફ માસીક ધર્મ વખતે સામાન્યમાં સામાન્ય સ્ત્રીઓને સ્વચ્છ સેનેટરી નેપકીન મળે તે દીશામાં પણ કામ થશે., તેના અનુલક્ષમાં પણ હું પહેલી વખત સાબરમતી જેલમાં ગઈ હતી", આ શબ્દો છે કર્મા ફાઉન્ડેશનના મેનેજીંગ ટ્રસ્ટી પ્રિયાંશી પટેલના.ગુજરાતી માણસના લોહીમાં વ્યવસાય છે, જેલમાં રહેલી મહિલાઓને માત્ર જેલમાં જ કામ મળે તે આ પ્રોજેકટનો ઉદ્દેશ નથી, પણ જેલમાંથી પોતાની સજા પુરી કરી બહાર આવનાર મહિલા પગભર થાય અને પોતે પણ આ પ્રકારનો વ્યવસાય કરી શકે છે, તેવો આત્મવિશ્વાસ તેમાં ઉભો થાય તેવો પ્રયાસ છે. સેનેટરી નેપકીન બનાવવાના પ્રોજેકટનું ઉદઘાટન તા ૭મી મેના રોજ ગુજરાતની જેલોના વડા ટી એસ બીસ્ટના હસ્તે કરવામાં આવ્યુ હતું, હાલના તબક્કે આ યુનીટ ઉપર ૧૨ મહિલા કેદીઓ કામ કરશે, જેમાં ક્રમશ વધારો કરવામાં આવશે કેદીઓ દ્વારા તૈયાર થયેલા સેનેટરી નેપકીન ગુજરાતની તમામ મહિલા કેદીઓને તો મફત મળશે પરંતુ રાજય સરકારની વિવિધ એજન્સીઓ મારફતે પણ ગરીબ અને ખાસ કરી શાળાની બાળકીઓને પણ નેપકીન મળે તે દીશામાં ચર્ચા થઈ રહી છે."નવજીવન ટ્રસ્ટ અને સાબરમતી જેલ છેલ્લાં બે વર્ષથી વિવિધ પ્રોજેકટ ઉપર સાથે કામ કરી રહ્યા છે. એક વર્ષ અગાઉ સાબરમતી જેલના સુપ્રીન્ટેન્ડન્ટ પ્રેમવિરસિંગ દ્વારા એક સુચન કરવામાં આવ્યુ હતું કે મહિલા બેરેકની મહિલા કેદીઓ પાસે કોઈ જ કામ નથી, જો મહિલા કેદીઓને કામ મળે તો તેમને રોજગારી સાથે પ્રવૃત્તિ પણ મળશે આ અંગે મહિલા કેદીઓ સાથે કામ કરી શકે તેવી સંસ્થા અને વ્યકિતની શોધમાં હતા, ત્યારે અમારો સંપર્ક થયો કર્મા ફાઉન્ડેશના મેનેજીંગ ટ્રસ્ટી પ્રિયાંશી પટેલનો , તેમણે મહિલા બેરેકમાં સેનેટરી નેપકીન યુનિટ શરૂ કરવા માટે જરૂરી તમામ વ્યવસ્થા કરવાની ખાતરી આપી હતી અને તેમણે આ યુનિટની શરૂઆત કરી છે. નવજીવન ટ્રસ્ટની ભુમીકા સાબરમતી જેલ અને કર્મા ફાઉન્ડેશન વચ્ચે સંયોજન કરવાની હતી. આ જ પ્રકારે નવજીવન ટ્રસ્ટ આગામી સમયમાં વધુ સંસ્થાઓને સાબરમતી જેલના વિવિધ પ્રોજેકટમાં ભાગીદાર બનાવવાનો પ્રયત્ન કરશે."

## આલિયા ભટ્ટ હાઈ ફીવર પર બધી માતાઓ સાથે પરફોર્મ કરે છે

ફોટો : શાંતી શાહ




અત્યંત પ્રતિભાશાળી બોલીવૂડની જોડી આલિયા ભટ્ટ અને વિકી કૌશલે હાઈ ફીવર... ડાન્સ કા નયા તેવરની ટીમ સાથે માતૃ દિવસની ઉજવણી કરી હતી. ઉજવણીમાં સંપૂર્ણ ગળાડૂબ થયેલી આલિયા ભટ્ટે આગામી ફિલ્મ રાઝીમાં પોતાની માતા સાથે કામ કરવાના અનુભવ વિશે વાતો કરી હતી. સેટ પર બધી માતાઓ સાથે નૃત્ય કરતાં તેણે બધાને પોતાની તાલે ઝુમાવ્યા હતા.ખાસ સરપ્રાઈઝમાં માતૃ દિવસની ઉજવણી કરવા માટે હાઈ ફીવરની ટીમે બધા સ્પર્ધકોની માતાઓને તેમના બાળકો માટે ઝૂમવા માટે આમંત્રિત કરી હતી. આ ઉજવણીથી સેટ પર દરેકની આંખોમાંથી ખુશીનાં આંસુ સરી પડ્યાં હતાં. અમુક પોતાની માતા સાથે પરફોર્મ કરવા મળતાં ખુશીથી રડી પડ્યા હતા તો અમુકને આ સુખદ અહેસાસ નહીં મળ્યો તે બદલ રડી પડ્યા હતા. બધા સ્પર્ધકોની માતાઓએ ગેસ્ટ જજને વિનંતી કરી હતી. આ વિનંતી બધી માતાઓ સાથે નૃત્ય કરવાની હતી, જેને આલિયા અને વિકીએ તાત્કાલિક સ્વીકારી લીધી હતી. માતાઓ સાથે નૃત્ય કરતાં આલિયા ભટ્ટે તેમની સાથે નૃત્ય કરતી બધી મહિલાઓ માટે અત્યંત વહાલું વાક્ય કહી સંભળાવ્યું હતું. તેણે કહ્યું, યેહ સબ મધર ઈન્ડિયાઝ હૈ. ઈન સબકો હમેં સલામ કરના ચાહિયે.બધી માતાઓને સલામ કરતાં હાઈ ફીવર... ડાન્સ કા નયા તેવરનો આલિયા ભટ્ટ અને વિકી કૌશલ સાથેનો આ રોમાંચક એપિસોડ ચૂકશો નહીં.વધુ જાણકારી માટે જોતા રહો હાઈ ફીવર... ડાન્સ કા નયા તેવર, દર શનિવાર- રવિવારે રાત્રે ૯.૩૦, ફક્ત &TV પર!

## કિંગસ્ડન ટેકનોલોજીએ પોતાની સેવાઓ ભારતમાં મજબૂત બનાવી



મેમરી પ્રોડક્ટ્સમાં વૈશ્વિક આગેવાન કિંગ્સ્ટન દ્વારા ગ્રાહકો, ભાગીદારો ને અન્ય હિસ્સાધારકો માટે ભારતમાં તેની સેવાઓ મજબૂત બનાવવામાં આવી હોવાની ઘોષણા કરવામાં આવી છે. કિંગ્સ્ટને એક જ દિવસમાં સર્વિસ કસ્ટમર્સના ૮૦ ટકાનો એકધાર્યો નેશનલ ટર્ન અરાઉન્ડ ટાઈમ (ટીએટી) જાળવી રાખ્યો છે, જે ગયા વર્ષની તુલનામાં ૨૦ ટકાનો તીક્ષ્ણ વધારો દર્શાવે છે. આ સિદ્ધિ કંપનીએ એકંદર ગ્રાહક સંતોષમાં સુધારણા કરવા માટે એકધાર્યા પ્રયાસો કર્યા તેને લીધે શક્ય બની છે. કિંગ્સ્ટને ભારતમાં યોગ્ય સ્રોતોમાંથી ખરીદી કરવા માટે ગ્રાહકોને તેની સેવાઓ બહેતર બનાવવા માટે અસરકારક પગલાં લીધાં છે.કિંગ્સ્ટન તેની બધી પ્રોડક્ટ રેખાઓ માટે એક છત હેઠળ નિવારણ તરીકે એકલ રાષ્ટ્રીય સેવા ભાગીદાર થરી ઉત્તમ સેલ્સ ટેકો આપે છે. ગ્રાહકો યોગ્ય સ્રોતમાંથી ખરીદી કરતા હોય તેઓ ભારતમાં ૫૦થી વધુ સેવા કેન્દ્રોની મુલાકાત લઈ શકે, જે ત્યાં જ ફંકશનલ સ્ક્રીનિંગ સુવિધા ઓફર કરે છે. સર્વિસ ડિલિવરી અસરકારક અને સુચારુ બનાવવા માટે ચુનંદાં કેન્દ્રોમાં કિંગ્સ્ટનની પ્રોડક્ટો માટે સમર્પિત કાઉન્ટરો છે. સેવા કેન્દ્રોમાં પહોંચી નહી શકતા હોય તેવા ગ્રાહકો માટે કિંગ્સ્ટન તેની મર્યાદિત કુરિયર સુવિધા સાથે મૂલ્યનો ઉમેરો કરે છે. કંપની સેવા અને પ્રોડક્ટો વિશે ગ્રાહકોને મફત એન્ડ્રોઈડ એપ આધારિત અપડેટ્સ પણ આપે છે. કંપનીએ ગ્રાહકો નહીં હોય તેમને પણ મફત ટેકનિકલ ટેકો આપવાનું ચાલુ રાખ્યું છે. આ લાભોને લીધે પ્રતિસાદ સમય ઝડપી બને છે અને સમસ્યાઓનું ઉકેલ પણ ઝડપથી આવે છે.ગ્રાહક સેવા અનુભવ વધુ બહેતર બનાવવા માટે વધુ એક પગલું આગળ મૂકતાં કંપની ગ્રાહકોને અભિમુખ કિંગ્સ્ટન પ્રોડક્ટ તેમના ડિવાઈસ માટે ઓળખવા અને ખરીદી કરવા માટે મદદરૂપ થવા ગ્રાહકોને પ્રી- સેલ્સ સહાય પણ આપે છે. કિંગ્સ્ટન હંમેશાં બજારમાં સ્પર્ધકોથી પોતાને અલગ તારવે તેવી ઝંઝટમુક્ત ગ્રાહક સેવા પ્રદાન કરવામાં માને છે. કંપની હંમેશાં દરેક નવી પ્રગતિ સાથે ઉદ્યોગનાં ધોરણોને પાર કરે છે, જ્યારે પ્રોડક્ટની ગુણવત્તા અને વિશ્વસનીયતા પણ જાળવી રાખે છે.

## ઝી ટીવીના એકટર્સ મધર્સ ડે વિશે શું કહે છે ?



કરણ જોટવાની જે ઝી ટીવી ના આપકે આ જાને સે માં સાહિલનું પાત્ર ભજવે છે તે જણાવે છે કે મારે મારી માતા માટે પ્રેમ દર્શાવવા માટે કોઈ ખાસ દિવસની જરૂર નથી. મારા માટે, દરેક દિવસ મર્ધસ ડે છે. હું મારી માતાનો જે તેને આટલા વર્ષોમાં મારા માટે કર્યું છે તેના માટે પુરતો આભાર નથી માની શકતો. જયારે હું સ્કુલમાં હતો, મારી માતા મને કવિતાઓ શીખવાળતી હતી અને તેને મને મદદ કરી અને હું આજે એના લીધે એક એક્સપ્રેસીવ કલાકાર બની શક્યો. માતાનો પ્રેમ એક દમ શુદ્ધ હોય છે, કારણ કે તેમાં કોઈ શરત હોતી નથી. આપણે તેની ઉજવણી દરરોજ, દર ક્ષણે કરવી જોઈએ, અને આપણે તેને જણાવવું જોઈએ કે કેટલો પ્રેમ કરીયે છે.ઈશા સીઘ જે ઝી ટીવીના ઈશ્ક સુભાન અલ્લાહ માં ઝારાનું પાત્ર ભજવે છે તે જણાવે છે કે મારા માટે, દરેક દિવસ મધર્સ ડે છે. મેં હાલ કોઈ આયોજન કર્યું નથી. હું મારી માતા સાથે ગુણવત્તાભર્યો સમય વિતાવવા ઈચ્છું છું અને મોડી રાતે તેની સાથે ડ્રાઈવ પર જવા ઈચ્છું છું. એવા ઘણાં લોકો છે જેને એક નહીં તો બીજી રીતે મારા જીવનમાં બદલાવ લાવ્યો છે. પરંતું, એક વ્યક્તિ એ જે મારા માટે કર્યું છે તે કોઈ ના કરી શકે તે છે મારી માં. એમાં કોઈ શંકા નથી કે ઘણી બધી માતાઓ ખુબ જ સારી છે અને તેઓ પણ એટલી જ મહત્વની છે જેમને તેઓ ચાહે છે અને તેની ચિંતા કરે છે. અને મારી માતા મારા માટે મારી દુનિયા છે. હું નથી જણાવી શકતી કે તે કેટલી મહત્વની છે અને હું એને મારા જીવનમાં મેળવી કેટલી ભાગ્યશાળી અનુભવું છું. હું આ તકને બધી જ માતાઓને હેપી મધર્સ ડેની શુભેચ્છા પાઠવું છું.અદનાન ખાન જે ઝી ટીવીના ઈશ્ક સુભાન અલ્લાહ માં કબીરનું પાત્ર ભજવે છે તે જણાવે છે કે હું નથી માનતો કે આપણે આપણી માતા માટે અને આપણા તેંની સાથેના સંબંધ માટે કોઈ ખાસ દિવસની જરૂર નથી. ભગવાનની એક માનવ માટે સૌથી મહાન ભેટ છે એ એક સુંદર માતા છે અને તેને હંમેશા પ્રેમ કરવો જોઈએ અને તેનું માન રાખવું જોઈએ. મધર્સ ડેના દિવસે, હું મારી માતાને તેની પસંદગીની રેસ્ટોરન્ટ પર લઈ જવા ઈચ્છીશ અને તેની સાથે દિવસ ગાળવા ઈચ્છીશ.

## સિરકા પેઈન્ટ્સ ઈન્ડિયા લિમિટેડનો આઈપીઓ ૧૬ મે, ૨૦૧૮નાં રોજ ખુલશે

મુંબઈ

દિલ્હીની સિરકા પેઈન્ટ્સ ઈન્ડિયા લિમિટેડનો આઈપીઓ ૧૬ મે, ૨૦૧૮નાં રોજ ખુલશે. ઓફરમાં રોકડ માટે રૂ. ૧૦ની ફેસ વેલ્યુ ધરાવતાં ૪૮,૬૯,૬૦૦ નવા ઈક્વિટી શેર ઈશ્યૂ થશે. ઈક્વિટી શેરદીઠ પ્રાઈઝ બેન્ડ રૂ. ૧૫૧થી રૂ. ૧૬૦ નક્કી કરવામાં આવી છે, જેથી આઈપીઓ કુલ કદ રૂ. ૭,૩૫૩.૦૯ લાખથી રૂ. ૭,૭૯૧.૩૩ લાખ વચ્ચે થાય છે. શેરનું લિસ્ટિંગ નેશનલ સ્ટોક એક્સચેન્જનાં એનએસઈ ઈમર્જ પ્લેટફોર્મ પર થશે. ઈશ્યૂનાં બુક રનિંગ લીડ મેનેજર્સ નેવિગન્ટ કોર્પોરેટ એડવાઈઝર્સ લિમિટેડ છે. આઈપીઓ ૨૨ મે, ૨૦૧૮નાં રોજ બંધ થશે. કંપનીનાં શેર પ્રાઈઝ ટૂ અર્નિંગ (પીઈ) રેશિયો ૧૯.૦૯ પર ઓફર થયાં છે, જ્યારે ઉદ્યોગનો પ્રાઈઝ ટૂ અર્નિંગ રેશિયો ૪૧.૩૦ છે. બિડ લઘુતમ ૮૦૦ ઈક્વિટી શેર માટે અને પછી ૮૦૦ ઈક્વિટી શેરનાં ગુણાંકમાં કરી શકાશે. ક્વોલિફાઈડ ઈન્સ્ટિટ્યૂશનલ બિડર્સ (ક્યુઆઈબી) માટે અનામત રાખેલો ૫૯.૬૨ ટકા હિસ્સો વિવેકાધિન રીતે એન્કર ઈન્વેસ્ટર્સને ઓફર થશે. ચોખ્ખા ઈશ્યૂમાં ક્યુઆઈબીનો હિસ્સો ૪૯.૬૯ હશે. આઈપીઓ લાવવાનો ઉદ્દેશ સાઈટ/પ્લાન્ટ વિકસાવવા તથા પ્લાન્ટ અને મશીનની ખરીદી માટેનો ખર્ચ પૂરો કરવા, કંપનીની સંવર્ધિત કાર્યકારી મૂડીની જરૂરિયાતો માટે આંશિક રીતે ભંડોળ પૂરું પાડવા, સાધારણ કોર્પોરેટ ઉદ્દેશ પાર પાડવાં અને ઈશ્યૂનાં ખર્ચને પહોંચી વળવાનો છે.

સિરકા પેઈન્ટ્સ ઈન્ડિયા લિમિટેડે સિરકા એસ.પી.એ. ઈટાલી સાથે વિતરક કરાર કર્યા છે, જેમાં તેને ભારત, શ્રીલંકા, બાંગ્લાદેશ અને નેપાળમાં ૪૧ સિરકા ટ્રેડમાર્ક હેઠળ પીયુ અને મેટલ કોટિંગનું વેચાણ વધારવાનાં એક્સક્લૂઝિવ અધિકાર મળ્યાં છે. આ સમજૂતી અનુસાર, કંપની "સિરકા" ટ્રેડમાર્ક હેઠળ, ભારતમાં પેઈન્ટ્સ એનસી, પેઈન્ટ્સ એસી, થિનર, પોલીયુરેથિન ઉત્પાદનોનું ઉત્પાદન કરવાનાં વિશિષ્ટ અધિકાર ધરાવે છે.

## ત્યારે ગામના પંડીતે કહ્યુંઃ " આ બાળક કોઈ સામાન્ય નથી"

**જ્ઞાન સરિતા**
**-મુકેશ આંજણા**

બાળક શ્રી રાજારામજી સમય સાથે ઘૂંટણીયે ચાલવા શીખ્યા. નાનકડા પગે ઘરના આંગણે ક્યારેક દોડ દોડી કરતાં હતા.

એક દિવસ શ્રીરાજારામજીના માતા મોતીબાઈએ ખાવા માટે માલ પુવા (માલપૂડો) આપ્યો અને તેઓ આંગણાની વચ્ચે આવીને બેઠા હતા ત્યારે એક કાગડો આવ્યો. બાળક રાજારામજી પાસે આવીને બેસી ગયો. શ્રી રાજારામજીએ માલ પુવા (માલપૂડો) હાથમાં લઈને કાગડાને આપતા હોય તેવા ઈશારો કર્યા ત્યારે કાગડાએ પોતાની ચાંચ ખોલી, પરંતુ શ્રી રાજારામજીએ પોતાના હાથ પાછળ માલ પુવા (માલપૂડો) સંતાડી દીધા. પછી તો બાળક માટે જાણે નવો ખેલ બની ગયો. બસ શ્રી રાજારામજી માલ પુવા (માલપૂડો) કાગડા તરફ કરે અને કાગડો પોતાની ચાંચ ખોલીને તે માલ પુવા (માલપૂડો) ખાવાની કોશિશ કરે ત્યારે પોતાના હાથ વડે પીઠની પાછળ સંતાડી દેતા. આ બાળકની લીલા દેખીને માતુશ્રી મોતીબાઈ મંત્રમુગ્ધ થઈ ગયા. થોડી જ ક્ષણમાં માતાએ કાગડાને ઉડાડી દીધો અને પોતાના બાળકને પ્રેમ ભર્યા સુંવાળો સ્પર્શ કર્યો.

સાંજના સૂરજ ડૂબી રહ્યો હતો.

તેવા સમયે ગામના એક પંડિતજી હરિંગજીના ઘેર આવ્યા હતા ત્યારે મોતીબાઈ એ પેલી કાગડાવાળી ઘટના કહી હતી. તે ઘટના સાંભળીને પંડિતજીએ મોતીબાઈને કહ્યું કે આ કોઈ ઘટના સામાન્ય નથી, આ ઘટના કોઈ દેવી શક્તિના ગુણ દેખાઈ રહ્યા છે. પંડિતજી એ કહ્યું કે હું તમને આવી જ ભગવાન રામની સાથે જોડાયેલી ઘટના સંભળાવું છું. પંડિતજી એ કહેવાની શરૂઆત કરી. એક વખત માતા કૌશલ્યાએ રામ, લક્ષ્મણ, ભરત અને શત્રુધ્ન આમ ચાર ભાઈને માલ પુવા (માલપૂડો) ખાવા માટે આપ્યા. ચારે ભાઈઓ રમી રહ્યા હતા. ત્યારે દેવતાગણ આ વિસ્મય દ્રશ્યને જોઈને ખૂબ જ ખુશ થઈ ગયા હતા.

ભગવાન શિવ અને કાગભુશુંડીજીને વિચાર કર્યો કે ભગવાનશ્રી રામજીના ઉચ્છિષ્ટ ભોજનનો આનંદ લઈએ. તેવા સમયે કાગભુશુંડીજી એ કહ્યું કે હું અત્યારે જ લઈને આવું છું. તેઓ જાણે કે શરીર ધારણ કરવાથી લાભ જરૂર પ્રાપ્ત થશે.

તેઓએ કહ્યું કે ઠાકુરજી માટે પ્રસાદ લેવા માટે જઈ રહ્યો છું તેવા સમયે ભગવાન શિવે કહ્યુંઃ ન આપ્યો તો?

કાગભુશુંડીજીએ કહ્યું કેઃ 'ન આપ્યો તો છીનવીને પણ લઈને આવીશ......'

કાગભુશુંડીજી ભગવાન શ્રી રામના નજીક ગયા અને જોર જોરથી બુમ પાડવાની શરૂઆત કરી 'કાવ કાવ' ત્યારે ભગવાને માલ પુવા (માલપૂડો) તેઓની તરફ કર્યા ત્યારે ચાંચ ખોલીને કાગભુશુંડીજી આગળ વધવાની કોશિશ કરી ત્યારે માલ પુવા (માલપૂડો) હાથ પાછળ કરીને સંતાડી દીધો. ક્યારેક દેખાડીને, ક્યારેક સંતાડીને કાગભુશુંડીજીને બરાબર લલચાવવામાં આવ્યા. આ ભગવાનની બાળલીલા હતી. વર્ણન કર્યા બાદ પંડિતજી એ પણ કહ્યું કે તમારા બાળકે પણ આવું જ કંઈક કર્યું હતું.

પંડિતજીએ કહ્યું કે "મોતીબાઈ તમારો પુત્ર કોઈ સામાન્ય બાળક નથી. બાળકનો જન્મ કોઈ નવા ઉદ્દેશ્યથી થયો છે અને એક દિવસ આખા સમાજને ઉજળો કરશે. આ બાળક પર લોકો ગર્વ કરશે, આ મારી વાત લખીને રાખજો."

હરિંગજી અને મોતીબાઈ પંડિતની વાત ધ્યાનથી સંભાળી રહ્યા હતા અને કહ્યું કે પ્રભુની કૃપા અને તમારા આશીર્વાદથી આ બાળક નક્કી વંશનું નામ રોશન કરશે એવો વિશ્વાસ છે.

મનમોહક સ્વરૂપ ધરાવનાર શ્રી રાજારામજીને બધા લોકો ખૂબ જ પ્રેમ કરતાં હતા. ખાસ કરીને તેઓના મોટાભાઈ શ્રી રઘુનાથજી ખૂબ જ પ્રેમ કરતાં હતા. બન્ને ભાઈ વચ્ચે પ્રેમ અપાર હતો અને જાણે કૃષ્ણ બલરામની જોડી હોય એવું લાગતું હતું.

હરિંગજીનો પરિવાર આર્થિક દ્રષ્ટિ ખાસ સધ્ધર હતો પણ પરસ્પર પ્રેમ ભક્તિ અને સહયોગની અમૂલ્ય મૂડી તેઓની પાસે હતી તે ગામના અન્ય લોકો પાસે ન હતી. ભલે આ પરિવાર ભૌતિક રીતે સુખી સંપન્ન ન હોય પરંતુ ભગવાનની કૃપાથી માલા- માલ હતો. પરિવારના સભ્યો દરેક કાર્યમાં ભગવાનનો આભાર માનતા હતા.

આપણે ત્યાં એક કહેવત છે કે 'પૂત કે પૈર પાલન મેં દિખ જાતે હૈ' બાળક શ્રી રાજારામજીને પગ નીચે દેખાઈ રહ્યું હતું કે આ બાળકની દિશા કઈક અલગ છે.

એક દિવસ વાત છે.

શ્રી રાજારામજી ઉંમર લગભગ ત્રણ ચાર વર્ષની હતી

માતા મોતીબાઈ ઘરની અંદર ભોજન બનાવી રહ્યા હતા, હરિંગજી અને શ્રી રઘુનાથજી ઘરની અંદર હતા નહીં. શ્રી રાજારામજી આંગણામાં રમી રહ્યા છે તેવો અવાજ આવી રહ્યો હતો પરંતુ તે અવાજ અચાનક બંધ થઈ ગયો ત્યારે મોતીબાઈએ કોઈ પ્રકારનું ધ્યાન આપ્યું નહીં. જયારે લાંબા સમય સુધી અવાજ સંભળાયો નહીં ત્યારે માતા મોતીબાઈએ બુમ પાડીને કહ્યું કે ઓ રાજા...ઓ રાજા... પરંતુ સામેથી કોઈ પ્રકારની અવાજ આવ્યો નહીં.

માતા મોતીબાઈએ ઝડપભેર હાથ માંથી પોતાનું કામ છોડીને શ્રી રાજારામજી તરફ દોડ્યા પરંતુ આ બાળક તો ઘરની એક જગ્યાના ખૂણામાં પલોટીવાળીને આંખ બંધ કરીને અને બન્ને હાથ પ્રણામની- ધ્યાનની મુદ્રામાં બેઠા હતા અને તેઓના મુખ પરથી નારાયણ-નારાયણ શબ્દો નીકળી રહ્યા હતા.

તેવા સમયમાં માતા મોતીબાઈ એવું ઈચ્છતા ન હતા કે શ્રી રાજારામજી ધ્યાન ભંગ થાય. પરંતુ માતા શ્રી રાજારામજી સામે આવીને ચૂપચાપ બેસી ગયા. ધ્યાન અવસ્થામાં શ્રી રાજારામજીને નિહાળતા રહ્યા.થોડા સમય પછી ધ્યાન માંથી ઉઠ્યા તો શ્રી રાજારામજી માતાને બાથ ભીડી દીધી. શ્રી રાજારામજીને ધ્યાનમાં બેસવું એ નિત્યક્રમ બની ગયો.

(ક્રમશ)

**- મુકેશ આંજણા**

## જાતિવાદના કાલિય નાગના ફંદાથી માનવિય સભ્યતા બચાવો.. બચાવો.. બચાવો...

જાતિવાદનો આ ઝેર મનુષ્ય સમાજ ના ખોળીયામા મગજ દવારા ધીરે ધીરે પ્રસરી રહ્યો છે.

આપણા સનાતન ધર્મને અને આપણા સનાતન માનવિય પ્રેમને ગળી રહ્યો છે, આ અજગર...

હું દરેક સમાજ સમક્ષ નતમસ્તક નિવેદન કરું છું ,કે આ વિભક્તપણાથી આપણ સૌને પારાવાર નુકશાન થવાનું છે.

સદિઓથી બંધાયેલી માનવિય લાગણીઓ -સંસકારની સભ્યતા જો એક વખત તુટી ગઈ તો પછી આપણી તાકાત નથી એને જોડી શકીએ,

માટે કોઈ પણ હક્ક અથવા અન્યાય ને જાતિવાદના વાડા હેઠળ લઈને છુટા ના પડો પણ સાથે રહી મેળવીએ આપણા હક્કો અને સાથે રહી લડીએ આપણી સાથે થતાં અન્યાય સામે...

હવે, કોઈ પણ સમાજ પોતાના સામાજિક પરંપરા અને અંતરંગ બાબતો માટે સ્વતંત્ર રીતે આયોજન કરે તે બરાબર છે પણ માનવિય હકકો માટે જ્યારે દરેક જાતિના લોકો જુદા પડી અને પોતાની સેનાઓ બનાવે ત્યારે આપણું ભવિષ્ય ચોકસ અંધકારમય જ બનશે એમા મીન મેખ નથી...

જે કોઈ પણ જાતિ સમાજમાં મુઠ્ઠી ઉંચેરા માનવી હતા એવા આપણા વડીલો ની સીંચેલી વિશ્વાસ અને સ્નેહની આ માનવિય સભ્યતા રુપી અમી વિરડીને મહેરબાની કરી સુકાવા ના દેશો..

જાતિ વાદ ની વાતો લઈ આપણ ને એકબીજાથી તોડવા માંગતા જે કોઈ લિડરો બીલાડીના ટોપની જેમ ઉગી નીકળ્યા છે તેઓ એમજ જન સમાજમા દુષ્ણ વધારી, ઝેર ઓકી અલ્પયૂમાજ ચાલ્યા જવાના છે... મનુષ્યને સભ્ય બનતા લાખો વર્ષ લાગ્યા છે અને વર્તમાન માં આવેલ સ્વાર્થી બુદ્ધિ હિન લિડરો ના પાપ થી આપણો સનાતન નાતો ઘડી પળ માં ધરાસયી થાય તેવું લાગે છે..

મિત્રો,

ઉપરોક્ત મારા અંતર ના આવાજ ને સમજવાની કોશીસ કરી આપણને ઘોર અંધકારમાં ધકેલતા વિદ્રોહીઓ થી સાવધાન રહેસો...

**- દશરથદાન ગઢવી, થરાદ**




શિકારી પોતાના દિકરા સાથે શીકાર પર ગયો. જંગલમાં એક ઉડતો બગલો આકાશમાં દેખાયો. શિકારીએ નિશાન તાકીને ફાયર કર્યું.. પણ છતાંય બગલો ઉડતો રહ્યો.. આથી શિકારી બોલ્યો, ‘જીંદગીમાં પહેલી વાર એક ચમત્કાર જોઈ રહ્યો છું, બેટા એક મરેલો બગલો આકાશમાં ઉડી રહ્યો છે..

ooooo

કોમેન્ટ્રેટર : તેડુંલકર ઓન સ્ટ્રાઈક.. દેખતે હે અબ કયા હોતા હૈ...

છગનબાપુ : ટીવ બંધ કર અલ્યા. આજથી મેચ જોવાનું જ બંધ... સચિન સ્ટ્રાઈક પર ગયો. આઠલું કમાય તોય પાછા સ્ટ્રાઈક પર ?

ooooo

સંતાની રોટલી પરથી ઉંદર દોડી ગયો.

સંતા : હવે હું આ રોટલી નહીં ખાઉં

બંતા : અરે યાર લે યાર, ઉંદરે કયાં ચંપલ પહેર્યા હતા.

ooooo

પતિ : મેં તને જોયા વગર જ લગ્ન કર્યા ને ?

પત્ની : મારી હિંમતને દાદ આપો, મે તો તમને જોયેલા હતા ને તોય લગ્ન માટે હા પાડી !

oooooo

સંતાએ એકવાર મેકેનિકલ એન્જિનિયરની પોસ્ટ માટે અરજી કરી. ઈન્ટરવ્યુમાં મેનેજર :- ઈલેક્ટ્રીક મોટર કેવી રીતે ચાલે છે ?

સંતા :- ઘુ....રરરરર મેનેજર ગુસ્સે થયો.

સ્ટોપ ઈટ સંતા :- ઘુર....રરરર.....ધૂપ.....ધૂપ....ધૂપ

oooooooo



# મધુવન

**‘લીલુડા પાંદડાની ઉછળતી વેલ,**
**હવે કંકુના પગલા દઈ ચાલી**
**રાખડીના તાંતણે બાંધેલું ફળીયું**
**હવે લાગશે સાવ ખાલી ખાલી’**

ચોમેર લગ્નનો માહોલ છે ત્યારે એક કંકોતરીમાંથી આ શબ્દો વાંચવા મળ્યા. સાચે જ દિકરીની હાજરીથી ભર્યુંભાદર્યું લાગતું ઘર સાવ સુમસામ બની જાય છે. જ્યારે દિકરીને વળાવવાનો પ્રસંગ આવે છે મુછે વાળ દેનારા મર્દોની આંખમાંથી આંસુ રેલાઈ જાય છે. દિકરાઓ બાપની સંપત્તિમાં ભાગ લે છે જ્યારે દિકરીઓ બાપના દુ:ખમાં સાથ આપે છે.

**‘કેવી રીતે જળ અહીં આંસુ બને તે જાણવા,**
**વ્હાલસોયી દિકરી ઘરથી વળાવી જોઈએ’**

ગૌરાંગ ઠાકરના આ શબ્દોમાં દિકરીની વિદાયની વાત છે. પિતાનું સૌથી વધારે પ્રિયપાત્ર હોય તો તે પુત્રી છે. પુત્રીને મા કરતાંયે બાપ વધારે વ્હાલ કરે છે. આથી જ દિકરી જાણ્યે અજાણ્યે પોતાના બાપ જેવો જીવનસાથી મળે એવાં સપનાં સેવતી હોય છે.

**‘તુજે રૂખસત કરુંગા હંસ કે બેટી,**
**રુલાને કો તેરી ગુડીયા બહુત હૈ’**

ખાલીદ સજનીદ અહમદના આ શે’ર માં દિકરીની વસ્તુઓ પણ એને યાદ કરવા રડવા માટે પુરતી છે એવી વાત છે. ઘરમાં પોતાનો અલાયદો સામાન રાખતી, સાચવતી, રમતી, ખેલતી, કુદતી દિકરીઓના રમકડાં, ઢીંગલી, કેટકેટલી ચીજો જોઈને એની યાદ અપાવે છે.

**‘બીટીયાં વિદા હુઈ ઘર સે, રોયા મેં ભર ભર**
**મુજે આંગન મેરે ઘર કા, કુછ સુના સા લગા’**

મનોજસિંહ ‘મન’ ના આ શે’ર માં પણ વિદાયનું દર્દ છે. વિવાહ પ્રસંગ પતી ગયા પછી બધો સામાન વ્યવસ્થિત કરતી ‘મા’ નું એક સંવેદના કાવ્ય યાદ આવી જાય છે..મા બધો સામાન ગોઠવે છે જ્યાંથી લાવ્યો છે પાછો મોકલાવે છે, ગોઠવે છે, સાફ કરે છે, વ્યવસ્થિત કરે છે, પોતે વ્યથિત છે એ ઘરમાં જાય છે બધું બરાબર છે પણ કશુંક ખુટે છે. શું ખુટે છે એનું વ્યથિત હૃદય જાણે છે પણ ડામાડોળ મગજ આ વાતથી અજાણ છે. એ ઘરમાં જાય છે, જુએ છે બહુ બરાબર છે પણ પોતાની દિકરી કયાં ? દિકરીનો ખાલીપો પુરવા એની આંખમાંથી શ્રાવણ ભાદરવો વરસી રહે છે.

**‘બેટીયાં જીંદગી કે અલંકારો મેં અનુપ્રાસ હૈ**
**બેટીયાં સંવેદનાઓ કા સ્પર્શીય અહેસાસ હૈ**
**રોટી કમ દેખ કે બેટી હસતે હુએ બોલી,**
**પાપા આપ ખા લીજીયે મેરા તો ઉપવાસ હૈ’**

સાચે જ દિકરીથી વધારે સાચું સમું એક પિતા માટે આ જગતમાં અન્ય કોઈ નથી. એવું કહેવાય છે કે આ જગતને દુ:ખીમાં દુ:ખી કોઈ માણસ હોય, દરીદ્ર કે કમનસીબ કોઈ હોય તો તે એક બાપ છે. જેના સંતાનમાં દિકરી નથી, દિકરીનું અસ્તિત્વ બાપના જીવનને ખુબ નિયંત્રીત કરે છે. દિકરીના હોવા માત્રથી બાપ એક જવાબદાર, ઠરેલ અને યોગ્ય માણસ બની જાય છે. બાપ પોતાની જવાબદારીઓનો બોજ દિકરાઓને સોંપી દે છે પણ દિકરીની જવાબદારી એ જીવનભર નિભાવે છે. ‘બાપના વટનો કટકો દિકરો હોઈ શકે પણ કાળજાનો કટકો તો દિકરી જ હોય’ અંતે જોઈએ મનોજસિંહ ‘મન’ નો વધુ એક શે’ર.

**‘બિન જેવર વિદા હુઈ જબ એક બેટી ગરીબ કી**
**સિંદુર ઉસકી માંગ મેં, સબ કો ગહના સા લગા’**

**ધેંગાભાઈ એન‘સરહદી’**

ગુરૂકૃપા બંગલોઝ-૨ નાની પાવડ (થરાદ)

**મો. ૯૪૨૭૬૪૪૬૧૧**

# ચંદુ ચકલો અને સાધુજી

ચંદુ ચકલો ચેન્નાઈથી ભણીને આવ્યો હતો પણ એ જ્યાં વસવાટ કરતો હતો ત્યાં સૌને કહેવા લાગ્યો, કેનેડાથી હું ભણીને આવ્યો છું. તમારા કરતાં હવે હું કંઈક અલગ છું.. મારી પાસે બેગ ભરીને જાત જાતની ડીગ્રીઓ છે. એમાંની એકાદ ડીગ્રી પણ તમારી પાસે નહીં હોય. અરે ચકલાની જમાત શું જાણે ડીગ્રી શું ચીજ છે ? અને ડીગ્રીમાં વળી કેવીક મજબુતી છે ?

ચંદુ ચકલાએ શરૂઆતમાં થોડાક દિવસ તો આ ડીંડવાણું દીધે રાખ્યું તો સામે વછેડે એની જમાત વાળા અને અન્ય પંખી પ્રભાવિત થઈ ગયાં. કેટલાંકે કહ્યું પણ ખરૂં.. ચંદુ ભૈ સાચું કહે છે ?

આ તરફ ચંદુ ચકલાને એનું નામ ગમતું ન હતું. કોઈ એને ચંદુભૈ કહેતું ત્યારે એને જોવા જેવું બની જતું એ કહેવા જતો કે. .મારૂં નામ બગાડો નહીં.. છેક કેનેડાથી ભણીને આવ્યો છું ને તમે બધા મને ચંદુભૈ કહો છો.. સાવ ગમાર જેવા ન જાણે કયારે અક્કલ આવશે ? ચંદુ ચકલો ત્રણ ચાર દિવસ પછી એક સાધુજીની પાસે ગયો. કહેવા લાગ્યો બાપજી હું કેનેડાથી ભણીને આવ્યો છું.. લોકો મને ચંદુભૈ કહે છે એ ગમતું નથી.

સાધુજીએ વાત વિગતે સાંભળી આંખોને પટપટાવતાં કહ્યું, કેનેડાના કયા શહેરમાં અભ્યાસ કર્યો છે ? સાધુજીએ સવાલ કર્યો એ સાથેનું ચંદુ ચકલો ગેંગેં ફે ફે કરવા લાગ્યો. હકીકતમાં એ કેનેડા ગયો હતો જ નહીં. પછી કયાંથી એને શહેરનું નામ આવડવાનું હતું ? છતાંય એણે ઠોકમઠોક નામ દઈ દીધું..’ સીડની શહેર..

સીડની નામ સાંભળતાં જ સાધુજી ભડકયા. સાધુજી ઓસ્ટ્રેલિયાનો પ્રવાસ કરી આવ્યા હતા. તે જાણતા હતા કે સીડની ઓસ્ટ્રેલીયાનું મોટું મજાનું શહેર છે પણ તેઓ કહે નામમાં શું ધુળ છે ? ચંદુ ભૈ કહે કે ચંદુજી નામ નહીં.. કામનું મૂલ્ય છે ?

સાધુજીએ એકદમ સાચું વાકય રજુ કર્યું પણ ચંદુ ચકલાને ન ગમ્યું એ તો ફરરર.. કરતોક ઉડતો ઉડતો બોલ્યો, આ સાધુડો પણ મુરખનો જામ છે. નામને બદલે કામને મહત્વ આપે છે.

એ પછી ચંદુ ચકલો ગામના એક શેઠના છોકરા પાસે આવ્યો અને પોતે કેનેડામાં ભણીને આવ્યો છે.. એની એ જમાતના લોકો ચંદુ કહે છે એ નથી ગમતું નવું નામ જણાવા કહ્યું.

શેઠનો છોકરો ભણેલો હતો. એણે પહેલાં તો ચકલાને આવકાર્યો.. પણ કેનેડામાં અભ્યાસ કર્યો હોવાનું સાંભળી એની આંખો ખેંચાણી.. વચ્ચે મસ મોટો દરીયો પવનના તોફાનો, વાવાઝોડાં, ગમે તેવા બહાદુરના હાંજા ગગડી જાય, ત્યાં આ ચકલો.. માન ન માન ફેંકતો લાગે છે પણ શેઠના છોકરાએ વાતને પેટમાં રાખીને નામનો નહીં કામનો મહીમા ગાયો. સારા કામો કરો એ જ મહત્વનું લોકો તમને ચંદુ ભૈ કહે કે ચંદુપ્રસાદ..

શેઠનો છોકરો બોલતો રહ્યો, જીવનનું સાચું રહસ્ય સાચી વાત પણ ચંદુ ચકલાને ન ગમ્યું. એ તો મોં બગાડી ચકાચક ચકાચક એટલે કે છટ છટ કરતોક ઉડી ગયો.

એ તો આવ્યો ગામના ગોરજી પાસે કુંભાર પાસે કુંભાર પોતાના વાડામાં માટીના ગારામાં પગ નાખીને ખુંદતો હતો. સાથે સાથે જીરે જીરૂ બોલી એક આનંદ લેતો હતો.ચંદુ ચકલાએ જોયું એ મનોમન હસ્યો.. બોલી ઉઠયો.. અક્કલનો અવલ નંબરનો દાસ લાગે છે.. માટીમાં પગ નાખી એક બગાડીને જીરે જીરે ગાય છે. ગમે તેમ પણ આ માણસ મારી સમસ્યા ઉકેલશે.. એટલે પુછવા દો..

અને ચંદુ ચકલાએ પુછયું ઓ જી રે. જીરે ગાનારા ભૈ..ગોરજી કુંભારે આમતેમ જોયું અને થયું મને વળી કોણ બોલાવે વછે ? ત્યાં એની નજર સામેના ઝાડની નીચે ડાળીએ બેઠેલા ચકલા પર ગઈ.

ચંદુ ચકલાએ પોતાની વાત કરી કેનેડાના ભણતરનખી અને નામની. ગોરજી કુંભાર હસ્યો.અલ્યા ચકલા નામ બામનું છોડ નામમાં શું ઢેખાળા ભર્યા છે ? ખાલી ખોટો નામ બદલવાના ચક્કરમાં પડયા વગર પંખી જગત માટે ભલાઈના કામ કર.. આ હું મારા પગ વડે માટી ગુંદીને લોકો માટે માટલાં બનાવવાનો, ઘડા અને બીજી વસ્તુઓ બનાવવાનો. હું કાંઈ લોકોને મારૂં નામ બદલવા અંગે કહેતો નથી. છાનોમાનો જે નામ છે એ નામ સારૂં છે.. તારા માબાપે તને જે નામ આપ્યું છે એ ખોટું નથી. એમાં રાજી રહે. નામ બદલાના ખોટા ચાળા છોડ..કયાંક લોકો પંખીઓ ચીડાશે અને તને ચંદુડો કહેશે તો ?**રેણુ વિષ્ણુકુમાર બારોટ**

# ચોરોની ધરપકડ

સદીઓથી એક કહેવત પ્રચલિત છે કે ‘રંગે હાથ પકડાઈ જવું !’

છેવટે આ કહેવત કયારે અને કેવી રીતે અમલમાં આવી ? કદાચ આ ઘટના બાદ જ આ કહેવત પ્રચલિત બની હશે.

એક દિવસ કૃષ્ણદેવ રાજના દરબારમાં કાર્યવાહી ચાલી રહી હતી અને અચાનક રાજદરબારમાં નગરશેઠ આવ્યા અને ફરીયાદ કરવા લાગ્યા કે, મહારાજ ! હું તો બરબાદ થઈ ગયો. ગઈકાલ રાતે ચોર લોકો આવીને મારી તિજોરીનાં તાળાં ખોલીને બધું જ ધન લુંટીને લઈ ગયા.. હાય.. હું તો લુંટાઈ ગયો..

મહારાજાએ તરત જ કોટવાલને બોલાવ્યો અને આ ઘટના વિશે વિગતવાર માહિતી પુછી કોટવાલે બતાવ્યું કે ‘મહારાજ ! અમે લોકો કાર્યવાહી કરી રહ્યા છીએ પરંતુ ચોરો વિશે કોઈ જ માહિતી પ્રાપ્ત થઈ નથી..

જેમ બને તેમ જલદીથી ચોરોને પકડી પાડો. મહારાજે શેઠને આશ્વાસન આપ્યું કે, શેઠજી, તમે ચિંતા છોડી દો.. બહુ જલદીથી ચોર પકડાઈ જશે..

આશ્વાસન મેળવીને શેઠ પોતાના ઘેર પાછા ફર્યા. એ રાત્રે ચોરલોકોએ નગરના બીજા એક શેઠને ત્યાં ચોરી કરી. પોલીસની કડક પહેરેદારી હોવા છતાં ય ચોર ચોરી કરીને નાસી જવામાં સફળ થતા હતા. પોલીસ ચોરને પકડી શકતી નહોતી અને ચોર દ્વારા નગરમાં ચોરીની વારદાતો વધવા માંડી.

રોજેરોજની ચોરીની ફરીયાદથી રાજા કૃષ્ણદેવ રાય પણ પરેશાન થઈ ઉઠયા હતા.

એક દિવસ રાજા કૃષ્ણદેવ રાય પોતાના રાજ દરબારીઓ પર ખુબ જ ખફા થઈ ગયા અને તેઓ બોલ્યા, શું તમે લોકો તમારા ચહેરા મને દેખાડવાને માટે બેઠા છો.. શું કોઈ પણ દરબારી ચોરને પકડવાનો કોઈ ઉપાય પણ નથી બતાવી શકતો ? કેવી શરમની વાત છે ?

બધા જ દરબારીઓ પોતાનું માથું નમાવીને ચુપચાપ બેઠા હતા. જ્યારે કોટવાલ જેવો કુશળ વ્યક્તિ ચોરોની જમાતને પકડી શકયો નથી તો કોઈ દરબારી કેવી રીતે પકડી શકવાનો હતો ?

પરંતુ તેનાલીરામને મનમાં વાત ખટકી એટલે તેઓ ઉભા થયા અને પોતાના સ્થાન પરથી બોલ્યા, ‘મહારાજ ! હું ચોરને પકડીશ..’

ત્યારબાદ એક દિવસ તેનાલીરામ નગરના પ્રમુખ ઝવેરીની દુકાને ગયો અને તેની સાથે થોડીક વાત કરી અને પછી તે પોતાના ઘેર આવ્યો.

બીજા જ દિવસે પેલા ઝવેરીએ પોતાની દુકાનમાં કિંમતી આભુષણો અને હીરાને પ્રદર્શિત કરવાની જાહેરાત કરી પછી પ્રદર્શન યોજાયું એમાં નગરના લોકો તે જોવાને માટે આવ્યા.

પ્રદર્શનમાં એક એકથી ચડીયાતા હીરા ઝવેરાત અને આભુષણો મુકવામાં આવ્યા હતા. રાતના સમયે બધા જ ઝવેરાત અને આભુષણોને એક તિજોરીમાં બંધ કરીને તાળું લગાવી દીધું.

રાતના સમયે ચોર આવ્યા અને તિજોરીનું તાળું તોડયું બધા જ આભુષણોને એક થેલામાં ભરીને જવા લાગ્યા જેવા ચોર દુકાનની બહાર નીકળ્યા એટલે ઝવેરીએ બુમાબુમ કરી મુકી.

જોતજોતામાં સૌ કોઈ જાગી ગયા. ચોર થેલાને આમતેમ ખાલી કરીને લોકોની ભીડમાં ભેગા થઈ ગયા પરંતુ તે સમયે સિપાઈઓએ પોતાની ટુકડી સાથે નાકાબંધી કરી દીધી. થોડીવારમાં ત્યાં તેનાલીરામ આવી પહોંચ્યો.

તેનાલીરામે કહ્યું કે, બધાની તપાસ કરવાની જરૂર નથી પરંતુ જે લોકોના હાથ અને વસ્ત્રો પર રંગ લાગેલો હોય તેને જ પકડી લો તે જ ચોર છે.

અને સૈનિકોએ ચોરને પકડી લીધો.

બીજા દિવસે તેમને રાજદરબારમાં હાજર કરવામાં આવ્યા. મહારાજાએ જોયું તો ચોરોના હાથ અને વસ્ત્રો લાલ રંગથી રંગાયેલા હતા.

એમના હાથો પર આ રંગો કયાંથી આવ્યા ? મહારાજાએ તેનાલીરામને પુછયું.

‘મહારાજ ! તિજોરીમાં માલ મુકતાં પહેલાં તેને લાલ રંગથી રંગવામાં આવેલ. એના કારણે જ ચોર લોકોના હાથમાં લાલ રંગ લાગી ગયો હતો. આને કહેવાય કે ‘રંગે હાથ ઝડપાઈ જવું.’

‘વાહ ! તેનાલીરામ વાહ !’ મહારાજાએ તેનાલીરામની પ્રશંસા કર્યા વગર ના રહી શકયા. પછી પેલા પકડાયેલા ચોરોને આજીવન કારાવાસની સજા ફટકારી. જેથી તેઓ જીંદગીભર ચોરી જ ના કરી શકે.

**કમલેશ કંસારા**

# વાદળ

મને આકાશમાં રહેતા વાદળા ગમે
ધીમે ધીમે ચાલતાને આકારો કરતા
મને આકાશમાં રહેતા..
ચોમાસુ આવે ત્યારે કાળાં ડીબાંગ થાતા
મને આકાશમાં રહેતા...
રાત્રે સંતાતાને દિવસે દેખાતા
મને આકાશમાં રહેતા..
સવાર સવારમાં કેસરી રે થાતા,
મને આકાશમાં રહેતા..
દરીયામાં જઈને પાણી રે લાવતા
મને આકાશમાં રહેતા..
દિવસે ધોળાને રાત્રે કાળા,
મને આકાશમાં રહેતા..
હું જાઉં ત્યાં સાજે સાથે આવતા
મને આકાશમાં રહેતા..
ચંદ્રને રાત્રે છુપાવી નાખતા
મને આકાશમાં રહેતા

**અજય જે.ડાભી**

# તમારૂં દિલ થોડુંક વ્યસ્ત રાખો

મોબાઈલના સીમકાર્ડનું ટાવર અમ દ્વારે આવે નહીં
ને તમારો મોબાઈલ જયારે લગાવીએ તો આવે વ્યસ્ત તો
થોડું તમારા દિલને અમારામાં વ્યસ્ત રાખવાનું તો રાખો
કયાં સુધી જોયા કરીશું એકમેકને, કયાં સુધી આંખોથી
વાતો કહેશું, હવે ખુદના મુખેથી થોડું બોલવાનું તો રાખો
એકબીજાના વિરહમાં બળ્યા કરીએ સદાય કયાં સુધી ?
હવે એમાં થોડું પ્રેમનું પાણી છાંટીને ઓલવવાનું તો રાખો
હું અહીં ખોતર્યા કરૂં મારા દિલના જખમોને તમે ખોતર્યા કરો
તમારા જખ્મોને ત્યાં કયાં સુધી હવે આ જખ્મોમાં
મલમ લગાવવાનું તો રાખો
કયાં સુધી વાંચ્યા કરીશું તું ને હું સજનવા ગઝલને
લૈલા મજનુની પ્રેમકથાઓ હવે આપણી પ્રેમકથાઓ
લખવાનું તો થોડુંક રાખો, હવે તો બહુ થયું
સજનવા તારી યાદોમાં જીવવાનું ફુલ ન
એકે આપી શકો તો ફુલોના ગુચ્છાને આ મનોપંથીની
કબર પર મુકવાનું તો રાખો

**સોલંકી કરમસીંહ મનોપંથી** (મોટા)

# ગઝલ

જનની સાથે જશ્ન મનાયો,
દુનિયા માટે દોજખ ગણાયો
માતા કુમાતા કદી ના હોય
પુત્ર કુપુત્ર કુખે જ લજવાતો
દેવો પણ ઘડી બેઘડી દેખે,
આ તે કેવો દાનવ આયો ?
ફટ ભુંડા તે માનું દુધ લાજે
તને જીવતા જીવે શુળી ચઢાવો
કાયદો કાયદાનું કરશે કામ
શિયળ લુંટી માતનું અવતાર ગુમાયો

**ડૉ.બી.પાટણવાડીયા** (અમદાવાદ)

# કેડનો ફોર ટ્રેક

કરી જુઓ હંધાયને ચેક,
કે હંધાયનાં કાળજામાં પડી ગયા છે કેક
રૂપ અને રૂપિયાની પાછળ સૌ દોડે
કોઈ દિલ તોડે ને કોક માથાં ફોડે
બદલી ગ્યા હંધાયના ટ્રેક
આંખોમાં મતલબના આંસુ છે લાગટ
હોઠો પર તકલાદી છે મુશ્કુરાટ
જીભડી છે તોખારી ટેંક
અંતરનાં લોકરને તોડી ગ્યું કોક
આંસુના ચેક બધાં થઈ ગયા છે ફોક
લુંટાઈ લાગણીની બેંક
સૌને ફોરેનમહીં જાવું છે આજ તો
ગીત એક ઉઘાડું ગાવું છે આજ તો
ગાડીયું ને નથી હવે બ્રેક

**સાંઈરામ દવે**

# ગુરૂદક્ષિણા

આજ ગુરૂદેવનું મન ઉદાસ છે. કેમ કે તેમના આશ્રમમાં શિષ્ય થવાની અપેક્ષાઓ આવેલ. એક ભીલ બાળકને તેમણે નીરાશ કરી પાછો મોકલ્યો હતો. એકલવ્ય કહેતો હતો કે ગુરૂદેવ હું બાળપણથી આપને ગુરૂ બનાવવા માટે શોધતો હતો. હવે આપ મને શિષ્ય તરીકે સ્વીકારો. ગુરૂદેવ પળભર ચિંતામાં પડી ગયા. અહીં પુરૂવંશના આશ્રમમાં અન્યને કઈ રીતે ભણાવી શકાય ? અને વળી સો કૌરવ તથા પાંચ પાંડવને ભણાવવાની સાથે સમય ફાળવવો મુશ્કેલ છે. પણ એકલવ્યની વિનંતીમાં દીનતા અને વિનયનો ભાવ હતો. ભીલ હોવું એ તેની વિવશતા હતી. ગુરૂદેવ રાજયાશ્રયે બંધાયેલા હતા તેનો ગુરૂને મનમાં ખેદ હતો.

સમય વીતતો ગયો. પાંડવો અને કૌરવોના અભ્યાસનો એક ભાગ પુરો થઈ ગયો. આજે વનમાં જઈને પરીક્ષા લેવાનો દિવસ હતો. ગુરૂજીએ પહેલાં જ સંકેત આપી દીધેલો કે બધામાં અર્જુન સર્વશ્રેષ્ઠ છે. તેથી તેમને પ્રિય છે. છતાં જે એક ઔપચારિકતા હોય તે પુરી કરવી પડે. પાંડવો અને કૌરવોથી ઘેરાયેલા ગુરૂદેવ વનમાં વિચરણ કરતા આગળ વધી રહ્યા હતા.

અચાનક પાછળથી એક કુતરાનો જોરથી ભસવાનો અવાજ આવ્યો. ગુરૂ અને શિષ્યોનું ઝુંડ વેરવિખેર થઈ ગયું. કુતરો ભસ્યે જતો હતો. પ્રયત્નો બધા વ્યર્થ થઈ રહ્યા હતા.

તેવામાં અચાનક સામેથી તીરનો મારો થયો એક સાથે અનેક તીર એ રીતે કુતરાના મોંમાં ભરાઈ ગયાં કે કુતરો હવે ભસી શકે તેમ ન હતો. છતાં કુતરાને ખાસ ઈજા ન થઈ.આ ચમત્કાર જોઈને બધા શિષ્યો અને ખુદ ગુરૂદેવ પણ આશ્ચર્યમાં પડી ગયા અને આ અજ્ઞાન ધનુર્ધરની કલાને વખાણવા લાગ્યાં. ઉત્સુક દ્રષ્ટીએ બધાએ દિશામાં જોતાં હતા. જ્યાંથી તીર આવેલાં એક પર્ણ કુટીરમાં એકલવ્ય પોતાનું ધનુષ્ય લઈ ઉભો હતો. તેને ગુરૂદેવના આગમનનો અંદાજ આવી ગયો હતો. દુરથી શિષ્યોથી ઘેરાયેલા ગુરૂદેવના ચરણોની નિકટ તીર છોડી શિષ્ય તરીકે પ્રણામ કર્યા. નજીક પહોંચી ગુરૂદેવે પુછયું, તું કયા ભાગ્યશાળી ગુરૂનો શિષ્ય છે ?

‘ગુરૂદેવ એક માત્ર તમારો’ એકલવ્ય તેમને પગે પડયો.

આપને યાદ હશે એકવાર આપે મને આશ્રમમાં ધનુષ વિદ્યા શીખવવાનો ઈન્કાર કરી દીધેલો. પણ હું તો આપને ગુરૂ માની બેઠેલો એમ કહેતાં શિષ્ય તેમને પોતાની ઝુંપડીના પાછળના ભાગે લઈ ગયો. જ્યાં ગુરૂદેવની માટીની મૂર્તિ જોઈ સૌ દંગ રહી ગયા.

હુ ંજ આનો ગુરૂ છું વિચારતાં પોતાના મનમાં એક હોનહાર શિષ્યને ખોવાનું દુ:ખ અનુભવાયું. પોતાના અન્ય શિષ્યો પર નજર દોડાવતાં તેમની નજર અર્જુન સામે મળી.

ગુરૂદેવ આપ તો કહેતા હતા ને હું જ તમારો સર્વશ્રેષ્ઠ શિષ્ય છું આજે એ વચન ખોટું કઈ રીતે પડયું ? અર્જુનની દ્રષ્ટીમાં એક સ્પષ્ટ પ્રશ્ન હતો.

ગુરૂદેવ બેચેનીમાં આમતેમ જોવા લાગ્યા. એકલવ્યને તેની કલાના વધુ નમુના બનાવવાનો આગ્રહ કર્યો. એકલવ્ય એ પોતાની કલા ક્ષમતાના એક એક કરીને બધાં કૌશલ્યો રજુ કર્યા. ગુરૂદેવે તેના તીર અને ધનુષના અનુસંધાનની અનોખી શૈલી પર વિશેષ ધ્યાન આપ્યું. ચાર આંગળીઓનો કુશળતાપુર્વક ઉપયોગ તીરની તીવ્રતામાં વિશેષ વૃધ્ધિ કરતો હતો પરંતુ અંગુઠાનો સહેજ અમથો સ્પર્શ તીરની ઝડપમાં અવરોધ પેદા કરતો હતો. ગુરૂદેવની તીક્ષ્ણ દ્રષ્ટીમાં એ જ ખટકયું.

આ વખતે અર્જુનની નજર તેમની નજરથી મળી એ પ્રશ્ન તેની નજરમાં ભારપુર્વક અનુભવાતો હતો. આ વખતે રાજાશાહીનો ગર્વ પણ તેમાં સમાયેલો હતો. ગુરૂજી ચિંતામાં પડી ગયા. તેઓ રાજવચનથી બંધાયેલા હતા કે તેઓ રાજપુત્રો સિવાય કોઈને ધનુર્વિદ્યા નહીં શીખવે.

આ અંતર્દ્વદ્વ વચ્ચે એકલવ્યે તેની રજુઆત પુરી કરી અને ગુરૂદેવને આગ્રહ કર્યો.જો હું આપની દ્રષ્ટીમાં સફળ પુરવાર થયો હોઉં તો ગુરૂદક્ષિણા સ્વીકારો. ગુરૂદેવની તંદ્રા એકાએક તુટી. ગુરૂદેવે ફરી અર્જુન તરફ જોયું. તે એકીટશે ગુરૂદેવની આગળની પ્રક્રીયાને ધ્યાનથી જોતો હતો.ગુરૂદેવે એકલવ્યને કહ્યું, તારો ડાબો હાથનો અંગુઠો મને આપી દે.. આજથી તારા માટે તીર ચલાવતી વખતે તેનો ઉપયોગ વર્જીત છે. બધા શિષ્યો ગુરૂની આ વિચિત્ર દક્ષિણાની વાતે સુનમુન થઈ ગયા. અર્જુનને તેના આકરા પ્રશ્નનો દ્રઢતાપુર્વક જવાબ મળી ગયો હતો છતાં ઈર્ષાને કારણે મનમાં ને મનમાં એ ખુશ હતો.

પણ એકલવ્ય આ નિર્ણયથી બિલકુલ ડગ્યો કે ગભરાયો ન હતો. જરા પણ ખમચાયા વિના એક ધારદાર તીર વડે પોતાનો ડાબો અંગુઠો કાપી લોહીથી લથપથ હાથે ગુરૂના ચરણોમાં ધરી દીધો. ગુરૂ અને શિષ્યો કેટલીયે વાર સુધી પરસ્પર ધનુષ વિદ્યા અને તેનાં ગુઢ રહસ્યોને સમજવા, સમજાવવા માટે એકબીજા તરફ જોતા રહ્યા.

ગુરૂએ શિષ્યની કલા અને પોતાના પ્રત્યેની શ્રદ્ધાનો આદર કરતાં શિષ્યની એક માત્ર તુટીને દુર કરવાનું વિચાર્યું હતું.ધનુષને જો ચાર આંગળીઓ વડે પ્રત્યંચા ખેંચી મારવામાં આવે તો તેની તીવ્રતા અનેકગણી વધી જાય છે. આ ખાસ વાત ગુરૂજી અને પેલો ભીલ બાળક બે જ જાણતા હતા.એકલવ્ય એ વાતે કૃતજ્ઞ હતો કે ગુરૂજીએ તેની ધનુષ વિદ્યાને પુર્ણતા આપી. જો અંગુઠાનો કોઈ ઉપયોગ ન હોય તો તેને કાપીને આપવામાં વાંધો શુ ?

આજે પણ ઉતર ગુજરાતના ગરાસીયા અને ભીલ તીર ચલાવતી વખતે અંગુઠાનો ઉપયોગ કરતા નથી. તીરંદાજી ત્યાં રોજબરોજના જીવનનું અંગ છે. એકલવ્યની ગુરૂદક્ષિણા તે આદિવાસી હોઈને ધનુષ વિદ્યા શીખવાની શિક્ષા નહોતી. તેની કુશળતા વધારવા ગુરૂનો રહસ્યમય ઉપાય હતો. એક સાચો ગુરૂ પોતાના સાચા શિષ્ય પ્રત્યે છલકપટ કઈ રીતે કરી શકે ?

**નટવર હેડાઉ**

**પાલનપુરમાં ...**

**પાના નં.૧ ચાલુ**

દ્વારા આજદિન સુધી કોઇ કાર્યવાહી કરવામાં આવી નથી. જેને લઇને અનેક તર્ક- વિર્તકો ઉઠવા પામ્યા છે.

પાલનપુરમાં જમીન દફતર કચેરી અને નગરપાલિકાના ભાજપના સત્તાધીશોની મિલીભગતથી શહેરના વિકાસના નકશામાંથી લડબી નદી ગાયબ કરી દેવામાં આવી હતી. જોકે, તેનો ઉહાપોહ ઉઠતા નવા નકશામાં અગાઉ જે લડબી નદીનું વાંકુચુંકુ વહેણ હતુ તે બદલીને સીધુ કરી દેવામાં આવ્યું હતુ. જે બાદ ટાઉન પ્લાનિંગ સમિતિ દ્વારા ભ્રષ્ટાચાર આચરી નદીના પટમાંજ બાંધકામના નકશાઓ મંજુર કરવામાં આવ્યા છે. જેના કારણે નદીનું વહેણ સાંકડું થઇ ગયું છે. આ મુદ્દે કલેકટર સંદિપ સાગલે દ્વારા તપાસ કરવાના આદેશ કરવામાં આવ્યા છે. ત્યાં શહેરના કોઝી વિસ્તારમાં માલેતુજારોએ દબાણ કરી સર્વિસ રોડ ગાયબ કરી દીધો હોવાની ચોંકાવનારી વિગતો પ્રાપ્ત થવા પામી છે. આ અંગે આધારભૂત સૂત્રો દ્વારા જાણવા મળતી માહિતી મુજબ જોરાવર પેલેસ આગળ આવેલા મુલ્કીભવનથી ડોકટર હાઉસના માર્ગ વચ્ચે માલેતુજારો દ્વારા સર્વિસ રોડ ઉપર જ બાંધકામ કરી દેવામાં આવ્યું છે. આ અંગે વડગામ તાલુકાના બસુ ગામના શાહિદભાઇ જુબેરભાઇ મરેડીયા અને ફૈજઅલી અકબરઅલી સુણસરાએ જિલ્લા મેજીસ્ટ્રેટ દિલીપ રાણા સમક્ષ અપીલ કરી હતી. જેમાં જણાવાયું હતુ કે, પાલનપુરના વેડંચાના દેવચંદભાઇ શંકરભાઇ પટેલ, સ્વ. કાશુબેન શંકરભાઇ પટેલના વારસો, જયંતિભાઇ શંકરભાઇ પટેલ, પુષ્પાબેન શંકરભાઇ પટેલ, સુરેશભાઇ સોની ઉપરોકત સ્થળે બાંધકામની પરવાનગી માંગતા નગરપાલિકાએ લેઆઉટ પ્લાન મંજુર કરી બાંધકામની મંજુરી આપી હતી. પરંતુ સમય મયાર્દામાં બાંધકામ ન કરતાં તેમજ હયાત કાયદામાં ફેરફાર થતાં આ મિલ્કત રેખા નિયંત્રણમાં આવતી હોઇ બાંધકામ થઇ શકે તેમ ન હોવા છતાં આ શખ્સોએ બાંધકામ કર્યુ હતુ. આથી શાહિબાગ શોપિંગ સેન્ટર વતી અમીચંદભાઇ મગનભાઇ ભરસાડીયા બાંધકામ વિરૂધ્ધ હાઇકોર્ટ માં અપીલ દાખલ કરી હતી. જ્યાં હાઇકોર્ટે બંન્ને પક્ષકારોને સાંભળી નવેસરથી નિર્ણય લેવા જણાવ્યું હતુ. જે અંતર્ગત નગરપાલિકાએ તા. ૨૩-૦૪-૨૦૧૦ ના ઠરાવ નં. ૧૪થી આ જગ્યાએ બાંધકામ પરવાનગી રદ કરી આ જગ્યા રેખા નિયંત્રણમાં આવતી હોઇ ભવિષ્યમાં બાંધકામ પરવાનગી ન આપવા ઠરાવેલ હતુ. તેમ છતાં આ માલેતુજારોએ બાંધકામ કરી આખેઆખો સર્વિસ રોડ જ ગાયબ કરી દીધો હતો. આ વિવાદીત કામ ચાલુ રહેતા શહેરના જાગૃત નાગરિક બાબુભાઇ સૈનીએ પણ વિરોધ અરજી દાખલ કરી હતી. આમ આ વિવાદ અરજી સાચી જણાતા તત્કાલિન જિલ્લા કલેક્ટર દિલીપ રાણાએ તા. ૨૨ માર્ચ ૨૦૧૮ના રોજ નગરપાલિકાને ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ ૧૯૭૬ની જોગવાઇઓ મુજબ કાર્યવાહી કરી બિન પરવાનગી બાંધકામ અટકાવવા તથા ગેરકાયદેસર બાંધકામ દુર કરવાની કાર્યવાહી દિન ૩૦માં પૂર્ણ કરવા હૂકમ કર્યો હતો. પરંતુ દોઢ માસ થવા આવ્યો હોવા છતાં નગરપાલિકાએ આ દબાણ હટાવવા માટે કોઇ કાર્યવાહી ન કરતાં અનેક તર્ક- વિર્તકો ઉઠવા પામ્યા છે.

**પાટણ જિલ્લામાં ...**

**પાના નં.૧ ચાલુ**

ગ્રામજનો દ્વારા સ્વાગત સન્માન કરવામાં આવ્યું હતું.

જળસંચયના કામો માટે દરેક ઘરમાંથી રૂ. ૦૧ નો સંગ્રહ કરી રૂ.૬૧,૦૦૦૦ જળસંચય માટે ચાર ધનકુંભ મુખ્યમંત્રીશ્રીને અર્પણ કરવામાં આવ્યા. રામણદાના વતની શ્રી લગધીર દેસાઇએ રૂ. ૨૫,૦૦૦નો ચેક કન્યા કેળવણી નિધીમાં મુખ્યમંત્રીશ્રીને અર્પણ કર્યો.મુખ્યમંત્રીશ્રીએ રૂ. ૬૧,૦૦૦ રૂપિયા જળસંચય માટે જિલ્લા કલેકટરને અર્પણ કરવામાં આવ્યા હતા.

મુખ્યમંત્રીનું સ્વાગત રાજ્ય સ્તરે હોકીની રમતમાં સરસ્વતી તાલુકાના ઉંદરા ગામની બહેનો દ્વારા કરાયું હતું.

**બનાસકાંઠા...**

**પાના નં.૧ ચાલુ**

રૂા.૧૦.૦૦ પ્રમાણે મળે છે તે ઘાસ જિલ્લાની ગૌશાળાઓ અને પાંજરાપોળોને સંચાલકોની માંગણીને ધ્યાને લઈ રાહત દરે પ્રતિ કિ.લો. રૂા.૨.૦૦ પ્રમાણે ઉપલબ્ધ કરાવવામાં આવશે. કલેકટરએ કહ્યું કે, ગાયોને પીવાનું પાણી મળી રહે તે માટે સરકાર કટીબધ્ધ છે. તેમજ જ્યાં જરૂર હોય ત્યાં ટેન્કરથી પણ પાણી આપવામાં આવશે.

**ગુજરાતનો વિકાસ...**

**અનુસંધાન 3 નુ ચાલુ..**

તેઓને ચાર્લી ચૈપલિન - ૨ ખિતાબ પણ મળ્યા છે. અત્યાર સુધીમાં તેઓના ૪૧૩૦ લાઈવ શો ચાર્લી ચૈપલિન નામથી થયા છે. વર્ષ ૨૦૦૪માં લિમ્કા બુક ઑફ રેકોર્ડ અને વર્ષ ૨૦૦૫માં ગિનીઝ બુક ઑફ રેકોર્ડમાં ચાર્લી ચૈપલિન – ૨ના નામે તેઓએ સ્થાન પ્રાપ્ત કર્યું છે. ફિલ્મમાં રેશમી સિન્હા નામની છોકરીનો રોલ અભિનેત્રી કલિતાએ નિભાવ્યો છે. તેમણે સાચા ક્રાઈમ રીપોર્ટરનો રોલ અદા કર્યો છે. ફિલ્મમાં વર્તમાન સમયના સળગતા મુદ્દાઓ સામે અવાજ ઉઠાવવામાં આવ્યો છે. શાળાઓમાં મધ્યાહ્નન ભોજના યોજનામાં થઈ રહેલા ભ્રષ્ટ્રાચારને પણ ઉજાગર કરવામાં આવ્યો છે. ફિલ્મના નિર્માણમાં ટેકનિકલ બાબતોનું વિશેષ ધ્યાન રાખવામાં આવ્યું છે. સાત રાજયોની વિવિધ ટીમો ફિલ્મના શૂટીંગ સહિતના કાર્યમાં સહભાગી બની હતી, તે વાત સૌથી નોંધનીય છે. જેમાં ગુજરાત સ્થિત રાજકોટના અનિલ વાઘેલાએ ‘નમસ્તે બિહાર’ ફિલ્મના ડાયરેક્ટર ઑફ ફોટોગ્રાફી (ડીઓપી) તરીકે યશસ્વી કામગીરી કરી છે. તો, ફુડ એન્ડ ડ્રગ્સ કન્ઝયુમર કમીટીએ પણ મધ્યાહ્ન ભોજનના સંવેદનશીલ મુદ્દાને લઇ ફિલ્મમાં સપોર્ટ કર્યો હતો. ફિલ્મમાં ૬ ગીતનો સમાવેશ કરવામાં આવ્યો છે. જેમાં એક બિહાર ગીત સહિત બે રોમેન્ટિક, એક સેડ સોંગ અને એક આઈટમ સોંગનો સમાવેશ થાય છે. ફિલ્મમાં ભારતીય સંસ્કૃતિ અને સામાજિક મૂલ્યોને દર્શાવી સત્ય, પ્રેમ અને ભાઈચારાનો એક અનોખો સંદેશો આપવામાં આવ્યો છે. આગામી ઓગસ્ટ મહિનામાં નમસ્તે બિહાર ફિલ્મ રિલીઝ થશે.

**યુવા શક્તિ...**

**અનુસંધાન 3 નુ ચાલુ..**

રક્ષાશક્તિ યુનિવર્સિટી જેવી વિશ્વકક્ષાની ૫૭ યુનિવર્સિટી વડાપ્રધાન નરેન્દ્ર મોદીના વિઝનથી રાજયમાં સાકાર થઈ છે. મુખ્યમંત્રીએ જણાવ્યું કે, યુવાનોના નવિનત્તમ વિચારોને ઓપ આપવા સ્ટાર્ટઅપ મિશન, આઈ-ક્રિયેટ સહિતની સંસ્થાઓ પણ સરકારે શરૂ કરી છે. ગુજરાતની યુવાશક્તિ પોતાની સાહસિકતાને આના સથવારે આગળ ધપાવે તેવી નેમ છે. યુવાનોને જોબ સીકર નહિ જોબ ગીવર બનાવવા છે તેમ પણ તેમણે ઉમેર્યું હતું. વિજય રૂપાણીએ ધોરણ-૧૨ પછી કારકીર્દી ઘડતરની અહેમિયત ઓળખીને આવા એજ્યુકેશન એક્ષ્પો યોજાઈ રહ્યા છે તેને અભિનંદનીય ગણાવ્યા હતા.

**ડીસાના આખોલ...**

**અનુસંધાન 3 નુ ચાલુ..**

ત્યારે ગુરુવારે બાતમીદાર પિક અપ ડાલું આવતા તેને રોકી તલાશી લીધી લીધી તેમાં ડુંગળી ભરેલા કટ્ટની વચ્ચેથી વિવિધ બ્રાન્ડની ૩૧૨૦ બોટલો મળી આવી હતી. એલ.સી.બી પોલીસને જોઈ પિક અપ ડાલાનો ડ્રાઈવર ડાલું મૂકી નાસી છૂટ્યો હતો. એલ.સી. બીએ ૩,૧૨,૦૦૦ના વીદેશી દારૂ સાથે પિક અપ ડાલું મળી ૮.૧૨ લાખનો મુદ્દામાલ ઝડપી લીધો હતો.પોલીસે પિક અપ ડાલા ચાલક વિરુદ્ધ પ્રોહીબિશન એકટ અન્વયે ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

**જળસંચયના કામો...**

**અનુસંધાન 3 નુ ચાલુ..**

રેઈન વોટર હાર્વેસ્ટીગ, કેનાલ કિલનીંગ, જુથ યોજનાના એરવાલ્વ રિપેરીંગ કરવા જેવા કામો હાથ ધરવામાં આવ્યા છે.

બનાસકાંઠા જિલ્લામાં સિંચાઈ વિભાગ રાજય દ્વારા તળાવ ઉંડા કરવા, ચેકડેમ ડિસીલ્ટીગ અને જળાશય ડિસીલ્ટીંગ મળી કુલ ૧૭૦ અને સિંચાઈ વિભાગ પંચાયત દ્વારા આવા કુલ ૪૮ કામો હાથ ધરવામાં આવ્યા છે. પાણી પુરવઠા વિભાગ દ્વારા ૧૮ જુથ યોજના અન્વય ૩૭૯૦ એરવાલ્વ રિપેરીંગના કામો, માર્ગ અને મકાન વિભાગ દ્વારા ૮૫ જેટલા સરકારી મકાનો .૫રના પાણીનું રેઈન વોટર હાર્વેસ્ટીગના કામો, વન વિભાગ દ્વારા ૯૮ કામોનું આયોજન કરવામાં આવ્યું છે.

મુખ્યમંત્રીના સચીવ અશ્વિનીકુમારે પાલનપુર તાલુકાના ગાદલવાડા ખાતે ચાલતા તળાવના કામનું નિરીક્ષણ કરી શ્રમિકોને છાશ અને બિસ્કીટ વિતરણ કરાવ્યા હતા.

બેઠકના પ્રારંભમાં કલેકટર સંદીપ સાગલેએ મુખ્યમંત્રીના સચિવ અશ્વિનીકુમારનું બુકેથી સ્વાગત કર્યું હતું. કલેકટરએ સુજલામ સુફલામ જળ અભિયાન અન્વયે બનાસકાંઠા જિલ્લાના આયોજનની વિગતો જણાવી હતી. કાર્યપાલક ઈજનેર સિપુ યોજના ડીસા અને આ અભિયાનના નોડલ અધિકારી આર. એન. નિનામાએ પ્રેઝન્ટેશન દ્વારા વિગતો જણાવી હતી. બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારી બી.એ. શાહ, નિવાસી અધિક કલેકટર એલ.બી. બાંભણીયા, પ્રાન્ત અધિકારીઓ સહિત વિવિધ કચેરીના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

**બનાસકાંઠા જિલ્લા...**

**પાના નં.૮ ચાલુ**

લોકોનો સહકાર થકી વિકાસ થાય, બનાસકાંઠા સુખી અને સમૃધ્ધ બને તેવા પ્રયત્નો તાલીમ અને શિક્ષણ અને પ્રચાર પ્રસાર દ્વારા કરી રહી છે.

તાજેતરમાં જ બનાસકાંઠા સહકારી સંઘ, પાલનપુરની ચુંટણી જાહેર થયેલ હતી. જેમાં ફોર્મ ભર્યા બાદ ફોર્મ પરત ખેંચવાના છેલ્લા દિવસે તમામ ફોર્મ પાછા ખેંચાઈ જતા બનાસકાંઠા જિલ્લા સહકારી સંઘની ૨૦ બેઠકોની ચૂંટણીમાં ૧૯ બેઠકો બિન હરીફ જાહેર થયેલ છે. જેમાં બનાસકાંઠા જિલ્લા સહકારી સંઘના ચેરમેન, થરા એ.પી.એમ.સીના ચેરમેન, બનાસડેરી અને બનાસબેંકના ડીરેકટર અને બનાસકાંઠા જિલ્લાના ભાજપના આગેવાન, જિલ્લાના સહકારી અગ્રણી એવા અણદાભાઈ આર.પટેલ કાંકરેજ તાલુકા વિભાગમાંથી એક જ ફોર્મ ભરાયેલ હોવાથી બિન હરીફ થયેલ છે. તેમજ તાલુકા અને જિલ્લા કક્ષાના સંઘોમાંથી કેશરભાઈ પી.ચૌધરી, ઈતર મંડળીઓ વિભાગમાંથી ઈશ્વરભાઈ એ.પટેલ, નાગરિક બેંકો વિભાગમાંથી ચિનુભાઈ શાહ (પ્રગતિ બેંક, થરા), દિયોદર તાલુકા વિભાગમાંથી ઈશ્વરભાઈ જે. તરક, ડીસામાંથી ધુડાભાઈ એન.દેસાઈ, અમીરગઢમાંથી લીલાભાઈ ડી.દેસાઈ, થરાદમાંથી નાગજીભાઈ યું.પટેલ, વાવમાંથી પાંચાભાઈ વી.પટેલ, (વાઈસ ચેરમેન, બનાસકાંઠા જિલ્લા સહકારી સંઘ, પાલનપુર), વ્યક્તિ સભાસદમાંથી હરદાસજી ગોકાજી ઠાકોર (તેરવાડા), શાંતીલાલ કે.હેરૂવાલા (ડીસા), હંસાબેન મોંઘજીભાઈ ચૌધરી, ગંગાબેન જેસુંગભાઈ પટેલ, દાંતામાંથી જવાનસિંહ જી.સોલંકી, પાલનપુર તાલુકામાંથી ભીખાભાઈ શાંમળાભાઈ પટેલ, વડગામમાંથી રમેશભાઈ એમ.પટેલ, શાકભાજી અને ગોપાલક વિભાગમાંથી મલાભાઈ એમ. દેસાઈ, ભાભરમાંથી ઠાકરશીભાઈ ઠાકોર, દાંતીવાડા તાલુકા વિભાગમાંથી મોતીભાઈ ડી.ભૂતડીયા એમ કુલ મળીને ૨૦ સીટોમાંથી ૧૯ સીટો બિન હરીફ જાહેર થઈ છે.

**દાંતા તાલુકા...**

**પાના નં.૮ ચાલુ**

ખાતે અરજીઓ કરી પોતાની આપવીતી જણાવી હતી. ઊંનાની ગંભીરતા દેખાતા દાંતા તેમજ બનાસકાંઠા પોલીસ દ્વારા તપાસ નો દોર ચાલુ થયેલ પંરતુ એટૉસિટી ફરિયાદ નોધાવા ના પંદર દિવસ પૂર્ણ થઈ જતા ફરિયાદ દાખલ ન થતા આખરે ૧૭/૪/૧૮ ના રોજ દલીતચ્ સદસ્ય એ ગુજરાત હાઈકોર્ટ ના દ્વાર ખખડાવ્યા હતા. નામદાર હાઈકોર્ટ બનાસકાંઠા પોલીસ કચેરીએ તેમજ દાંતા પોલીસ સ્ટેશન તપાસ કરી ફરીયાદ દાખલ કરવાનૂ જણાવતા દાંતા પોલીસ મથકે ગૂ. ૨.નં-૩૨/૨૦૧૮ આઈ પીસી કલમ. ૩૨૩,૫૦૬ (૨) ૨૯૪ (ખ), ૧૧૪ તથા એટ્રોસિટી એકટ કલમ મુજબ ૩ (૧)આર, ૩ (૨)(૫) અ મૂજબ ફરિયાદ દાખલ કરાઈ છે.

ઉલ્લેખનીય છે કે આ દલિત સદસ્ય એ તારીખ ૧/૪/૧૮ ના અરજી કરતા. દાંતા ગ્રામ પંચાયતના સંરપચ શ્રી ૨/૪/૧૮ ના રોજ ખોટા લેટર પેડ તેમજ સિક્કા બનાવી ઊપયોઞ કરેલ છે તેવૂ જણાવી ચાર સદસ્યો વિરુદ્ધ દાંતા પોલીસ સ્ટેશન ખાતે ફરિયાદ નોંધાવી હતી .જેનો ઊદેશય માત્ર કથિત આરોપીને છાવરવા તેમજ એટૉસિટી ની ફરિયાદ પરત લેવાનો હતો તેવો આક્ષેપ ચાર સભ્યોએ કરેલ છે. ચાર સદસ્યોએ જણાવેલ કે અમે દાંતા ગ્રામ પંચાયતના સભ્યો છીએ.અને દાંતાના ગ્રામ પંચાયતના સભ્યોનો જ લેટર પેડ બનાવેલ છે. ના કે કોઈ દાંતા ગ્રામ પંચાયત સંરપચ કે તલાટી કમમંત્રીનો અને આ લેટરનો ઊપયોઞ માત્ર ને માત્ર દાંતા ગ્રામ પંચાયતના વિકાસલક્ષી હેતુ માટે જ ઊપયોગ કરવામાં આવેલ છે વ્યક્તિગત કે અંગત કામો માટે આ લેટર પેડનો ઊપયોઞ કરેલ નથી તેમ છતાંય સંરપચે સિક્કા બાબતે અને લેટર પેડ ફરિયાદ કરતા આ બાબતે પણ ચાર સભ્યો હાઈકોર્ટે મા રીટ દાખલ કરતા નામદાર હાઈકોર્ટે ૩૧/૭/૨૦૧૮ સુધી આ લેટર પેડ અને ખોટા સિક્કા ની એફઆઈઆર પર સ્ટે ઓર્ડર આપેલ છે.

**થરા જૈનમ...**

**પાના નં.૮ ચાલુ**

બાંધેલ રૂમાલની પટ્ટી ઢીલી થઈ ખુલી જતાં તે મેહુલ પ્રજાપતિને ઓળખી ગયો હતો. આથી ગભરાયેલા મહુલ પ્રજાપતિ અને મલા રબારીએ ભેગા મળી જૈનમ શાહનું મોંઢુ ઓશિકા વડે દબાવી ગુંગળાવી મારી હત્યા કરી લાશને કોથળામાં ભરી કોથળાનું મોઢું બા-ંધી આ બંને જણાએ મોડી રાત્રે જૈનમની લાશ ભરેલો કોથળો અલ્ટો ગાડીની ડીકીમાં મુકી ઈસરવા ગામની હદમાં દિયોદર-તેરવાડા જવાના રસ્તા ઉપર આવેલ નર્મદા નહેરના પુલ ઉપરથી એ લાશ ભરેલ કોથળો તથા સ્કૂલ દફતર નહેરની અંદર પાણીમાં નાખી દઈ પાછા આવી ખેતરમાં જૈનમ શાહને ગુંગળાવીને મારી નાખેલને ઓશીંકું મોઢા ઉપર બાંધેલ રૂમાલ પટ્ટી સળગાવી દીધેલ ને ખંડણી માટે જે એરટેલ સીમકાર્ડ નં.૯૬૦૧૬૦ ૪૩૭૮ ફોન કરેલ તે સીમકાર્ડ તોડીને ગટરમાં નાખી દઈ કંઈ બન્યું નથી તેમ આ લોકો થરામાં અપહરણ કર્તાની તપાસમાં ફરતા ટોળા વચ્ચે ફરતા હતા.જૈનમ શાહના અપહરણનું કાવતરૂં તા.૨૫-૩-૨૦૧૪ થી ચાર માસ અગાઉ પ્રજાપતિ મેહુલ જયંતિલાલ, વિનુભા જહુભા વાઘેલા, બકાજી બાલાજી ઠાકોર, અશોક ઉર્ફે જોરાવર પ્રધાનજી ઠાકોર તથા જયંતિજી ધારશીજી ઝાલેરા ઠાકોર રહે. તમામ થરાએ ઘડયું હતું અને અવારનવાર રેકી કરવા છતાં માણસોની અવરજવર તેમજ વાહનના અભાવે તે પાર પડયું નહોતું પરંતુ અલ્ટો ગાડી ખરીદ્યા પછી આ કાવતરાને મેહુલ જયંતીલાલ પ્રજાપતી અને મલાભાઈ મસાભાઈ રબારીએ પાર પાડયું હતું. સમગ્ર ગુજરાતમાં ચકચાર જગાવનાર આ પ્રકરણનો ભેદ ત્રણ દિવસે ખુલ્યો છતાં અગાઉ કાવતરૂં ઘડનાર ચાર જણા કંઈ જ બોલ્યા નહીં જો તેમણે તાત્કાલીક પોલીસ કે અપહૃત બાળકના પરિવારને જાણ કરી હોત તો આ બાળકનો જીવ બચ્યો હોત. ડીસા સેશન્સ કોર્ટના નામદાર જજ ડી.બી.બારોટ સ્પે.પી.પી.એસ.એમ. મોદી ફરીયાદી પક્ષના વકીલ બી.એસ.તુવરની ધારદાર રજુઆત અને સમગ્ર પ્રકરણની ગંભીરતાને ધ્યાનમાં લઈ સદરહું કેસના છ આરોપીઓને બાળકના અપહરણ, નિર્મમ હત્યા અને પુરાવાના નાશ કરવા બદલ દોષિત જાહેર કર્યા છે. આ કેસનો ચુકાદો જાહેર કરતાં જ જામીન પર રહેલા આરોપી અશોક ઉર્ફે જોરાવર પ્રધાનજી ઠાકોરને તાત્કાલીક અસરથી ધરપકડ કરી જેલના હવાલે કર્યા હતા. આજે તા.૧૨-૫-૨૦૧૮ ને શનિવારના રોજ ડીસા સેશન્સ કોર્ટ છ આરોપીઓની સજાની સુનાવણી કરશે.

મૃતકના પરિવારે અમે એક લાડકવાયો ગુમાવ્યો છે. જેની ખોટ કયારેય પુરાશે નહીં પણ નામદાર કોર્ટે આરોપીઓને સજા કરી બીજા વ્યક્તિઓ આવું નિર્દયી કૃત્ય ન કરે તેવો બોધપાઠ શીખવ્યો છે તેમ જણાવ્યું હતું. હવે આજે આરોપીઓને થનાર સજાને લઈ જિલ્લાભરમાં ઉત્તેજના છવાઈ છે.

# સ્થાનિક બજાર ભાવ

**ચોકસી બજાર**(કીલોના)
**ચાંદી ચોરસા ૪૦૦૦૦-૪૦૫૦૦**
રૂપુ કાચું ૪૦૦૦૦- ૪૦૫૦૦
સોનુ તોલો ૩૨૦૦૦-૩૨૫૦૦
**તેલ બજાર**
**રાધે પામોલીન ૧૨૦૦**
પામોલીન ૧૧૮૦
સોયા રીફાઈન ૧૪૧૦
રાયડાતેલ ૧૫કી.૧૧૨૦-૧૨૫૦
**સીંગતેલ૧૫ કી. ૧૪૬૦-૧૫૦૦**
સીંગતેલ ૧૫ લી.૧૩૮૦
**સીગતેલ ૫ લી. ૪૬૩-૪૬૫**
તિરૂપતી કપા. ૧૩૬૦
૫ લીટર ૪૩૨
વનસ્પતિ ઘી ૧૦૪૦-૧૨૦૦
કોપરેલ ૧૫ કિલો ૩૩૦૦
૫ કે. કોપરેલ૧૧૫૦
૫લી. અંકુર સીંગતેલ ૪૬૫
**૧૫ લીટર સનફલાય ૧૩૩૦**
ટાયગર રાયડા તેલ ૧૫ કી. ૧૨૪૦
૫ લી. ૩૪૫
૨ લી. ૧૬૦
**ચોખા-દાળ બજાર**
(૧૦૦ કીલોના ભાવ)
કીચન ચેમ્પીયન કલાસીક ૮૫૦૦
કીચન ચેમ્પીયન સુપર ૭૭૦૦
કીચન ચેમ્પીયન તીબાર ૭૨૦૦
કીચન ચેમ્પીયન દુબાર ૬૯૦૦
કીચન ચેમ્પીયન રોજાના ૬૫૦૦
કીચન ચેમ્પીયનમીની દુબાર ૫૮૦૦
કીચન ચેમ્પીયન મોગર ૪૮૦૦
કીચન ચેમ્પીયન મીની મોગરા ૪૪૦૦
કીચન ચેમ્પીયન મીની મોગરા ૩૯૦૦
કીચન ચેમ્પીયન બ્રોકન ૩૦૦૦
દાવત ૧૧૨૧ કલાસીક ૯૫૦૦
દાવત ૧૧૨૧ કલાસીક ૯૫૦૦
દાવત સ્પેસીયલ ૭૮૦૦
દાવત ૭૭૦૦
દાવત તીબાર ૭૭૦૦
દાવત દિલખુશ ૭૮૦૦
દાવત રોજાના ૬૮૦૦
દાવત મોગરા ૪૮૦૦
દાવત મીની મોગરા ૪૦૦૦
ઈ.ગેટ કલાસીક ૨૫ કી.૧૪૦૦૦
ઈ.ગેટ કલાસીક ૧૦ કી.૧૪૨૦૦
ઈ.ગેટ કલાસીક ૫ કી.૧૪૨૦૦
ઈ.ગેટ કલાસીક ૧ કી.૧૪૪૦૦
ઈ.ગેટ સુપર ૨૫+૫ કી.૧૧૨૦૦
ઈ.ગેટ સુપર ૧૦ કી.૧૧૨૦૦
ઈ.ગેટ સુપર ૫ કી.૧૧૬૦૦

ઈ.ગેટ સુપર ૧ કી.૧૦૭૦૦
ઈ.ગેટતીબાર ૨૫ કી.૮૦૦૦
ઈ.ગેટ તી બાર ૧૦ કી.૮૧૦૦
ઈ.ગેટતીબાર ૫ કી.૮૫૦૦
ઈ.ગેટતીબાર ૧ કી.૮૫૦૦
ઈ.ગેટ દુબાર ૨૫ કી.૭૫૦૦
ઈ.ગેટ દુબાર ૧૦ કી.૮૦૦૦
ઈ.ગેટ દુબાર ૫ કી.૮૦૦૦
ઈ.ગેટ દુબાર ૧ કી.૮૦૦૦
દુન પ્રીમીયમ ૯૦૦૦
દુન તીબાર ૨૫ કી.૭૭૦૦
દુન તીબાર ૧૦ કી.૭૨૦૦
નર્મદા મગ પોલીસ ૫૯૫૦
મગદાળ નર્મદા સુપર ૬૦૦૦
નર્મદા મગ મોગર ૬૬૦૦
મગમોગરનર્મદાપ્રીમી ૬૯૦૦
નર્મદા અડદદાળ ૬૦૦૦
ઈન્ડિયા ગેટ મીની જુના ૪૫૦૦
ઈન્ડિયા ગેટ મોગરો ૪૪૦૦
ઈન્ડિયા ગેટ કણકી ૨૮૦૦
ઈન્ડિયા ગેટ ગોલ્ડન સેલા ૬૮૦૦
તુવરદાળ કૃષ્ણા ૭૦૦૦
તુવરદાળ રેંટીયો કિ.૫ ૯૦૦૦
તુવરદાળ ખીડીયાર ૬૧૦૦
લાલ કીલ્લો મેજીસ્ટીક ૯૦૦૦
લાલ કીલ્લો પ્રીમીયમ ૮૦૦૦
લાલ કીલ્લો તીબાર ૭૦૦૦
લાલ કિલ્લો દુબાર ૫૫૦૦
લાલ કિલ્લો મોગરો ૪૫૦૦
હેરીટેઝ એક્ષએક્ષએલ ૯૦૦૦
હેરીટેજ તીબાર ૮૦૦૦
હેરીટેજ દુબાર ૬૨૦૦
હેરીટેજ મીની દુબા ૫૦૦૦
કાયનાત પોપુલર ૬૪૦૦
કાયનાત સુપર ૮૧૦૦
કાયનાત ૬૮૦૦
કાયનાત પ્રીમીયમ ૮૮૦૦
રાજા બાસમતી ૪૦૦૦
કુરૂક્ષેત્ર ૫૮૦૦
પરી નં.૧ ૯૨૦૦
પરી નં. ૭ તીબાર ૮૨૦૦
પરી સુપર દુબાર ૭૪૦૦
કાયનાત ખેનીટાઈમ ૭૨૦૦
એપ્પલ પ્રીમીય ૪૮૦૦
ઓરેન્જ ૬૦૦૦

દાવત અપ્સરા ૫૦૦૦
જીરાસર ચંદન ૩૮૦૦
ચણાદાળ ૪૪૪ ૭૧૦૦
મગદાળ સમરદીપ ૭૨૦૦
મગમોગર રીયલ ૮૦૦૦
અડદદાળ અક્ષર ૮૩૦૦૦
મગ ૫૭૦૦
અંગુર તુવેરદાળ ૭૪૦૦
અંગુરતુવેરદાળઆયાતી ૬૪૦૦
ગાય છાપ તુવેરદાળ ૬૦૦૦
કિસાન તુવેરદાળ ૬૨૦૦
પરખ ગોલ્ડ પ્રીમીયમ ૬૦૦૦
પરખ સ્પેશીયલ ૫૨૦૦
લાલપરી તીબાર જુના ૪૨૦૦
લાલપરી દુબાર જુના ૩૮૦૦
લાલપરી સ્પેશી.નવા ૪૪૦૦
લાલપરી દુબાર નવા ૩૯૦૦
રોયલ ટેસ્ટ બાસમતી ૪૦૦૦
લાલમંદિર બાસમતી ૩૬૦૦
**ખાંડ બજાર**
(બોરીના ભાવ)
**ખાંડ એસ. ૨૮૫૦-૨૯૦૦**
**ખાંડ એમ. ૨૯૫૦-૩૧૦૦**
ખાંડએલ. ૩૦૫૦-૩૧૦૦
**ચા-બજાર**
સુરજ છાપ ચા ૩૦૦
હરણ છાપ ચા ૨૨૦
**આખા મરચાં-હળદર**
હળદર આખી રાજાપુરી ૭૦-૧૨૦
હળદર આખી રાજાપુરી ગટ્ટા ૧૦૦-૧૪૦
હળદર આખી સેલમ ૯૦
હળદર તળેલી સાંગલી ૮૦
મરચા વન્ડર હાટ ૨૦૫૦
મરચા વન્ડર મીડીયમ ૧૭૦૦
મરચા તેજા ૧૮૦૦
મરચું ગંતુર મીડીયમ ૧૯૦૦-૨૦૦૦
મરચા ટોમેટો ૨૨૦૦
મરચા ટોમેટો મીડીયમ ૧૯૦૦
કાશ્મીરી ૯૦
કાશ્મીરી મમરી ૯૦
સુપર ૫ટની ૧૦૫
સુપર રજવાડી ૧૯૦
મરચા ડેડીકટ ૧૨૫
મરચાં ૫૮૦૦
**ગોળ બજાર**
વડેચા ગોલ્ડ ૧૦ કે ૪૪૦૦
વડેચા રજી ૧૦ કે. ૪૬૦૦
વડેચા ૫ કી. ૪૮૦૦
વડેચા ૧ કી. ૫૦૦૦
વડેચા ૨૫૦ ગ્રામ ૫૦૦૦
સાંગલી ૧૦ કે. ૪૩૦૦
**ખોળ બજાર ૯૫૦-૧૦૦૦**
દાણ ૭૦ કી.ગ્રા.૯૫૦-૧૦૦૦
મોરબી ખોળ ૧૦૫૦-૧૧૦૦
જીરાળુ ૧૪૨૦
ચૂની કોરમુ ૭૦ કિ.ગ્રા. ૯૨૦-૧૫૪૦
મકાઈ ૩૫ કી.ગ્રા. ૫૧૦
જવ ભરડો ૩૫ કી.ગ્રા.૫૭૦
**પરચુરણ**
સોજી ૭૮૦
મેંદો ૭૫૦
શ્રીફળ એમ. ૧૨૮૦
નિરમા સાબુ૫૨૫
મેદી ૬૦-૧૦૦
અજમો ૧૪૦-૧૭૦
સાકરીયા ૩૮૦૦
ખાંડ બુરૂ ૪૦૦૦
કોકમ ફુલ ૧૮૦
એલચી ૧૧૦૦-૧૪૦૦
મોરૈયો ૬૫-૮૦
તલ ૯૦-૧૦૦
ખસ-ખસ ૩૫૦-૫૮૦
સીંગદાણા ૬૫-૮૦
**શાકભાજી(૨૦ કિલોના ભાવ)**
દુધી ૮૦-૧૨૦
સુકી ડુંગળી ૧૮૦-૨૦૦
લસણ ૩૦૦-૫૦૦
ધાણા ૪૦૦-૫૦૦
મરચાં ૫૦૦-૬૦૦
લીંબુ ૭૦૦-૧૦૦૦
અડવી પત્તા ૨૦૦-૩૦૦
આદુ ૮૫-૯૫
રીંગણ ૩૦૦-૪૦૦
ટામેટા ૨૨૦-૨૪૦
**ભીંડા ૩૦૦-૪૦૦**
કોબી ૧૨૦-૧૪૦
વટાણા ૧૫૦૦-૧૯૦૦
ટીંડસા ૫૦૦-૮૦૦
ગવાર ૨૪૦-૩૦૦
બાદશાહ બટાકા ૩૪૦-૪૦૦
**સાંગા બટાકા ૨૦૦- ૨૪૦**
તુવેર ૮૦૦-૧૨૦૦

**રખેવાળ ના માધ્યમથી તમારા લાડલાને અથવા સ્નેહીને જન્મદિન શુભેચ્છાઓ.....**

**‘જન્મદિન મુબારક’ માં ભાગ લેવા આટલું કરો**

★ તમારા સ્નેહીને વિનામુલ્યે જન્મદિન-મુબારક પાઠવવાનો નીચેની કુપનમાં જણાવેલ વિગત જન્મદિવસ તારીખ અગાઉ એક સપ્તાહ પહેલાં મળી જાય તે રીતે મોકલી આપવું.
★‘રખેવાળ’ માં પ્રસિદ્ધ થયેલ કૂપન સિવાય અન્ય કાગળોમાં મોકલેલ વિગતો ધ્યાને લેવાશે નહીં.
કૂપન સાથે જન્મ તારીખના દાખલાની ઝેરોક્ષ અવશ્ય મોકલવી.
★ જન્મદિન મુબારકમાં જો આપ ફોટો છપાવવા ઈચ્છતા હોવ તો તે માટે ટીકીટ સાઈઝ ફોટા માટે રૂા. ૧૦૦/- તથા ૪ સે.મી. સાઈઝ ફોટો માટે રૂા. ૨૫૦/- ચાર્જ એડવાન્સ મોકલી આપવાના રહેશે.

**જન્મદિન મુબારક**

નામ :...................... પતિ/પિતા :......................
માતા : ......................જ.તા. ................ઉ.વ.
પરિચય: ........................................................
સરનામુ : ......................................................
મોકલનારની સહી : ............................................

## દુધની સગાઈ

માતા કહીને મને રે બોલાવી
તે મુખથી માન ઘણું આપ્યું તું
ઉપર વાળે ચરવા અમારે એ
લીલા ઘાસનું ગૌચર રાખ્યું તું
વગર દાણે તું દોહવા બેઠો
દોણી ભરીને દુધ મેં આપ્યું તું
ખેતીના કામે ને હળે જોતરવા
મારા વંશનું નાક તે કાપ્યું તું
કતલખાને ક્રુર કતલ કરીને
લોહી માંસ મારૂં તે ચાખ્યું તું
હું અભાગી મા છું તારી
માનવ વંશનું બળ વધાર્યું તું
હે આદમ, કેમ ભુલી ગયો તું
દુધની સગાઈથી સવાયુ શું ?

**મશરૂ પ્રજાપતી**

## સૌ સ્વપ્નાંનો ખેલ

રાતે રોશની વેરે ચંદ્રમા
અનેક રંગોનો મેળ
લુંટીને દિવસ લઈ જાય છે
સૌ સ્વપ્નાંનો ખેલ
જેવો નાચ નાચે છે લોકો
એવો વાગે છે ઢોલ
દેશ મારો દેખાય બહેરો
હોય બુલંદ બોલ
અંધો તણા નગર મહીં
જોવા પર પ્રતીબંધ
આંખોવાળા વગાડે વાજાં
વીણા વગાડે અંધ
પ્રદીપ અંધેરી નગરીમાં હૈ
હોય વિના ત્રાજવે તોલ
કયારેક અમાસનાં અંધારાં
પોલમાં વાગી રહ્યો લોલ

**એન.એ.મોઢ**
**(પાંચડા)**

## કોને ખબર

આંખ ભીની આંસુઓની ધાર છે ગાલો ઉપર
છે મિલન કે આ જુદાઈની વ્યથા કોને ખબર
આમ ટપકે શાહીમાંથી નામ તારૂં હર શબ્દ
યાદમાં એની ડુબી મારી કલમ આ તરબતર
વેણ કડવાં કોઈ દિ શું સાંભળ્યા મારા મુખે
તો પછી ફરીયાદ શાને આજ આવી મુખ ઉપર
છે વિરહની વેદના કે દુઃખ કોઈ આવી પડયું
આ છલકતો જામ શાનેં તે ધર્યો તારા અધર
આજ માણી લે ધરાઈ જે મળે ગમ કે ખુશી
છો પછી યુસુફ રહે ભીનાશ આંખે તરબતર

**યુસુફ ગુંજાવી**

## આવાજ

ખિલૌના નહીં હૈ માનવતા
જો તુમ ખેલ ખેલ રહે હો,
વો હી કરકે કુછ નહીં પાતા
જો તુમ ભીતર મેં છુપા રહે હો
યહ મામલા ગંભીર હૈ
વોહી તુમ સોચ રહે હો
યહ સંસાર છોડ કે ચલે ગયે વો
ઈસ ઈન્સાન કા મડદા કયું ચુંથ રહે હો
હાલત હોગી તુમ્હારી ઉસી તરહ
જિસ ઈન્સાન કા મડદા તુમ ચુંથ રહે હો
નિયમ હૈ સંસાર કા ગયે વાપસ નહીં આયેંગે
યાદ રખના જરૂર ઉસી કી તરહ તુમ જાયેંગે
છોડેગા નહીં તુમ કો ઈશ્વર કે દરબાર મેં
હાલત તુમ્હારી ઉસી કી તરહ કરેંગે
ખીલૌના નહીં હૈ માનવતા
જો તુમ ખેલ ખેલ રહે હો

**બી.જે.હડીયલ**

## કુકડે કુક

પરોઢીયું પોકારે નીત કુકડે કુક
નીદરૂને જગાડે નીત કુકડે કુક
તલાવડાના તીરે નીત કુકડે કુક
બેડું ભરતું નીરે નીત કુકડે કુક
આંગણીયું સંભાળી નીત કુકડે કુક
કરતું ચોખ્ખું વાળી નીત કુકડે કુક
શીવ શીવ બોલી ન્હાતું નીત કુકડે કુક
વળતું આવે ગાતું નીત કુકડે કુક
ઝાકળ થઈને ઠરતું નીત કુકડે કુક
ચારે બાજુ ફરતું નીત કુકડે કુક
છાશ વાટકે વહેંચે નીત કુકડે કુક
દોર વલોણે ખેંચે નીત કુકડે કુક
ભારા લઈને માથે નીત કુકડે કુક
ભવને ગુંથે હાથે નીત કુકડે કુક

**મંગળ રાવળ સ્નેહાતુર**

## કાવ્યસૃષ્ટી

સમી સાંજનો ઢોલ ઢબુકતો જાન ઉઘલતી મ્હાલે
કેસરીયાળો સાફોઘરનું ફળીયું લઈને ચાલે
પાદર બેસી ફફડી ઉઠતી
ઘરચોળાની ભાત
ડુસકે ડુસકે હડસેલાતી
બાળપણાની વાત
પૈડું સીંચતા રસ્તો આખો
કોલાહલમાં ખુંપે
શૈશવથી ચીતરેલી શેરી
સુનકારમાં ડુબે
જાન વળાવી પાછો વળતો
દીવડો થરથર કંપે
ખડકી પાસે ઉભો રહીનેઅજવાળાને ઝંખે
સમી સાંજનો ઢોલ ઢબુકતો જાન ઉઘલતી મ્હાલે
કેસરીયાળો સાફોઘરનું ફળીયું લઈને ચાલે

**સંકલન :મયુર સુથાર(રૈયા)**

મહેસાણા, પાટણ, રાધનપુર, સિધ્ધપુર, ચાણસ્મા, ઉંઝા, વિસનગર, હિંમતનગર, ખેડબ્રહ્મા
રખેવાળ

## પાટણ જિલ્લામાં વૃક્ષ રોપણીનો રેકોર્ડ માત્ર કાગળ પર : અસંખ્ય છોડ સુકાયા

પાટણ

રણકાંઠાના સરહદી પાટણ જિલ્લામાં આજથી છ વર્ષ પહેલાં લાખો વૃક્ષોનું એક જ દિવસે વૃક્ષારોપણ કરીને રેકોર્ડ બનાવવા માટે લાખોનો ધૂમાડો કર્યો હતો. પરંતુ આ રોપેલા છોડવાઓમાંથી કેટલા ઉછર્યા છે અને કેટલા સુકાયા છે તેની ગણતરી કરવા માટે એસી ચેમ્બર બેસતા અધિકારીઓ પાસે સમય નથી. પાટણ જિલ્લામાં રણને આગળ વધતું અટકાવવાના ભાગ રૂપે અને જિલ્લામાં ઘટાદાર સહિત લીલા વૃક્ષો કપાવવાની પ્રવૃત્તિ સામે કયા કારણોસર વન વિભાગ પગલાં લેવાતા નથી. તે સવાલ લોકોમાં ચર્ચાસ્પદ બન્યો છે. રણકાંઠાના વિસ્તારમાં ૪૫ ડીગ્રી ગરમી અને પાણીની અછતના લીધે મોટાભાગના છોડ સુકાઈ ગયા હોવાનું વનવિભાગના અધિકારીઓ કબુલી રહ્યા છે. હાલમાં સરકાર દ્વારા જળસંરક્ષણ અભિયાન હાથ ધરવામાં આવ્યું છે. ત્યારે આંતરિયાળ રણ વિસ્તારમાં ચોમાસા દરમિયાન વધુ માત્રામાં વરસાદી પાણીનો સંગ્રહ કરવા પગલા ભરવામાં આવે તે જરૂરી છે.

## રાધનપુરમાં કોંગ્રેસ દ્વારા જનમિત્ર અભિયાન અંતર્ગત બેઠક યોજાઈ




રાધનપુર

રાધનપુરમાં કોંગ્રેસ દ્વારા આગામી લોકસભાની ચૂંટણીમાં લોકો સાથે સીધો સંપર્ક સાધી શકાય તે માટે જનમિત્ર બનાવવાનું અભિયાન હાથ ધરવામાં આવ્યું છે,જે અંતર્ગત બુધવારે બેઠક યોજાઈ હતી,જિલ્લા પ્રભારીઓ જકાભાઈ પટેલ,રામજીભાઈ ઠાકોર અને યાસીનભાઈ બંગલાવાળાની ઉપસ્થિતિમાં યોજાયેલ બેઠકમાં તાલુકાના ૯૩ અને રાધનપુર શહેરના ૩૦ બુથ માટે જનમિત્ર બનાવવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી.આ જનમિત્રો લોકો સાથે સીધો સંપર્ક કરીને તેમના પ્રશ્નોને વાચા આપશે અને દરેક બુથ સુધી મતદારોને લઈ આવીને કોંગ્રેસ તરફી મતદાન કરાવી પક્ષને જીત અપાવવા જહેમત ઉઠાવશે. આ પ્રસંગે તાલુકા કોંગ્રેસ પ્રમુખ નવીનભાઈ પટેલ,શહેર કોંગ્રેસ પ્રમુખ કાનજીભાઈ પરમાર, તાલુકા જનમિત્ર ઈન્ચાર્જ આનંદગિરી ગોસ્વામી અને દિનેશજી ઠાકોર,શહેર જનમિત્ર ઈન્ચાર્જ ઈમરાનભાઈ શેખ અને રાકેશભાઈ કેશાજી ઠાકોર સહીત કોંગ્રેસના અગ્રણીઓ અને કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા.

## વિવિધ બજાર ભાવ

| | | | |
|---|---|---|---|
| **પીલૂડા** | | **ભીલડી** | |
| રાયડો : ૭૦૫ થી ૭૩૦ | | એરંડા | ૭૭૫-૭૮૮ |
| એરંડા : ૭૭૦ થી ૭૯૧ | | રાયડો | ૬૭૬-૬૮૩ |
| જીરું : ૨૬૨૩ થી ૩૦૨૧ | | રાજગરો | ૧૧૦૦-૧૨૨૪ |
| સુવા : ૭૨૫ થી ૭૨૫ | | બાજરી | ૨૫૦-૨૫૮ |
| ઈસબગુલ : ૧૨૪૦ થી ૧૫૪૫ | | ઘઉં | ૨૯૦-૩૧૯ |
| વરિયાળી : ૧૧૨૪થી ૧૨૫૧ | | જીરૂ | ૨૦૭૦-૨૭૬૧ |
| અજમો : ૧૭૨૪ થી ૨૦૦૦ | | તમાકુ | ૯૭૦-૧૨૭૯ |
| ચીકુડી : ૧૧૨૫ થી ૧૨૦૦ | | **થરા** | |
| સરસવ: ૭૫૦ થી ૭૫૦ | | જીરૂ | ૨૫૦૦-૩૧૩૧ |
| **ડીસા** | | એરંડા | ૭૭૦-૭૯૮ |
| ઘઉં | ૩૧૪-૩૬૦ | રાયડો | ૬૯૦-૭૦૮ |
| બાજરી | ૨૫૩-૨૬૫ | ઘઉં | ૩૦૫-૪૧૯ |
| રાજગરો | ૧૧૩૧-૧૨૨૬ | બાજરી | ૨૩૦-૨૬૩ |
| તમાકુ | ૧૦૫૧-૧૫૧૧ | સુવા | ૭૨૦-૮૧૦ |
| એરંડા | ૭૭૩-૭૮૭ | ઈસ. | ૧૧૦૦-૧૧૭૧ |
| રાયડો | ૭૦૦-૭૨૬ | વરી. | ૧૦૭૬-૧૬૨૮ |
| **પાલનપુર** | | **સિધ્ધપુર** | |
| ઘઉં | ૩૧૦-૪૧૫ | વરીયાળી | ૧૦૭૦ |
| બાજરી | ૨૩૩-૨૫૩ | ઈસ. | ૮૦૦-૧૧૦૬ |
| ચણા | ૬૪૫-૬૬૩ | રાયડો | ૬૧૧-૭૪૬ |
| એરંડા | ૭૭૦-૭૮૫ | એરંડા | ૭૦૦-૭૮૬ |
| રાયડો | ૬૫૦-૭૦૪ | ગવાર | ૭૨૦-૭૩૭ |
| વરી. | ૧૦૫૦-૨૧૨૧ | મેથી | ૪૮૫-૫૪૦ |
| રાજગરો | ૯૬૧-૧૨૨૦ | ઘઉં | ૩૧૦-૪૧૪ |
| **લાખણી** | | જવ | ૩૨૪ |
| એરંડા | ૭૬૦-૭૮૦ | સવા | ૭૭૬-૮૬૦ |
| રાયડો | ૬૮૦-૭૧૫ | કપાસ | ૭૦૦-૯૦૦ |
| વરી. | ૯૫૫-૧૨૫૦ | બાજરી | ૨૩૦-૨૫૦ |
| રાજગરો | ૧૦૫૦-૧૧૭૦ | **પાટણ** | |
| સવા | ૭૮૦-૮૬૮ | જીરૂ | ૨૩૦૦-૩૦૦૦ |
| ગવાર | ૮૯૨ | વરીયાળી | ૧૦૧૨-૧૪૭૧ |
| ઈસ. | ૧૨૦૦-૧૨૧૮ | મેથી | ૪૩૧-૬૨૨ |
| જીરૂ | ૨૬૦૦ | સુવા | ૬૫૦-૯૩૫ |
| **પાંથાવાડા** | | રાયડો | ૬૫૦-૭૫૩ |
| રાજગરો | ૧૦૬૦-૧૧૪૯ | એરંડા | ૭૫૭-૭૮૩ |
| ઈ.ગુલ | ૧૧૧૧- ૧૨૪૮ | ઈસ. | ૧૦૩૦-૧૧૨૧ |
| જીરુ | ૨૬૫૦-૨૭૨૫ | અજમો | ૮૧૬-૧૦૫૧ |
| એરંડા | ૭૬૫- ૭૮૦ | ઘઉં | ૩૦૦-૪૪૨ |
| રાયડો | ૬૮૩-૭૩૦ | બાજરી | ૨૨૫-૨૬૯ |
| **ધાનેરા** | | ગવાર | ૭૨૦-૭૩૭ |
| ઘઉં | ૩૧૨-૩૬૬ | કપાસ | ૭૦૦-૧૦૭૫ |
| બાજરી | ૨૭૨-૨૭૬ | **થરાદ** | |
| ગવાર | ૭૧૯-૭૩૦ | રાયડો | ૭૦૯-૭૪૪ |
| રાયડો | ૬૫૦-૭૨૬ | એરંડા | ૭૭૦-૭૮૦ |
| એરંડા | ૭૬૮-૭૮૧ | જીરુ | ૨૫૦૦-૩૧૦૦ |
| સુવા | ૭૯૧-૮૯૯ | વરીયાળી | ૧૦૦૧-૧૨૪૫ |
| ઈસ. | ૧૦૦૦-૧૬૧૧ | ચિકુડી | ૯૦૦-૧૨૫૦ |
| જીરૂ | ૨૫૦૦-૨૮૫૦ | સોવા | ૭૦૦-૮૨૫ |
| વરીયાળી | ૧૧૧૫-૧૨૦૫ | ઈસબગુલ | ૧૩૦૦-૧૬૦૦ |
| રાજગરો | ૧૦૬૭-૧૨૧૧ | અજમો | ૧૨૫૦-૨૨૫૦ |
| અજમો | ૧૪૦૦-૧૯૦૦ | ગવાર | ૬૮૦-૭૧૭ |
| રજકો | ૨૪૬૬ | **રાહ** | |
| તારામીરા | ૭૮૦ | રાયડો | ૭૦૦-૭૧૫ |
| અસાળીયો | ૭૨૫-૭૭૧ | એરંડા | ૭૭૦-૭૭૬ |
| ચીકુડી | ૧૦૫૦-૧૧૯૭ | ચિકુડી | ૧૧૦૦-૧૨૪૦ |
| અન્ય | ૭૮૦-૧૧૯૭ | સોવા | ૮૦૦-૮૬૦ |

## સરસ્વતી તાલુકાના ચોરમારપુરા ખાતે સુજલામ-સુફલામ જળ અભિયાનનો શુભારંભ



પાટણ

રાજય સરકાર દ્વારા તા. ૧ લી મે થી ૩૧ મે સુધી જળ સંચયના કામો હાથ ધરવામાં આવી રહયાં છે. જેના ભાગરૂપે પાટણ જિલ્લામાં સરસ્વતી તાલુકાના ચોરમાર પુરા ખાતે શ્રમ અને રોજગાર મંત્રીશ્રી દિલીપકુમાર ઠાકોર અને પાટણ જિલ્લાના પ્રભારી મંત્રી અને સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના કલ્યાણ રાજય મંત્રીશ્રી વાસણભાઈ આહીરની ઉપસ્થિતિમાં જળ સંચયના તળાવ ઉંડા કરવાના કામનું ભૂમિપૂજન કરવામાં આવ્યું હતું.

પાટણ જિલ્લામાં સરસ્વતી તાલુકાના ચોરમારપુરા ખાતેજળ સંચયના તળાવને ઉંડું કરવાની કામગીરીનો શુભારંભ કરાવ્યો હતોઆ તળાવ ગુરુકૃપા માનવ કલ્યાણ ચેરીટેબલ ટ્રસ્ટ કિમ્બુવા એનજીઓ દ્વારા કરવામાં આવશે તળાવમાં ઉંડાઈ ત્રણ મીટરનું ખોદકામ કરવામાં આવશે જેમાંથી દશ હજાર સીએમસી માટી બહાર નીકળશે આ તળાવ ત્રણ એકરમાં પથરાયેલછે. જેમાં પાણીનો આવરો વધુ પ્રમાણમાં થશે જે ખેતી માટે ઉપયોગમાં લઈ શકાશે અને પાણીના સ્તર ઉંચા આવશે આ પ્રસંગે જિલ્લાના કલેકટર આનંદ પટેલ, જિલ્લા વિકાસ અધિકારી રાજેશ રાજયગુરુ, સંગઠનના મયંક ભાઈ નાયક, મોહનભાઈ પટેલ, નંદાજી ઠાકોર, પ્રાન્ત અધિકારી સંગઠનના સભ્યો મોટી સંખ્યામાં ઉપિથિત રહયા હતા.

## વિજાપુરના આસોડાના વૈજનાથ - જશમલનાથ મહાદેવના મંદિરને વિકસાવવા માંગ

મહેસાણા

વિજાપુરના આસોડા ગામના ૮૦૦ વર્ષ પ્રાચીન વૈજનાથ જશમલનાથ મહાદેવ મંદિરની કોતરણી અદ્‌ભુત છે. છેલ્લા ૧૫ વર્ષથી વરસાદનું પાણી મુખ્યમંદિરમાં પડી રહ્યું છે જેથી મંદિરને નુકશાનની ભીતી સેવાઈ રહી છે. તેને બચાવવા સરકારમાં રજુઆત કરાઈ છે.

વિજાપુર તાલુકાના ફૂદેડા - રણછોડપુરા ગામને સ્પર્શ કરતી સાબરમતી નદી પસાર થાય છે. જેના રામપુર કોર અને પેઢાબલી ગામોમાંથી તામ્રપત્રના અસ્મીઓ અને ઓજારો મળ્યા છે. તાલુકાના ઘણા ગામો સાબરમતી નદીની કોતરોમાં વસેલા છે જેના કારણે ગામની સંસ્કૃતિ તટ પ્રદેશની સંસ્કૃતિ સાથે સામ્યતા ધરાવે છે. જેમાં સોલંકી કાળની પંચાયત શૈલીમાં નિર્મિત આસોડા - દેવડા ગામે આવેલ જશમલનાથ મહાદેવનું મંદિર પુરાત્ત્વ ધરાવે છે. મંદિરનો પ્રવેશ સ્તાંભ ગુજરાતના તોરણોની ઝાંખી કરાવે છે. મંદીરમાં પ્રવાસીઓ માટે બેસવાના બાંકડા કે અન્ય કોઈ સુવીધાઓ પણ નથી. મહિલાઓ માટે શૌચાલય પણ નથી. આગડોલ અને બુધ્ધિસાગર જૈન મંદિર પ્રાચીન જૈન પરંપરાના પ્રતિક છે. સદર મંદિર ૮૦૦ વર્ષ જુનું છે. હાલમાં ભારતીય પુરાતત્વ પાટણ દ્વારા વહીવટ થાય છે.

## મહેસાણામાં સ્વચ્છ ભારત અભિયાનનો પ્રારંભ



મહેસાણા

સ્વચ્છ ભારત અભિયાન જે આપણા વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા શરૂ કરવામાં આવ્યું છે. જે આપણા દરેક ભારતીય નાગરિકના દીલની નજીક છે.

સાત ગુજરાત બટાલિયન અને.સી.સી માં આ કાર્ય કર્નલ પી.એસ.નિકમ અને કર્નલ સંદિપસિંહ દ્વારા આ કાર્ય ચલાવવામાં આવી રહ્યું છે. યુવાનો અને ખાસ કરીને એન.સી.સી.ના કેડેટએ આ માટે મોટું ઉદાહરણ પુરુપાડી રહ્યા છે. આ યુવાન નેતાઓ તેમના વિચારો અને કાર્ય દ્વારા આ સફળ કરવા જઈ રહ્યા છે. તેઓ ન માત્ર રેલી કાઢીને કે બીજાઓની જેમ માત્ર કહેવા પૂરતી સ્વચ્છતા કરી રહ્યા હોય પરંતુ તેઓ સાચા અર્થમાં આ મહાન કાર્ય સાથે જોડાયેલા છે. એક સુંદર વાક્ય જે મહાત્મા ગાંધી દ્વારા કહેવામાં આવ્યું છે. 'જો વિશ્વને બદલવું હોય તો , તમારે પોતે પહેલા બદલવું પડશે.'

## રાધનપુર તાલુકાના કલ્યાણપુરામાં રૂ.૧૯ લાખના ખર્ચે પીવાના પાણીના બોરનું નિર્માણ પુરજોશમાં




રાધનપુર

રાધનપુર તાલુકાના કલ્યાણપુરા ગામે પાણીપુરવઠા વિભાગ દ્વારા પાઈપલાઈન દ્વારા પાણી પૂરું પાડવામાં આવતું હતું,જે પરાં-વાડી વિસ્તારના લોકો સુધી પહોંચતું ના હોવાથી લોકોને પીવાના પાણીની હાડમારી પડતી હતી.તાલુકા પંચાયતના સદસ્ય સુરેશભાઈ ઠાકોરે આ બાબતે પાણીપુરવઠા વિભાગને રજુઆત કરતા પોઝીટીવ રિસ્પોન્સ મળતાં કલ્યાણપુરા ગ્રામપંચાયત દ્વારા બે લાખ રૂપિયા લોકફાળાના ભરતાં પાણીપુરવઠા વિભાગ દ્વારા રૂ.૧૯ લાખના ખર્ચે પીવાના પાણીનો બોર મંજુર કર્યો હતો,જેની કામગીરી તાલુકા પંચાયતના સદસ્ય સુરેશભાઈ ઠાકોર, સરપંચ જેમલજી ઠાકોર તેમજ ગ્રામજનોની ઉપસ્થિતિ માં શરુ કરવામાં આવી છે. દસ દિવસમાં બોરની કામગીરી પૂર્ણ થયા બાદ વીજજોડાણ આપીને પાણી આપવાનું શરુ કરી દેવામાં આવશે, આ બોર ચાલુ થઈ ગયા બાદ સમગ્ર ગામમાં પીવાના પાણીની લેશમાત્ર સમસ્યા નહિ રહે. કલ્યાણપુરા ગામ ગ્રામપંચાયતની ગત ચૂંટણીઓમાં સમરસ થવા પામ્યું હતું.

## લોર્ડ ક્રિષ્ના સ્કૂલ શ્રેષ્ઠ પરિણમોની પરંપરા જાળવી રાખી





પાટણ

ચાલુ સાલે લેવાયેલ ધોરણ વિજ્ઞાન પ્રવાહની પરીક્ષામાં લોર્ડ ક્રિષ્ના સ્કૂલ ઓફ સાયન્સ ૮૪.૯૩ ટકા પરિણામ પ્રાપ્ત કરેલ છે. જેમાં શાળાના કુલ ૧૨ વિદ્યાર્થીઓ એ - ટુ ગ્રેડ પ્રાપ્ત કરે છે. તેમજ ૧૦૦ ઉપરાંત બાળકો બી - વન અને બી - ટુ ગ્રેડ પ્રાપ્ત કરે છે. શાળાના ટોપ ટેન વિદ્યાર્થીઓ આ પ્રમાણે છે.પટેલ પ્રતિ ડી. ૯૯૪૦ પી. આર. (પ્રથમ), પટેલ પ્રિતકુમારી પી. ૯૯.૩૩ પી. આર.(દ્વિતીય), પટેલ ધ્રુવીન આર. ૯૯.૩૩ પી.આર. (દ્વિતીય), રાવલ નયન એચ. ૯૯.૨૦ પી.આર. (તૃતીય), પટેલ ચિન્મય એ. ૯૯.૦૬ પી. આર.(ચોથો), રાવલ ઉર્વિશ એચ. ૯૯.૦૬ પી.આર. (ચોથો), દરબાર પુજન કે. ૯૮.૯૯ પી. આર. (પાંચમો), પટેલ દિવ્યા એમ. ૯૮.૯૦ પી. આર. (છઠ્ઠો), પંડયા વૈભવ એમ. ૯૮.૬૭ પી.આર. (સાતામો), ગોસ્વામી ઝીલ.આર ૯૮.૫૯ પી.આર.(આઠમો), પંચાલ ઓમ.બી. ૯૮.૫૫ પી. આર.(નવમો), ચૌધરી સુસ્મિતા ડી. ૯૮.૫૦ પી.આર. (દસમો) તમામ સફળ વિદ્યાર્થીઓ તેમજ તેમના માતા - પિતાને ક્રિષ્ના સ્કૂલ ઓફ સાયન્સ પરિવારે બિરદાવેલ છે.

## બહુચરાજીમાં હાઈ - વેથી બસસ્ટેન્ડનો આર.સી.સી.રોડ પુનઃ બનાવવા માંગ

ચાણસ્મા

યાત્રાધામ બહુચરાજી હાઈ - વેથી બસ સ્ટેન્ડને જોડતો આશરે ૫૦૦ મીટરનો રોડ છેલ્લા ઘણા વર્ષોથી તૂટી ગયો છે. આ અંગે વારંવાર રજુઆત કરવા છતાં સરકારી વહીવટીતંત્રના બહેરા કાને રજુઆત સંભળાતી નથી તેમજ સીંગલ પટ્ટીના આ રોડ પર બંને સાઈડ કરવામાં આવેલ દબાણોના કારણે એસ.ટી.ચાલકોને અહીંથી પસાર થવું મુશ્કેલ બન્યું છે.

જાણવા મુજબ યાત્રાધામ બહુચરાજીના વિકાસ માટે ટેમ્પલ ટ્રસ્ટ સ્થાનીક ગ્રામ પંચાયત અને ગ્રામ પંચાયત અને રાજય સરકાર દ્વારા ગ્રાન્ટ ફાળવવામાં આવે છે. પરંતુ બહુચરાજી બસસ્ટેન્ડમાં પ્રવેશવાનો મુખ્ય રોડ જાણે વહીવટીતંત્રના નકશામાંથી હાલમાં તો ખોવાઈ ગયો હોય તેમ લાગે છે. રોડ ઉપર ઢીચણ સમા ખાડા પડી ગયા હોવાથી વાહન ચાલકો પરેશાન થઈ ચુકયા છે. રોડની બંન્ને સાઈડો પર કાચા દબાણો પણ થયા છે. જેથી ટ્રાફિકની સમસ્યા ગંભીર બની છે. જેથી આરસીસી રોડ બનાવવા માંગ ઊઠી છે.

## સરસ્વતી તાલુકા પંચાયત ભવનની બાજુમાં પ્રાદેશિક વિજ્ઞાન મ્યુઝિયમનું ભૂમિપૂજન



પાટણ

ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી અને વિજ્ઞાન અને પ્રાયોગિકી ઉપક્રમે પાટણ જિલ્લાના સરસ્વતી તાલુકા પંચાયત કચેરીની સમીપમાં ૧૦ એકર જમીનમાં રૂ.૭૨.૮૧ કરોડના ખર્ચે નિર્માણ કરાનાર પ્રાદેશિક વિજ્ઞાન મ્યુઝિયમનું ભૂમિપૂજન કરાયું હતું.શ્રમ અને રોજગાર મંત્રી દિલીપકુમાર ઠાકોર અને પાટણ જિલ્લાના પ્રભારી મંત્રી અને સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના કલ્યાણ રાજય મંત્રી વાસણભાઈ આહીરની ઉપસ્થિતિમાં કરવામાં આવ્યું હતું.

કુલ ૩૪૦૦ વર્ગ મીટર જમીનમાં ત્રણ વિભાગોમાં નિર્માણ કરાનાર પ્રાદેશિક વિજ્ઞાન મ્યુઝિયમમાં કુલ પાંચ વિભાગો નિર્માણ કરાનાર છે. જેમાં હયુમન સાયન્સ ગેલેરી, હાઈડ્રોપોનીકસ ગેલેરી,નોબલ પ્રાઈઝ ગેલેરી-ડાયનાસોર ગેલેરીઅને ઓપ્ટીક ગેલેરી નિર્માણ કરાશે. આગામી દોઢ વર્ષમાં પાટણ જિલ્લા માટે સીમાચિન્હ સમાન આ મ્યુઝિયમનું નિર્માણ પુરું કરાશે.પાટણની રાણીનીવાવ, પાટણના પટોળાની જેમ વિજ્ઞાન અને ટેકનોલોજીના સમન્વયના પ્રતીક સમાન આ મ્યુઝિયમ કાર્યરત થશે. ગુજરાતમાં પાટણ ઉપરાંત વડોદરા- રાજકોટ-ભૂજ અને ભાવનગર ખાતે પ્રાદેશિક વિજ્ઞાન મ્યુઝિયમો નિર્માણ કરાનાર છે. અમદાવાદની સાયન્સ સીટી આ ક્ષેત્રે અવ્વલ સ્થાને છે. વિજ્ઞાન મ્યુઝિયમને પાટણ જિલ્લા માટે એક વિશિષ્ટ અનૌપચારિક શિક્ષણ સંકુલ તરીકે ઉલ્લેખતાં શ્રમ અને રોજગાર મંત્રી દિલીપકુમાર ઠાકોરેજણાવ્યું હતું કે ૨૧ મી સદીટેકનોલોજી અને વિજ્ઞાનની સદી છે. આવનારી પેઢીઓની ખુશહાલી અને સુખાકારી માટે વિજ્ઞાન અને ટેકનોલોજીનો મહત્તમ વિનિયોગ જરૂરી છે. આવનારી પેઢીઓને સુખી કરવાનું એક માત્ર માધ્યમ વિજ્ઞાન અને તેના આવિષ્કારો ના સમુચિત ઉપયોગ છે. આજના વિધાર્થી સમુરો બને સાંપ્રત યુવા પેઢી વિજ્ઞાન અને ટેકનોલોજીમાં રસ લેતી થાય તે જરૂરી છે. ગુજરાતમાં રાજય સરકારે આ દિશામાં મહત્વપુર્ણ પગલાં ભર્યા છે. ગત વર્ષે ગુજરાતની પૂરની સ્થિતિમાં વિજ્ઞાન અને ટેકનોલોજીના ઉપયોગ થકી પુરપીડિતોને સમયસર બચાવ અને રાહત વ્યવસ્થાઓ પુરી પાડી શકાઈ હતી તેમ શ્રી દિલીપકુમાર ઠાકોરે વધુમાં ઉમેર્યુ હતું. આ પ્રસંગે મહાનુભાવોએ મ્યુઝિયમ ના મોડલનું નિરીક્ષણ કર્યું હતું અને તકિતનું અનાવરણ કર્યુ હતું વિધાર્થીઓ માટે કવીઝ અને નિબંધ સ્પર્ધા યોજાઈ હતી. વિજેતા વિધાર્થીઓને શિલ્ડ –પ્રમાણપત્ર અને કેશ એવોર્ડસ અપાયા હતા. જિલ્લાના કલેકટર આનંદ પટેલ, જિલ્લા વિકાસ અધિકારી રાજેશ રાજયગુરુ, સંગઠનના મયંકભાઈ નાયક, મોહનભાઈ પટેલ, નંદાજી ઠાકોર, વિજ્ઞાન અને પ્રાયોગિક વિભાગના એસ.જી વહોરા, નરોત્તમ સાધુ, ડૉ સુભાષ સોની સહીત અગ્રણીઓ –વિધાર્થીઓ પ્રાધ્યાપકો,શિક્ષકોખુબ મોટી સંખ્યામાં ઉપિથિત રહયા હતા.

## રાધનપુર કોલેજમાં વક્તૃત્વ સ્પર્ધા યોજાઈ




રાધનપુર

રાધનપુરમાં હિંમત વિદ્યાનગર સ્થિત આર્ટસ ૠ કોમર્સ કોલેજમાં ચાલતા ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સીટીના બી.એડ. ના કોર્ષ વર્કમાં વર્તમાન સમયમાં વિશ્વની અને ભારતની વિવિધ સમસ્યાઓ જેવી કે વિશ્વ માટે પાણીનો પડકાર,ઉચ્ચ શિક્ષણની દશા અને દિશા,જ્ઞાતિવાદનું રાજ-કારણ,આજની લોકશાહી તેમજ વર્તમાન સમયમાં શિક્ષણની ભૂમિકા વિષય ઉપર વક્તૃત્વ સ્પર્ધા અને ડિબેટ મેનેજીંગ ટ્રસ્ટી રાયચંદભાઈ ઠક્કરના અધ્યક્ષસ્થાને યોજાઈ હતી. આ પ્રસંગે કોલેજના પ્રિન્સિપાલ ડૉ.સી.એમ.ઠક્કરે મહેમાનોને આવકારી વર્તમાન સમયમાં રાષ્ટ્ર માટે પડકારરૂપ આ સમયમાં શિક્ષક પોતાનું યોગદાન કેવી રીતે આપી શકે તેના વિષે સવિસ્તાર જાણકારી આપી હતી. આ વક્તૃત્વ સ્પર્ધામાં કુલ ૧૫ શિક્ષકોએ તેમજ ડીબેટમાં મોટાભાગના શિક્ષકોએ ભાગ લીધો હતો.સમગ્ર કાર્યક્રમનું સંચાલન તાલીમાર્થી શિક્ષિકા વિનિતા મેવાડાએ કર્યું હતું,જયારે નિર્ણાયક તરીકે ડૉ.ઉષાબેન સેવક,પ્રા.કે.સી.ઠક્કર,એચ. એસ.પ્રજાપતિ તેમજ પ્રા.આસોડીયાએ ભૂમિકા ભજવી હતી.

## લોર્ડ ક્રિષ્ના સ્કૂલ ઓફ સાયન્સનું પાટણ શહેરની તમામ સાયન્સ સ્કૂલોમાં સર્વોચ્ચ પરિણામ

પાટણ

માર્ચ ૨૦૧૮ માં લેવાયેલ એચ.એસ.સી. સાયન્સની પરીક્ષામાં પાટણ શહેરની તમામ સ્કૂલોએ સારા પરિણામ પ્રાપ્ત કર્યા છે. તેમાં લોર્ડ ક્રિષ્ના સ્કૂલ ઓફ સાયન્સ ૮૪.૯૩ % પરિણામ સાથે સર્વોચ્ચ સ્થાન પ્રાપ્ત કરે છે. પાટણ જિલ્લાના એટુ ગ્રેડમાં આવેલા કુલ ૨૪ વિદ્યાર્થીઓમાં લોર્ડ ક્રિષ્ના સ્કૂલ ઓફ સાયન્સના કુલ ૧૨ વિદ્યાર્થીઓનો સમાવેશ થાય છે.

૧. લોર્ડ ક્રિષ્ના સ્કૂલ ઓફ સાયન્સ : ૮૪.૯૩ ટકા, ૨. આનંદ પ્રકાશ ઉ.મા.શાળા : ૮૦.૭૬, ૩. શેઠ બી.એમ. હાઈસ્કૂલ : ૭૯.૬૬, ૪. પાયોનિયર સ્કૂલ ઓફ સાયન્સ : ૭૮.૫૦, ૫. પાયોનિયર મા. અને ઉ.મા.શાળા : ૬૯.૯૭, ૬.એકલવ્ય સ્કૂલ ઓફ સાયન્સ : ૬૯.૪૪, ૭. આદર્શ વિદ્યાલય પાટણ : ૬૨.૦૫, ૮. પી.પી. જી. એકસપેરીમેન્ટલ હાઈસ્કૂલ : ૬૦.૨૨, ૯. બી.ડી.સાર્વજનિક વિદ્યાલય : ૫૪.૩૨, ૧૦. કે.વી.પટેલ મેમોરિયલ હાઈસ્કૂલ : ૫૦.૦૦ ૧૧. શેઠ એમ. એન.હાઈસ્કૂલ, પાટણ : ૪૨.૫૦ પાટણ શહેરની તમામ શાળાનાં સફળ વિદ્યાર્થીઓને બિરદાવવામાં આવ્યા છે.

## રાધનપુરમાં બહેનોને સીવણકલાસની કીટનું વિતરણ

રાધનપુર

રાધનપુરમાં મહાજનવાડા વિસ્તારમાં ગુજરાત માટીકામ કલાકારી રૂરલ ટેક્નોલોજી સંસ્થા,ગાંધીનગર દ્વારા ૩૦ બહેનોને રોજગારી મેળવી શકે તે માટે આઠ હજાર રૂપિયાની કિંમતની કીટનું વિતરણ કરવામાં આવ્યું હતું.આ પ્રસંગે પાલિકાના શહેરી વિકાસ ચેરમેન લાસુબેન મકવાણા, બાબુભાઈ શામળભાઈ મકવાણા, શબાનાબેન ઘાંચી, કોંગ્રેસના કાર્યકર્તા પ્રકાશભાઈ મકવાણા સહીત અગ્રણીઓ અને બહેનો ઉપસ્થિત રહી હતી.